શ્રીભાગવત સુધા

રસબિન્દુ

(શ્રીમદ્ ભાગવતના વિવિધ પાસાઓની
વિવેચનાનું સંકલન - માહાત્મ્ય સાથે)

▯

સંકલન : શ્રીરમેશભાઈ પંચાસરા

પ્રકાશક :

ષોડશગ્રંથ પ્રવચનમાલા સમિતિ, રાજકોટ

પ્રકાશન વર્ષ :

વિ. સં. ૨૦૬૬=ઈ.સ. ૨૦૧૦, મહા સુદ ૫, વસંત પંચમી

પ્રત : ૨૦૦૦

ઐચ્છિક ગ્રંથ પ્રકાશન સહાય :

રૂા. ૧૫/-(પોસ્ટેજ અલગ)

:: પ્રાપ્તિસ્થાન ::
પુષ્ટિ અસ્મિતા સંવર્ધન કેન્દ્ર
૨૧૪-અમરદીપ કોમ્પલેક્ષ,
૨-રજપૂતપરા, રાજકોટ.
મો. ૯૪૨૭૪૯૫૧૫૯/૨૨૨૦૦૫૫

:: મુદ્રક ::
પૂર્વી પ્રેસ, રાજકોટ

:: અનુક્રમણિકા ::

૧. પ્રાક્કથન ૦૧
૨. શ્રીમહાપ્રભુજીના સ્વરૂપમાં શ્રીમદ્ ભાગવતની ઓતપ્રોતતા ૧૦
૩. પુરાણની સંકલ્પના ૨૦
૪. પુરાણોની રચના ૨૧
૫. પુરાણના લક્ષણો ૨૨
૬. શ્રીભાગવત મહાપુરાણ કેમ ? ૨૩
૭. શ્રીભાગવતજીનું સ્વરૂપ ૨૫
૮. શ્રીભાગવતજી ઉપર ટીકાઓ ૨૬
૯. નૈમિષારણ્ય ૨૭
૧૦. શ્રીસૂત પુરાણી ૨૮
૧૧. ઋષિ શૌનક ૩૦
૧૨. શૌનકે સૂતજીને પૂછેલા સાત પ્રશ્નો ૩૦
૧૩. વેદના સારરૂપ છે શ્રીમદ્ ભાગવત ૩૩
૧૪. શ્રીભાગવતની મહતા : સોળની તત્વતઃ એકરૂપતા ૩૩
૧૫. શ્રીમદ્ ભાગવતનું મર્યાદામાર્ગીય માહાત્મ્ય ૩૪
૧૬. ભગવાને પોતાનું તેજ પધરાવેલું હોવાથી :
શ્રીકૃષ્ણનું નામાત્મક સ્વરૂપ છે ભાગવત ૩૪
૧૭. કથા શ્રવણમાં ચાર ઉપકારક છે. ૩૫
૧૮. પ્રભુ પ્રસન્નતા પ્રાપ્તિના ઉપાયો ૩૫
૧૯. લૌકિક ઈચ્છા અને ઈર્ષ્યા અકળાવે ૩૬
૨૦. શ્રીમદ્ ભાગવત દ્વારા પ્રભુમાં પ્રેમ થવા માટેની આવશ્યકતા ૩૭
૨૧. શ્રીમદ્ ભાગવત નિરુપિત દશવિધ લીલા તથા
ષોડશ ગ્રંથ સંગતિ ૩૮
૨૨. પ્રમાણ-ચતુષ્ટયી : શ્રીભાગવતની પ્રધાનતા ૩૮

૨૩. ચારે પ્રમાણોની એકવાકયતા ૩૯
૨૪. પ્રમાણ-ચતુષ્ટય-સંકલન ૪૨
૨૫. શ્રીભાગવતમાં પ્રતિપાદિત શ્રીકૃષ્ણ ૪૨
૨૬. શ્રીભાગવત યથાર્થ સંપૂર્ણ 'કૃષ્ણદર્શન' છે. ૪૩
૨૭. સર્વ-દર્શનનો સંક્ષિપ્તમાં દષ્ટિકોણ ૪૫
૨૮. મહાપ્રભુ શ્રીમદ્વલ્લભાચાર્યચરણનો શ્રીભાગવતના સંબંધમાં વિશિષ્ટ દષ્ટિકોણ ૪૭
૨૯. શ્રીમદ્ ભાગવતજીના મુખ્ય પાંચ ફલ ૪૯
૩૦. શ્રીમદ્ ભાગવતની સ્કંધ સંગતિ ૫૧
૩૧. શ્રીભાગવતજીમાં પ્રકરણ વિચાર અને તેમનો અર્થ ૫૩
૩૨. શ્રીભાગવતજીમાં અધ્યાય સંખ્યાનો વિચાર ૫૭
૩૩. શ્રીભાગવત માહાત્મ્ય પદ્મપુરાણમાં ૭૯
૩૪. માહાત્મ્યની કથા શા માટે ? ૮૮
૩૫. ગો.શ્રીશરદબાવાનો લેખ (શ્રીભાગવત મહાપુરાણ ભાગ-૧) ૯૩

* * *

સ્નેહીશ્રી/પૂજ્યશ્રી ....ને

શ્રી .... ના તરફથી

.... શુભ /અલૌકિક પ્રસંગે સમર્પિત

:: ષોડશગ્રન્થ અધ્યયન કેન્દ્ર સંપર્ક ::

રાજકોટ	પ્રવીણભાઈ	૯૪૨૭૪૯૫૧૫૯/(૦૨૮૧) ૨૨૨૦૦૫૫
જુનાગઢ	ભાવેશભાઈ-હીનાબેન	૯૪૨૮૨૪૨૦૧૪/૨૬૫૧૮૩૬
ગોંડલ	બકુલભાઈ	૯૯૯૮૪૭૫૨૨૦
મોરબી	હિતેશભાઈ	૯૮૨૫૮૬૭૨૩૫
હાલોલ	ભાનુબેન	(૦૨૬૭૬) ૨૨૧૭૪૩
વડોદરા	નરેન્દ્રભાઈ/મુકેશભાઈ	(૦૨૬૫) ૨૩૬૩૦૪૭/૯૨૨૭૧૩૫૭૪૦
આણંદ	ગિરીશભાઈ	(૦૨૯૨) ૨૫૪૦૪૬
અમદાવાદ	તેજસભાઈ/મિલનભાઈ	૯૪૨૬૩૮૪૪૯૮/૨૬૩૦૦૮૦૮
ભરૂચ	દેવેન્દ્રભાઈ	૯૪૨૮૧૭૬૩૦૨
સુરત	સુનીલભાઈ/પારૂલબેન	૯૮૨૫૧૪૭૦૬૩/૯૯૯૮૨૨૦૨૧૦
મુમ્બઈ	રસિકભાઈ/ધર્મેન્દ્રસિંહ	૯૮૨૦૨૯૫૯૩૨ / ૨૮૦૬૮૬૨૫
જયપુર	કિશોરભાઈ	૦૯૩૧૪૫૦૨૯૧૧

ષોડશગ્રંથ પ્રવચનમાલા સમિતિ વ્દારા પ્રકાશિત પુસ્તકો

(૧)	શ્રીયમુનાષ્ટકમ્	૧૫/-
(૨)	વિવેકધૈર્યાશ્રય	૩/-
(૩)	શ્રીકૃષ્ણાશ્રય	૩/-
(૪)	નવરત્નમ્ અને અંતઃકરણપ્રબોધ	૫/-
(૫)	સિદ્ધાંતરહસ્યમ્ અને નિરોધલક્ષણમ્	૧૦/-
(૬)	વિવેક	નિઃશુલ્ક
(૭)	ધર્માધર્માગ્રદર્શનમ	૮/-
(૮)	સિદ્ધાન્તરહસ્ય	નિઃશુલ્ક
(૯)	જિન શ્રીવલ્લભરૂપ ન જાન્યો	૭૦/-
(૧૦)	પુષ્ટિ વાક્સુધા	૧૦/-
(૧૧)	સિદ્ધાંત મુક્તાવલી	૧૦/-
(૧૨)	ચિરકુટ ચર્ચા (ગુજરાતી અનુવાદ)	નિઃશુલ્ક

:: પ્રાપ્તિસ્થાન ::

પુષ્ટિ અસ્મિતા સંવર્ધન કેન્દ્ર

૨૧૪-અમરદીપ કોમ્પલેક્ષ, ૨-રજપૂતપરા, રાજકોટ.મો. ૯૪૨૭૪૯૫૧૫૯/૨૨૨૦૦૫૫

:: પ્રાક્કથન ::

શ્રીમહાપ્રભુજી સર્વનિ. નિ.માં આજ્ઞા કરે છે ''લોકે વેદે ચ પ્રેમ્ણા સેવાયાં ક્રિયમાણાયાં સેવ્યો વશ્યો ભવતિ'' અર્થાત્ લોકમાં તથા વેદમાં પ્રેમ વડે સેવા કરવાથી સેવ્ય સ્વામી ચોક્કસ પ્રસન્ન થાય છે.

આમ પ્રભુને પ્રસન્ન કરવાનું જો કોઈ સાધન હોય તો તે એક માત્ર 'પ્રેમ' જ છે. અને સર્વનિ.નિ. ના ઉપસંહારમાં આપ આજ્ઞા કરે છે :

પ્રેમ્ણોન્યત્ સાધનં લોકે નાસ્તિ મુખ્યં પરં મહત્ ।।
શ્રીભાગવતમેવાત્ર પરં તસ્ય હિ સાધનમ્ ।। ૩૨૬ ।।

આ કારિકાની 'પ્રકાશ' નામની ટીકામાં આપશ્રી આજ્ઞા કરે છે : ''રુચ્યાદિનાજાતં પ્રેમ દોષદર્શનાત્ નિર્વતર્તે. દોષશ્ચ શાસ્ત્રાભાવે લોકદૃષ્ટ્યા ભવતિ. અતઃ શ્રીભાગવતમેવ સર્વશાસ્ત્રાર્થનિર્ધારકં સર્વમાહાત્મ્યજ્ઞાપકં પ્રેમોત્પાદકં ભવતિ.''

અર્થાત્ લોકમાં પ્રેમથી મોટું મુખ્ય બીજું કાંઈ સાધન નથી. મનની રૂચિ વડે થયેલો પ્રેમ દોષ જોવાથી નિવૃત્ત થઈ જાય છે. ભગવાનના વિષયમાં શાસ્ત્ર સાંભળ્યા અને ભણ્યા વિના લોકદષ્ટિથી દોષોની સંભાવના રહે છે. તેથી તેવી દોષ દષ્ટિ દૂર કરવા માટે શાસ્ત્રનું શ્રવણ-પઠન કરવું. તેમાં સર્વશાસ્ત્રોનો નિશ્ચય કરનાર, ભગવાનનું સંપૂર્ણ માહાત્મ્ય જણાવનાર, પ્રેમને પ્રકટ કરનાર શ્રીમદ્ ભાગવત શાસ્ત્ર છે.

શ્રીમહાપ્રભુજી પુષ્ટિભક્તિમાર્ગના પ્રકટકર્તા છે અને આપ ભક્તિની વ્યાખ્યા ''નારદપંચરાત્ર'' માં કહેવાયેલી ''માહાત્મ્યજ્ઞાન પૂર્વસ્તુ સુદૃઢ સર્વતોધિક સ્નેહ'' ને સ્વિકૃત કરેલી છે. એટલે ભક્તિના આ બંને પાસાઓ માહાત્મ્યજ્ઞાન અને સ્નેહ એ શ્રીમદ્ભાગવત દ્વારા જ પૂર્ણ રૂપથી પ્રાપ્ત થઈ શકે છે. કારણ કે શ્રીમદ્ ભાગવત સાક્ષાત્ ભગવાનનું નામાત્મક સ્વરૂપ છે અને ભગવાને શ્રીમદ્ ભાગવતમાં આપનું સંપૂર્ણ તેજ પધરાવેલું છે. જેના કારણે આ કરાલ કલિકાલમાં જીવના ઉદ્ધાર માટે જો કોઈ સાચું અવલંબન હોય તો તે છે શ્રીમદ્ ભાગવત જે સંદર્ભમાં જ શ્રીમહાપ્રભુજી નિબંધમાં સર્વનિર્ણય પ્રકરણમાં

આજ્ઞા કરે છે.

અથાપિ ધર્મમાર્ગેણ સ્થિત્વા કૃષ્ણં ભજેત્ સદા ।।
શ્રીભાગવત માર્ગેણ કથંચિત્ તરિષ્યતિ ।। ૨૧૫ ।।

અર્થાત્ (દેશ-કાલ-દ્રવ્ય-મન્ત્ર-કર્તા-કર્મથી ધર્મ સિદ્ધ થાય છે, તે તો આ કલિયુગમાં આ છએ ધર્મના અંગો શુદ્ધ મળતા નથી.) તો પણ જેવો બને તેવો ધર્મ કરતાં કરતાં જો શ્રીભાગવતના અનુસાર કૃષ્ણનું હંમેશા ભજન કરે છે તેઓ કોઈપણ રીતે તરી જશે.

તેથી જ જીવને ઉદ્ધારનો માર્ગ બતાવનાર પારંપર્ય અવલંબન રૂપે ગુરુના સંદર્ભમાં પણ ગુરૂના લક્ષણો કેવા હોવા જોઈએ એટલે કે કેવા લક્ષણવાળા હોય તેને ગુરૂ બનાવવા જોઈએ તેના સંદર્ભમાં નિબંધના સર્વનિર્ણય પ્રકરણમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે :-

કૃષ્ણસેવા પરં વીક્ષ્ય દમ્ભાદિરહિતં નરમ્ ।।
શ્રીભાગવતતત્ત્વજ્ઞં ભજેત્ જિજ્ઞાસુરાદરાત્ ।।૨૨૭।।

અર્થાત્ જે કૃષ્ણની સેવામાં જાતે તત્પર હોય (પગારદાર નોકરો, મુખીયા, ભીતરીયા, સેવકો પાસેથી ન કરાવતા હોય) લોકેષણા (સેવા દ્વારાપૈસા, પ્રતિષ્ઠા, એશો આરામ મેળવવા) શિષ્યેષણા (પોતાના ક્ષુદ્ર સ્વાર્થ માટે ચેલાઓ મુંડીને પછી તેને ઉદ્ધારનો માર્ગ ન બતાવીને તેના ભાગ્ય ઉપર છોડી દેવા) વગેરે દુર્ગુણોને વશ દંભ વગેરેથી રહિત હોય, શ્રીભાગવતના અનુસાર તત્ત્વ શ્રીકૃષ્ણ તથા કૃષ્ણભક્તિને સારી રીતે જાણતા હોય એવા પુરુષને જિજ્ઞાસુ શિષ્ય ગુરુ તરીકે આદર આપે. (પસંદ કરે)

આ કારિકામાં પણ શ્રીમદ્ ભાગવતના તત્ત્વના જાણકાર હોવાનું શ્રીમહાપ્રભુજી અનિવાર્ય બતાવી રહ્યા છે.

કલિકાલમાં શ્રીમદ્ ભાગવત જ જીવના ઉદ્ધાર માટે એક માત્ર અવલંબન (આધાર,આશ્રય) છે અને સાક્ષાત્ ભગવાનનું જ નામાત્મક સ્વરૂપ હોવાના કારણથી શ્રીમહાપ્રભુજીને ભાગવત પ્રત્યે ભગવાન જેટલો જ આદર હોવાથી જ આપ શ્રીમદ્ ભાગવત માટે આજ્ઞા કરે છે :

સાધનં પરમેતદ્ધિ શ્રીભાગવતમાદરાત્ ।।
પઠનીયં પ્રયત્નેન નિર્હેતુકમ્ અદમ્ભતઃ ।। ૨૪૩ ।। (સર્વ નિર્ણય)

અર્થાત્ ભક્તિભાવને વધારવા માટે ભગવદ્ ગુણોનું ગાન તથા ભગવાનના નામના ઉચ્ચારથી પણ ઉત્તમ સાધન, નિર્હેતુક (લોકોપકારના હેતુથી, પિતૃઓના મોક્ષના હેતુથી, પૈસા કમાવાના હેતુથી, ભંડોળ ભેગુ કરવાના હેતુથી વિગેરે કોઈપણ હેતુ વિના) અદમ્ભ (પેટભરણી કથામાં અશ્રુપાત વગેરે ભાવુકતાના પ્રદર્શનના દમ્ભથી નહીં) આદરભાવથી નિત્યનિયમથી પ્રયત્નપૂર્વક (મર્યાદા માર્ગીય પ્રણાલીવાળી ધુંધુકારીની મુક્તિવાળી સપ્તાહ-કથા સાંભળવાના નિયમથી નહીં) શ્રીભાગવતનો પાઠ કરવો.

જો કે અત્યારના કહેવાતા પુષ્ટિમાર્ગીય કથાકારો, કિર્તનીયાઓ, ઢાઢીલીલાવાળાઓ જેઓ સાક્ષાત્ કે પરોક્ષ એટલે કે આડકતરી રીતે પણ પૈસા કમાવા, પ્રતિષ્ઠા કમાવા વિગેરે હેતુઓથી કથા-ગુણગાન કરી રહ્યા છે તેઓના મોઢાની કથા-ગુણગાન સાંભળનારાઓ શું પ્રાપ્ત કરે છે તેનો સ્પષ્ટ ખુલાસો શ્રીમહાપ્રભુજીએ આપના ષોડશગ્રંથ અંતર્ગત'જલભેદ'ગ્રંથમાં ઉપદેશેલો જ છે-

કુલ્યાઃ પૌરાણિકાઃ પ્રોકતાઃ પારમ્પર્યયુતા ભુવિ ।। ૩ ।।
ક્ષેત્ર-પ્રવિષ્ટાસ્ તે ચાઽપિ સંસારોત્પત્તિ હેતવઃ ।।

અર્થાત્ કૃત્રિમ નદી 'કુલ્યા' (નહેર) નામથી ઓળખાય છે. તેની જેમ પૌરાણિક (કથા કરનારાઓ) છે તે પારમ્પર્યયુકત છે. શરીર અને સ્ત્રીનો વાચક 'ક્ષેત્ર' શબ્દ છે. તેથી તેવા પૌરાણિકો (કથા કરનારા) કે જેઓ પોતાના દેહ નિર્વાહ અથવા સ્ત્રી-કુટુમ્બ વગેરેના ભરણપોષણ માટે (પેસા કમાવા માટે) પુરાણો વાંચવાનું કામ કરે તો તેઓની કથા સાંભળનારાઓમાં તેઓ ભગવદ્ભાવ ને કે મુક્તિને બદલે સંસાર-બન્ધન પેદા કરવાના હેતુ બને છે.

જે પણ લોકો શ્રીમદ્ ભાગવતની કથા પૈસા લઈને કહેનારા છે તેવા લોકોનો પણ સમાવેશ ''ક્ષેત્રપ્રવિષ્ટાઃ'' માં જ થશે. તેમાં પણ જે લોકો પરમ્પરાથી પુરાણ વકતા નથી. અને માત્ર પૈસા કમાવાનો આ સારો ધંધો છે.

એમ વિચારીને પોતાની દુકાન ખોલીને જ પોતાનો સ્વાર્થ પૂરવાના જ માત્ર ક્ષુદ્ર હેતુથી ભાગવતની કથા કહેનારા છે તેવા લોકોની કથાના સંદર્ભમાં શ્રીમહાપ્રભુજી સ્પષ્ટ શબ્દોમાં લખે છે કે જેમનાં હૃદયમાં સાંસારિકી વાસનાઓ ભરી હોય અને સાંસારિક - લૌકિક સ્વાર્થી હેતુઓને લઈને ભલે તે ભક્તિની વાતો કરે પણ તેવાઓના હૃદયમાં અને વાણીમાં ભગવાન આવતા જ નથી અને જ્યાં ભગવાન ન હોય ત્યાં ભક્તિની વાતો કરવી એ સર્વથા નકામી છે - નિરર્થક છે, તેવી વાતો કોઈ પણ કાળે શ્રોતાના હૃદયમાં ભક્તિના ભાવો જન્માવી શકે તેમ નથી. બલ્કે સંસાર બન્ધન જ પેદા કરે છે. અતઃ લાખો રૂપિયા ખર્ચીને પણ મોટા આયોજનો યોજાયા હોય અને તેમાં ૨૫ હજાર કે લાખ રૂપિયા ચાર્જના લઈ જે કથા કરતો હોય તેની મધુરવાણી કે દંભપૂર્વક ભક્તિની વાતો યા પછી પૈસા લઈ ભગવાનની કોઈ કથામાં રૂદન કરે તો પણ તે કોઈપણ પ્રકારે શ્રોતાનું કોઈ પ્રકારનું કલ્યાણ સાધવા સમર્થ થઈ શકે જ નહીં. ખરેખર તો જે લોકો ભગવત્કથા કહેવાના પૈસા લે તેવા ભગવન્નામ વિક્રય કરનારા-નિકૃષ્ટ વ્યાપારીઓથી ભાગવત્ કથા સાંભળવી જ જોઈએ નહીં. એક વાત નક્કી છે કે બ્રાહ્મણોને દક્ષિણા લેવાનો કે શિષ્યો પાસેથી આવેલા દ્રવ્યનો સ્વીકાર કરવાનો શાસ્ત્રવ્યવહાર દરેક રીતે અધિકાર છે તેમાં ના નથી, પરન્તુ તેથી કરીને જ્ઞાન કે ભક્તિ એ વ્યવસાયનો કે આજીવિકાનો વિષય પણ નથી એ પણ નક્કી જ છે કારણ કે જ્ઞાન કે ભક્તિ એ આત્મકલ્યાણના ઉપાય છે. લોક-વ્યવહાર ચલાવવા માટેના કોઈ ઉપાય કે સાધન નથી. તેથી જો કોઈ ભક્તિ (ભગવદ્સેવા, મનોરથો વિ.) કે ભગવન્નામ (કિર્તન, ઢાઢીલીલા વિ.) કે ભગવત્કથા (ભાગવત સપ્તાહ, અષ્ટસખાઓની વાર્તા સપ્તાહ, શ્રીયમુનાજીના ૪૧ પદની સપ્તાહ, ૮૪-૨૫૨ વાર્તા સપ્તાહ, શિક્ષાપત્ર કથા વિ.) નો વેપાર કરે છે તો તે નિકૃષ્ટ (નીચ, અધમ) જ કહેવાશે અને તે પણ ''ક્ષેત્રપ્રવિષ્ટાઃ'' માં જ ગણાશે.

અને આવા કથાકારો કે કીર્તનકારો ભગવાનના ગુણોનું ગાન કરીને પૈસા કમાનારાઓના ભાવને પણ શ્રીમહાપ્રભુજી આ જ ગ્રંથમાં વર્ણવે છે,

''જલાર્થમેવ ગર્તાસ્તુ નિચાઃ ગાનોપજીવિનઃ'' એટલે કે ભગવદ્ ગુણગાનને ઉપજીવન (પૈસા કમાવાનું સાધન) બનાવનારા નીચ પુરૂષોનો ભાવ એઠવાડનું પાણી જે ખાડામાં એકઠું થતું હોય તેવા પાણી જેવો છે. એટલે આવા નીચ પુરૂષોને મોઢેથી ભગવદ્ ગુણગાન સાંભળવું એ તો એઠવાડના ખાડાનું પાણી પીવા બરાબર જ છે.

આવી રીતે પુષ્ટિમાર્ગીય માટે શ્રીભાગવતકથા કરીને આજીવિકા (પૈસા કમાવા) કરવાની પુષ્ટિમાર્ગીય માટે કેટલી હદ સુધી મનાઈ કરી છે તે સર્વનિર્ણયની કારિકાથી જોઈએ :

વૃત્યર્થં નૈવ યુંજીત પ્રાણૈઃ કંઠગતૈરપિ ।।
તદભાવે યથૈવ સ્યાત્ તથા નિર્વાહમાચરેત્ ।।
ત્રયાણાં યેન કેનાપિ ભજન્ કૃષ્ણમ્ અવાપ્નુયાત્ ।। ૨૫૪ ।।

અર્થાત્ આજીવિકાના હેતુથી (પૈસા કમાવા માટે) તો પ્રાણ ગળા સુધી આવી જાય (ભુખે મરી જવુ પડે) તો પણ ભાગવતની કથા દ્વારા પોતાનો નિર્વાહ ન ચલાવવો. (ભાગવત વાંચીને પૈસા ન લેવા)

ભાગવતકથાની આજીવિકા સિવાય બીજી કોઈ આજીવિકા ન ફાવતી હોય તો ગમે તે રીતથી નિર્વાહ ચાલે તેવી રીતથી ચલાવવો પરંતુ આજીવિકા માટે તો ભાગવતકથા કયારેય પણ ન કરવી. (૧) ગૃહસેવા (૨) તીર્થાટન અને (૩) શ્રીભાગવત પાઠ આ ત્રણેય ઉપાયોમાંથી એક પણ ઉપાય પૂર્ણ રીતે કરવાથી ભકતને કૃષ્ણપ્રાપ્તિ થાય છે.

કયાં આ શ્રીમહાપ્રભુજીનો ઉપદેશ અને કયાં વર્તમાન પરિસ્થિતિ કે જેમાં પૈસા લઈને કથા કહેનારાઓને સંપ્રદાયમાં ઉંચો દરજજો આપવામાં આવે છે. અને આ ઉપદેશથી વિપરીત આવા કથાકારો સંપ્રદાય અંતર્ગત કથા કરી શકે એટલા જ ક્ષુદ્ર હેતુ માત્રથી બ્રહ્મસંબંધ આપીને દીક્ષિત કરવામાં આવે છે.

આટલું પણ ઓછું પડતું હોય તેમ આવા કાર્યક્રમોમાં હોંસે હોંસે ઉપસ્થિત પણ રહેવું અને તેમાં પણ પાછું આવા સિદ્ધાન્ત-વિરુદ્ધ કાર્યક્રમો-આયોજનોના બે મોઢે વખાણ કરીને ભોળા-શ્રદ્ધાળુ (શ્રીમહાપ્રભુજીના

સિદ્ધાન્તો-ઉપદેશોથી અજાણ) અને નપુંસક (શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્તો-ઉપદેશોના, ગ્રથોના જાણકાર અભ્યાસુ હોવા છતાં પણ આમાં ભાગ લેનારા) પુષ્ટિમાર્ગીયોના તાળીઓના ગડગડાટ વચ્ચે પાછી એવી પણ ઘોષણા કરતા હોય છે કે કોણ કહે છે કે આમ ન થાય ? આવે અમારી સામે ! પરંતુ સામે આવનારા શ્રીમહાપ્રભુજીના વચનો જ્યારે સામે આવી જવાના પ્રસંગ ઉપસ્થિત થતા હોય છે ત્યારે 'ઘટસરસ્વતી' જેવી (આઈ.સી.યુ. માં ભરતી થવા જેવી) હાલત થઈ જતી હોય છે અને શ્રોતાઓ પણ એની આવી હાલતનો અનુભવ પણ કરતા જ હોય છે. આવા આયોજનો દ્વારા જાણે કે આધુનિક ધર્મધુરંધરો શ્રીકૃષ્ણાશ્રયસ્તોત્રમાં શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિજીવોને બચાવવા માટે નિર્દેશ કરેલી ગંદકી ભરેલી પરિસ્થિતિ 'અહંકાર વિમૂઢેષુ સત્સુ[૧] પાપાનુવર્તિષુ[૨] લાભપૂજાર્થયત્નેષુ[૩]'' આ ત્રણ પાદને ઉજાગર કરવા તેના ચરિત્રો પુરા પાડવા પ્રવૃત્ત થયા હોય અને ''કૃષ્ણ એવ ગતિર્મમ'' એવા વિશુદ્ધ-પવિત્ર અને પુષ્ટિમાર્ગીય જીવોના શ્વાસરૂપી એકપાદનું ભક્ષણ કરી જવા માગતા હોય આવા પૌંડ્રકી હેતુ સિવાય બીજો કોઈ હેતુ જણાતો નથી. પૌંડ્રકનો પણ અંતે ભગવાને જ નાશ કર્યો હતો. ખેર ! સંપ્રદાયમાં શ્રીમહાપ્રભુજીના નામે ચાલી રહેલી આવી વિવિધ પ્રકારની પૌંડ્રકી લીલાઓને સંપ્રદાયમાંથી પ્રભુ શીઘ્ર દૂર કરે એના માટે પણ ''કૃષ્ણ એવ ગતિર્મમ ।''

પરંતુ પુષ્ટિમાર્ગીય અનુયાયીઓને માટે આવી કથા-ગુણગાન સાંભળવાનું વિધાન શ્રીમહાપ્રભુજીએ કયાંય પણ કોઈપણ ગ્રંથમાં ઉપદેશેલ નથી. પરંતુ નિષેધ કરેલ છે. શ્રીમહાપ્રભુજી શ્રીભાગવતનો પાઠ તો દરેક વૈષ્ણવે નિત્યનિયમપૂર્વક પોતાના ઘરમાં જાતેજ કરવો જોઈએ એવી સ્પષ્ટ આજ્ઞા સર્વનિર્ણય પ્રકરણમાં કરે છે.

સર્વથા વૃત્તિહીનશ્ચેદ્ એકં યામં હરૌ નયેત્ ।।
પઠેચ્ચ નિયમં કૃત્વા શ્રીભાગવતમાદરાત્ ।। ૨૩૨ ।।

અર્થાત્ આજીવિકામાં વ્યસ્ત હોવાના કારણે સમય પૂરે-પૂરો ન મળતો હોય તો પણ એક પ્રહર (ત્રણ કલાક) જેટલો સમય તો ભગવદ્ અર્થે (ભગવદ્

સેવામાં) વિનિયોગ કરવો જ, તેમજ આદરપૂર્વક શ્રીભાગવતનો પણ પાઠ નિત્યનિયમથી કરવો.

આટલા શ્રીમહાપ્રભુજીના શ્રીભાગવત સંબંધી વચનો-ઉપદેશોના વિવેચનથી એટલું તો દરેક પુષ્ટિમાર્ગીયના હૃદયમાં સ્પષ્ટ થઈ જ જવું જોઈએ કે શ્રીમહાપ્રભુજીનો શ્રીમદ્ ભાગવત પ્રત્યે આદર-પ્રેમ-સ્નેહ અને ઓતપ્રોતતા કેટલી છે. છતાં પણ જો કોઈ પુષ્ટિમાર્ગીય આની અવહેલના કરીને શ્રીમહાપ્રભુજીના વચનોથી વિરૂદ્ધ પ્રવૃત્તિઓમાં સમ્મિલીત થાય તો તેના માટે શ્રીગુસાંઈજી આપનો કેવો રોષ ઠાલવે છે તે પણ જોઈએ :

તસ્માચ્ છ્રીવલ્લભાખ્ય ત્વદુદિતવચનાદ્ અન્યથા રૂપયન્તિ ।
ભ્રાન્તા યે તે નિસર્ગત્રિદશરિપુતયા કેવલાન્ધન્તમોગાઃ ।। ૩ ।।(શ્રીવલ્લભાષ્ટકમ્)

અર્થાત્ તેથી હે શ્રીવલ્લભ ! જે લોકો આપના કહેલા વચનોથી વિપરિત વેદોનો અર્થ કહે છે (આચરણની વાતતો પછીની છે) તેઓ સ્વભાવથી જ અસુરપ્રકૃતિ હોવાથી ભ્રાન્ત હોવાથી કેવળ અન્ધન્તમ (ઊંચામાં ઊંચી કક્ષાનું ઉત્તમોત્તમ નરક) ને પ્રાપ્ત થાય છે.

શ્રીમહાપ્રભુજીના ભૂતલ ઉપર પ્રાકટ્યનું એક પ્રયોજન શ્રીમદ્ભાગવતના ગૂઢ અર્થો પ્રકટ કરવાનું પણ હતું જે આપશ્રીએ શ્રીસુબોધિનીજીના પ્રારંભમાં મંગલાચરણની કારિકામાં પ્રકટ કર્યું છે :

અર્થં તસ્ય વિવેચિતું ન હિ વિભુઃ વૈશ્વાનરાત્ વાકપતેઃ
અન્યઃ તત્ર વિધાય માનુષતનું માં વ્યાસવત્ શ્રીપતિઃ ।।
દત્ત્વાજ્ઞાં ચ કૃપાવલોકનપટુઃ યસ્માદતોઽહંમુદા ।
ગૂઢાર્થ પ્રકટિકરોમિ બહુધા વ્યાસસ્ય વિષ્ણોઃ પ્રિયમ્ ।। ૫ ।।

અર્થાત્ શ્રીવ્યાસમુનિ રચિત આ ભાગવતપુરાણ એટલું ગૂઢ છે કે તેનો અર્થ કરવાનું, તેનું વિવેચન કરવાનું સામર્થ્ય વાણીના પતિ વૈશ્વાનર ભગવાન સિવાય બીજા કોઈનામાં નથી. આમ વિચાર કરીને લક્ષ્મીપતિ ભગવાને મારા પર કૃપાપૂર્ણ દ્રષ્ટિથી વ્યાસમુનિની જેમ માનવ દેહ ધારણ કરીને પૃથ્વી પર અવતરવાની મને આજ્ઞા આપી છે. તેથી મને જન્મ લેવાની આજ્ઞા કરનાર

વિષ્ણુ ભગવાનને અને ભાગવતના જન્મદાતા વ્યાસમુનિને સંતોષ થાય, પ્રિય લાગે તેવી રીતે આ પુરાણનો ગૂઢાર્થ અનેક રીતે પ્રકટ કરવાનો હું પ્રયત્ન કરું છું.

શ્રીમહાપ્રભુજીએ શ્રીભાગવતના સાત પ્રકારે એકબીજાથી વિરૂદ્ધ ન હોય તેવી રીતે એકવાકયતાપૂર્વક અર્થ કર્યા છે. (૧) શાસ્ત્રાર્થ (૨) સ્કન્ધાર્થ (૩) પ્રકરણાર્થ (૪) અધ્યાયાર્થ (૫) વાકયાર્થ (૬) પદાર્થ (૭) અક્ષરાર્થ. આમ પ્રથમ ચાર પ્રકારના અર્થ શ્રીમહાપ્રભુજીએ શ્રીભાગવતાર્થપ્રકરણમાં પ્રકટ કર્યા છે અને ત્યારપછીના ત્રણ અર્થ શ્રીસુબોધિનીજીમાં પ્રકટ કર્યા છે.

શ્રીમહાપ્રભુજીના ગૂઢ સ્વરૂપનો પરિચય કરાવવા માટે શ્રીગુસાંઈજીએ, આપશ્રીના એકસોહ આઠ નામો શ્રીસર્વોત્તમસ્તોત્રમાં પ્રકટ કર્યા છે જેમાં ભાગવત સંબંધી પણ નામો છે જેમાં, શ્રીભાગવતગૂઢાર્થપ્રકાશનપરાયણઃ, શ્રીભાગવતપીયુષસમુદ્રમથનક્ષમઃ, રાસલીલૈકતાત્પર્યઃ, કૃપયૈતત્કથાપ્રદઃ, તત્સારભૂતરાસસ્ત્રીભાવપૂરિતવિગ્રહઃ, કૃષ્ણનામસહસ્ત્રસ્ય વકતા વિગેરે. અને સપ્તશ્લોકી-સ્ફુરતકૃષ્ણપ્રેમામૃત સ્તોત્રમાં પણ શ્રીગુસાંઈજી શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ **''શ્રીભાગવત-પ્રતિપદ-મણિવર-ભાવાંશુ-ભૂષિતા મૂર્તિઃ ।।'' 'શ્રીવલ્લભા'ભિધાનસ્તનોતુ નિજદાસસ્ય સૌભાગ્યમ્ ।। ૨ ।।** (સપ્તશ્લોકી) અર્થાત્ શ્રીભાગવતના એક એક પદ રૂપ ઉત્તમ રત્નોના ભાવરૂપ કિરણોથી વિભૂષિત 'શ્રીવલ્લભ' નામવાળી મૂર્તિ (સ્વરૂપ) અમારા માટે નિજદાસ્ય સૌભાગ્યને વધારે આ રીતે પ્રકટ કરે છે. આવા શ્રીમહાપ્રભુજી કે જેમના વિષે શ્રીગુસાંઈજી એ જ ગ્રંથમાં આજ્ઞા કરે છે. **''શ્રીમદ્ વલ્લભ-નામધેય-સદ્રશો ભાવી ન ભૂતોસ્ત્યડપિ।।૫।।''** અર્થાત્ શ્રીવલ્લભ નામવાળાના જેવો કોઈ થયો નથી, છે નહીં અને થશે પણ નહીં. આવા શ્રીમહાપ્રભુજી જેવા ગુરૂ પુષ્ટિમાર્ગીયને પ્રાપ્ત થયા પછી પણ જો શ્રીમહાપ્રભુજીના ઉપદેશોનું શ્રવણ-મનન-કીર્તન કરીને યથા સામર્થ્ય જીવનમાં ઉતારવાનો પ્રયાસ કરવાને બદલે એ ઉપદેશો-ગ્રંથો પ્રત્યે ઉદાશીનતાનો અભિગમ રાખે અને સર્વથા તેનાથી વિપરિત જ આચરણ કરે ત્યારે તો શ્રીમહાપ્રભુજીનો અંતિમ ઉપદેશ ના જ અધિકારી રહી જાય છે - **''યદા બહિર્મુખાઃ યૂયં ભવિષ્યથ કથંચન ।। તદા**

કાલપ્રવાસ્થાદેહચિત્તાદયોપ્યુત ।। ૧ ।। સર્વથા ભક્ષયિષ્યન્તિ યુસ્માન ઈતિ મતિર્ મમ ।।’’ અર્થાત્ જ્યારે કોઈપણ પ્રકારથી તમે બહિર્મુખ (પ્રભુથી વિમુખ) થશો ત્યારે કાળના પ્રવાહમાં રહેલાં તમારાં જ દેહ અને ચિત્ત વગેરે તમને સંપૂર્ણ રીતે ખાઈ જશે. આવી મારી (શ્રીમહાપ્રભુજીની) સમજ છે.

અસ્તુ.

બુદ્ધિપ્રેરક કૃષ્ણસ્ય પાદપદ્મ પ્રસિદતુ ।

પુષ્ટિ અસ્મિતા અભિયાન, રાજકોટ વતી, રમેશ પંચાસરા.

……

જોં લોં હરિ આપુનપોં ન જનાવે ।।
તોં લોં વેદપુરાન સ્મૃતિ સબ, પઢે સુને નહિં આવે ।। ૧ ।।
સુનિ વિરંચી નારાયણ મુખસોં, નારદસોં કહિ દીનો ।।
નારદ કહિ વેદવ્યાસસોં, આપ સોધ નહિં કિનો ।। ૨ ।।
વેદવ્યાસ ઔષધકી નાંઈ, પઢિ તન તાપ નસાયો ।।
તિનતેં પઢેં મુનિ શુકદેવા, પરીક્ષિતકોજુ સુનાયો ।। ૩ ।।
જદપિ નૃપતિ સુનિ વ્રજકી લીલા, દશમ કહી શુકદેવા ।।
તોઉ સર્વાત્મભાવ ન ઉપજ્યો, તાતે કરી ન સેવા ।। ૪ ।।
શ્રીભાગવત અમૃત દધિ મથકે, શ્રીવલ્લભ સર્વોત્તમ ।।
કરિ આવરન દૂરિ નિજજનકે, હાથ દિયે પુરુષોત્તમ ।। ૫ ।।
સેવા અરુ શ્રૃંગાર વિવિધરસ, શ્રીવલ્લભ પ્રગટાયો ।।
કરિ કૃપા નિજ દૈવી જીવનપર, ‘‘હરિજીવન’’ સ્વાદ ચખાયો ।। ૬ ।।

શ્રીમહાપ્રભુજીના સ્વરૂપમાં શ્રીમદ્ભાગવતની ઓતપ્રોતતા

શ્રીભાગવત ગૂઢાર્થ પ્રકાશન પરાયણઃ (૭)

શ્રીભાગવતના છુપાયેલા (ગૂઢ) અર્થનું પ્રકાશન કરવામાં આપ હંમેશા પ્રયત્નશીલ છે. ''શ્રીભાગવત'' પદથી એ સ્પષ્ટ થાય છે કે શ્રીમદ્ ભાગવત એ ભગવદ્ વાણી છે.

અહિં એ શંકા થાય છે કે શ્રીભાગવતની તો બીજા ઘણા વિદ્વાનોએ પણ વ્યાખ્યા કરેલ છે. જો શ્રીભાગવતમાં પુષ્ટિમાર્ગ પ્રકટ રીતે રહેલો હોત તો બીજા બધા વ્યાખ્યાકારો પણ જાણી શકયા હોત. માટે અહીં 'ગૂઢાર્થ' પદ આપ્યું છે. અર્થ એ છે કે, જો કે ઘણાએ શ્રીમદ્ ભાગવતનું વ્યાખ્યાન કર્યું છે, છતાં પણ શ્રીમદ્ ભાગવત સમ્બન્ધી જે ''ગૂઢ'' એટલે કે બધા લોકો જેને જાણી ન શકે, જે અર્થ મુક્તિથી પણ અધિક પ્રેમલક્ષણા ભક્તિ રસરૂપ ફલમાર્ગીય શુદ્ધ પુષ્ટિમાર્ગીય ફલરૂપ છે, એને પ્રકટ કરવા માટે ''પરાયણ'' એટલે કે અહર્નિશ એક વિચારનિષ્ઠ છે. આથી એ સિદ્ધ થાય છે કે શ્રીભાગવતના આવા નિરન્તર ગૂઢાર્થનો વિચાર જેવો શ્રીઆચાર્યચરણોએ કર્યો છે, તેવો કોઈએ પણ નથી કર્યો. તેથી સાક્ષાત્ ફલમાર્ગીય પુષ્ટિમાર્ગને પ્રકટ કરવાનું સામર્થ્ય શ્રીમદાચાર્યચરણોનું જ છે; બીજાનું નથી. આ વાત ને બતાવવા માટે અહીં ''શ્રીભાગવત ગૂઢાર્થ પ્રકાશન પરાયણઃ'' આ નામને પ્રકટ કર્યું છે.

આગળ શંકા કરે છે કે શ્રીભાગવતમાં તો રાજા પરીક્ષિતની મુક્તિના ચરિત્ર દ્વારા મુક્તિ વગેરેને પણ ફળ કહ્યું છે, તો પછી આપના દ્વારા વિચારિત ભક્તિરસ દ્વારા કૃષ્ણસમ્બન્ધને જ મુખ્ય ફળ કેવી રીતે કહી શકાય ? આનું સમાધાન આ રીતે છે - શ્રીભાગવતમાં શુદ્ધ પુષ્ટિમાર્ગીય ફળને જ પરમ ફળ બતાવવામાં આવ્યું છે. એટલા માટે ભક્તિરસ જ મુખ્ય ફળ છે, મોક્ષ નહીં. આ જ વાતને શ્રીશુકદેવજીએ શ્રીભાગવતના શરૂઆતમાં ફળ નિરૂપણ કરનારા ત્રીજા શ્લોકમાં કહ્યું છે -

''નિગમકલ્પતરોર્ગલિતં ફલમ્, શુકમુખાદમૃત દ્રવસંયુતમ્ ।
પિબત ભાગવતં રસમાલયમ્, મુહુરહો રસિકા ભુવિભાવુકાઃ ।।''

આ શ્લોકમાં ''પિબત ભાગવતં રસમાલયં'' આ પદથી પ્રતિપાદન કર્યું છે.

આગળ શંકા કરે છે કે આ પદોથી ભક્તિરસને જ ફળ કેવી રીતે કહી શકાય ? આ શંકાના સમાધાનમાં સ્વયં શ્રીગોકુલનાથજી કહે છે કે-

શ્રીભાગવત તો શબ્દાત્મક છે એટલા માટે શબ્દ સ્વરૂપ ભાગવતનું તો શ્રવણ જ પ્રાપ્ત છે કેમકે શબ્દનું તો શ્રવણ જ થાય છે એનું પાન નથી થતું. તેથી આ શ્લોકમાં ''પિબત'' ના ઠેકાણે ''શ્રુણુત'' આવું પદ વધારે સંગત હતું. જેનાથી આ અર્થ સ્પષ્ટ થાય છે કે ''શબ્દાત્મક-ભાગવત'' નું શ્રવણ કરો. તો પણ વિશાલબુદ્ધિ વ્યાસ મહર્ષિએ ''શ્રુણુત'' આ પદ ન કહીને જે ''પિબત ભાગવતં રસમ્'' એમ કહ્યું, જેનો અર્થ થાય છે કે રસસ્વરૂપ શ્રીભાગવતનું પાન કરો - આના ઉપરથી શ્રીભાગવતમાં શબ્દ પ્રતિપાદ્ય કોઈ અસાધારણ રસ છે - આવું જાણી શકાય છે. જેનું પાન કરવાનું વ્યાસજી કહી રહ્યા છે. હવે આપણે અહીં એ વિચાર કરવાનો છે કે શ્રીભાગવતજીમાં એવો કયા પ્રકારનો રસ છે કે જેનું પાન કરવું જોઈએ જેનાથી તેનો પરમ પુરુષાર્થ સિદ્ધ થાય. આ પ્રકારનો ગંભીર વિચાર કરવાથી આપણને શ્રીભાગવતના પ્રથમ સ્કન્ધના પાંચમા અધ્યાયના ૧૮મા શ્લોકમાં ચિન્તા-નિમગ્ન વ્યાસ મહર્ષિને, શોકનાશક એકમાત્ર ભક્તિરસની પ્રાપ્તિ માટે પુરુષે પ્રયત્ન કરવો જોઈએ. એવું નારદજીની વાણીમાં પ્રાપ્ત થાય છે. જેમકે -

''તસ્યૈવ હેતોઃ પ્રયતેત કોવિદો, ન લભ્યતે યદ્ભ્રમતામુપર્યધઃ ।
તલ્લભ્યતે દુઃખવદન્યતઃ સુખં, કાલેન સર્વત્ર ગંભીરરંહસા ।।''

વિદ્વાન પુરુષને એ જ રસની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરવો જોઈએ જે રસ કર્મો દ્વારા ઉપર તથા નીચેના બધા લોકોમાં પ્રાપ્ત ન થઈ શકે. જો એમ કહેવામાં આવે કે સુખ માટે પ્રયત્ન કરે તો એ પ્રાણીનું અજ્ઞાન છે. સુખ તો દુઃખની જેમ પ્રાર્થના વગર જ પ્રાપ્ત થઈ જાય છે, કેમકે ગંભીર વેગવાળો આ કાળ જ્યાં જેનો

સુખ અથવા દુઃખનો ભોગ થાય છે ત્યાં તેને તુરત જ પહોંચાડી દે છે.

વૈષ્ણવો ! અહીં એ સમજવું જરૂરી છે કે કોઈપણ પ્રાણી પોતે દુઃખની પ્રાર્થના નથી કરતો, છતાં પણ નિયત વિધાનથી પ્રાર્થના વગર જ એની સામે સ્વયં દુઃખ ઉભુ રહી જાય છે. બરાબર તે જ પ્રમાણે સુખની પ્રાર્થના વગર જ સમય પ્રમાણે સુખ પ્રાપ્ત થઈ જાય છે. કારણ કે સુખ અને દુઃખ બંને જ આપણા કરેલા કર્મોના ફળ છે અને મળવામાં એક જ નિયમ છે. ન તો રોવાથી દુઃખ ઘટી જશે, કે ન તો માંગવાથી સુખ વધી જશે. છતાં પણ આ જીવ અજ્ઞાનવશ સુખની પ્રાપ્તિ માટે કાયર બની જાય છે. આમ કરવું વૈષ્ણવો માટે યોગ્ય નથી. કોઈક મર્મજ્ઞ કવિએ કહ્યું છે -

''અપ્રાર્થિતાની દુઃખાનિ યથૈવાયાન્તિ દેહિનામ્ ।
સુખાન્યપિ તથા મન્યે દૈન્યમત્રાતિરિચ્યતે ।।''

જેવી રીતે દેહધારીઓને પ્રાર્થના કર્યા વિના દુઃખ આવી જાય છે તેવી જ રીતે સુખોનું પણ હું માનું છું, પરંતુ માત્ર સુખ પ્રાપ્તિ માટે જીવ અજ્ઞાન-વશ કારણ વગર દીન અને કાયર બની જાય છે. આ એની દોષથી ભરેલી વિશેષતા છે. આ રીતે આ શ્લોકોના વિચાર કરવાથી ભક્તિ-પ્રાપ્તિને માટે જ જીવે પ્રયત્ન કરવો જોઈએ - આમ સિદ્ધ થાય છે.

આવી રીતે શ્રીનારદજીની પ્રમાણિત વાણીથી શ્રીભાગવત-પ્રતિપાદ્ય રસ ભક્તિરસ જ છે - એવો નિર્ણય કરવામાં આવે છે. આ રસ શ્રીભાગવતના પ્રત્યેક શ્લોક તેમજ પ્રત્યેક પદોમાં ગૂઢ રૂપથી છૂપાયેલો છે. જેનું પહેલાં કયારેય થયું ન હોય તેવું દોહન વિચારો દ્વારા શ્રીમદાચાર્યચરણોએ શ્રીસુબોધિનીજીના પ્રકાશ દ્વારા પ્રકટ કર્યું છે. એ જ રસનું પાન કરવા માટે ભાવ-વિભોર રસિક તેમજ ભાવુક ભકતોને માટે ભાવ-ભાવાત્મા વ્યાસજી સ્વયં ઉપદેશ કરી રહ્યા છે. ભક્તિરસના પાનનો અર્થ એ છે કે સાંભળેલા ભાવાત્મક વિચારોને હૃદયપ્રદેશ સુધી પહોંચાડવા. જેવી રીતે બહાર રહેલું દૂધ વગેરે ગો-રસોને મુખ દ્વારા ભીતર પહોંચાડવામાં આવે છે, તેવી જ રીતે કાનોં દ્વારા ભાવાત્મક વિચારોને અન્તઃપ્રવેશ કરાવવો એ જ પાન છે. તેથી શ્રીભાગવત પ્રતિપાદ્ય

રસનો પણ અન્ત:પ્રવેશ રૂપ પાનનો જ ઉપદેશ કર્યો, માત્ર શ્રવણનો જ નહીં.

જો કે શ્રીભાગવતમાં ત્રીજા સ્કન્ધના કપિલ દેવહૂતિના સંવાદમાં **''ભક્તિયોગો બહુવિધ''** વગેરે વાકયોના સંદર્ભમાં તે-તે ફલોના સાધક અનેક પ્રકારના ભક્તિયોગનું વિધાન કરવામાં આવેલું છે. છતાં પણ શ્રીભાગવતમાં એ ભક્તિયોગની મુખ્યતાનું પ્રતિપાદન નથી. તે એકાંગી વિચાર છે, કેમકે ભક્તિયોગનું મુક્તિ વગેરે ફલ હોવાથી સ્વયં ભક્તિ-રસની ફલરૂપતા સિદ્ધ નથી થતી. મુખ્ય ભક્તિ-રસતો સ્વયં ફલ-રૂપ છે. તે બીજા કોઈપણ ફલનું સાધન નથી થતો. એટલા માટે **''નિગમ કલ્પતરો''** આ જ શ્લોકમાં શ્રીભાગવત પ્રતિપાદ્ય ભક્તિને **''આલય''** બતાવવામાં આવી છે. તેનો અર્થ આવી રીતે છે ''લય''નો અર્થ મોક્ષ અને ''આઙ'' ઉપસર્ગનો ઈષદર્થ છે, જેનો ભાવાર્થ એ છે કે મોક્ષને પણ તુચ્છ બનાવનારો આ ભક્તિરસ છે. તો ભલા વિચારો કે ભક્તિરસનું ફળ મોક્ષ કેવી રીતે હોઈ શકે. એટલા માટે તો શ્રીમદાચાર્યચરણોએ સર્ગ-વિસર્ગ વગેરે દશવિધ લીલાઓમાં સ્વયં ભક્તિરૂપ દશમ-સ્કન્ધીય ''નિરોધ-લીલા'' ને જ પરમ ફળ માન્યું છે. ત્યાર પછી મુક્તિ અને આશ્રય - આ બે લીલા નિરોધની ઉપયોગિતાની લીલા છે - આ બધા શ્રીભાગવતના ગૂઢાર્થ છે. જેનો પ્રકાશ શ્રીમદાચાર્યચરણ સ્વયં કરી રહ્યા છે. તેથી ભક્તિ-રસનું પાન કરનારા ભાવુકોને મોક્ષથી પણ અધિક શ્રીકૃષ્ણની રાસલીલામાં પ્રવેશ રૂપ ફલ પ્રાપ્ત થાય છે. તેથી શુદ્ધ પુષ્ટિમાર્ગીય ફલને જ પરમ ફળ બતાવવામાં આવેલું છે, બીજું કાંઈ પણ નહીં. આ રીતે પ્રમાણપૂર્વક પ્રતિપાદન કરવાનું સામર્થ્ય શ્રીમદાચાર્યચરણોમાં જ છે - બીજા કોઈમાં પણ નથી. આ વાત સમજાવવા માટે **''શ્રીભાગવતગૂઢાર્થપ્રકાશનપરાયણ:''** આ વાતનો નિર્દેશ કરવામાં આવ્યો છે અથવા **''શ્રીભાગવતશાસ્ત્રસ્ય ગૂઢો ગુપ્તો યોદર્થસ્તસ્ય પ્રકાશને પરમુત્કૃષ્ટં અયનમ્ યસ્યેતિવાં ।''** શ્રીભાગવત શાસ્ત્રના ગુપ્ત અર્થોના પ્રકાશનમાં સર્વોત્કૃષ્ટ જ્ઞાનવાળા આપ જ છે. અથવા **''તત્પ્રકાશનપરોભૂત્વા આ અયતે ઈહિ પ્રકટીભવતીતિવા''** શ્રીભાગવત શાસ્ત્રના ગૂઢાર્થ પ્રકાશન પરાયણ થઈને આપ સ્વયં પ્રકટ થાય છે, જેમકે આપે શ્રીસુબોધિનીજીના

પ્રારંભમાં - **''અર્થંતસ્ય વિવેચિતુમ્''** આ પદ્યમાં સ્પષ્ટ આપના જ્ઞાનની પ્રચુરતાની પ્રતિજ્ઞા કરી છે.

શ્રીભાગવતપ્રતિપદમણિવર ભાવાંશુભૂષિતા મૂર્તિઃ । (સપ્ત શ્લોકી)

ભાવાર્થ : શ્રીમદ્‌ભાગવતના જે પ્રત્યેક પદ છે, તે અતિ શ્રેષ્ઠ મણિ છે, એ પદોના જે ભાવ છે, તે મણિની કિરણો જેવા છે. એ ભાવકિરણોથી સદા ભૂષિત મૂર્તિ શ્રીમદાચાર્યચરણોની છે.

શ્રીહરિરાયજી કૃત ભાવાનુવાદ :- અંતરંગ છ ધર્મો સહિત શ્રીઆચાર્યજીના ધર્મી સ્વરૂપનું એક શ્લોકથી પ્રતિપાદન કરીને આગળ બહિરંગ ઐશ્વર્ય વગેરે છ ધર્મોનું નિરૂપણ કરવા માટે સઘળા વૈષ્ણવ જનોનાં ઉદ્ધારકત્વ રૂપ ઐશ્વર્યને શ્રીભાગવતના ગૂઢ ભાવાર્થના પ્રકાશન દ્વારા બહિરંગ ઐશ્વર્યને કહેતાં શ્રીભાગવતના ભાવરૂપ કિરણોથી આપનું શ્રીઅંગ વિભૂષિત છે આ કથનથી ભાગવતના પ્રતિપદ ભાવોનો ઉદય કિરણોના ઉદયને આધીન હોય છે આ વાતનો બોધ કરાવવા તેમજ આવા પ્રકારના શ્રીવલ્લભના સ્વરૂપમાં દાસપણું પ્રાપ્ત થઈ જવું જ ફલ છે, એટલા માટે એવી પ્રાર્થના કરે છે શ્રીભાગવત ... આ શ્લોક દ્વારા.

શ્લોકમાં 'શ્રી' પદનો ભાવ છે - શ્રી એટલે કે શોભા, જે શોભા ભાગવતના શબ્દ અને અર્થોમાં રહેલી છે, રસિક વૈષ્ણવ જનોના કાન અને મનને રમણ કરાવનારી, શ્રીવલ્લભના યુગલ ચરણોના આશ્રય કરવાવાળા સઘળા વૈષ્ણવજનો માટે લૌકિક-અલૌકિક અનેક મનોરથોને પૂર્ણ કરવાવાળી તેમજ પ્રકટ થયેલા પ્રભુના સ્વરૂપની સમાનતાનો બોધ કરાવનારી શોભા છે.

અથવા ભગવાનના પ્રત્યેક અવતારમાં સ્વયં અવતરિત થનારી અને પ્રભુના ગુણગાનમાં જ છે એકતાન મતિ જેમની એવા લક્ષ્મીથી યુકત જે ભાગવત છે તે ષડગુણ સમ્પન્ન અનન્તમૂર્તિ તેમજ અપાર લીલાવાળા, પરમકાષ્ઠાપન્ન સમર્થ ભગવાન્ સમ્બન્ધિત ચરિત્રોના માહાત્મ્યના પ્રતિપાદન દ્વારા સમ્પૂર્ણ ભાગવત સેવન કરવાવાળાને ભગવત્સમ્બન્ધ કરાવનારૂં

શ્રીભાગવત છે.

અથવા 'ભગવાનનું આ (ભાગવત) છે' - આવા વિગ્રહથી ભગવાનનું જ એ બીજું સ્વરૂપ છે. એટલા માટે ભાગવત ભગવાનનું નામાત્મક દ્વિતીય સ્વરૂપ માનવામાં આવે છે. (એટલા માટે શ્રીભાગવતના માહાત્મ્યમાં બતાવ્યું - ''વાઙ્મય મૂર્તિઃ પ્રત્યક્ષા વર્તતે હરેઃ'')

એ નામાત્મક મૂર્તિ પણ શોભા સહિત જ પ્રકટ થઈ છે. ભગવાન પણ અવતાર દશામાં જ લક્ષ્મી સહિત હોય છે. એટલા માટે જ જગતના ઉદ્ધારને માટે જ ભાગવતનું પ્રાકટ્ય થયું છે.

અથવા 'શ્રી અને ભગવાન્' આ દ્વન્દ્વ સમાસ દ્વારા શ્રી અને ભગવાન્ બંને સંબંધી ભાગવત છે. બંનેની જ દિવ્યલીલાઓનું વર્ણન કરનારૂં હોવાથી ભાગવત બંનેના જ સંબંધવાળું છે.

એ જ શ્રીભાગવત સઘળા વેદોમાં ભૂષણરૂપ છે. એના જે પ્રત્યેક પદ સાક્ષાત્ મણિ છે જે અન્ધકાર રૂપ માયાનું નિવારણ કરે છે, પોતાના પ્રકાશ દ્વારા સમ્પૂર્ણ વસ્તુ તત્ત્વોનું પ્રકાશક, ક્ષુદ્ર દીપ વગેરેના પ્રકાશ જેવા જે જ્ઞાન વગેરે છે એના પ્રકાશની અપેક્ષા રહિત, સુવર્ણ જેવા વૈષ્ણવ જનની ભૂષણતા પ્રાપ્ત કરાવનારું ભૂષણ-પ્રિય પ્રભુની પ્રીતિને પ્રાપ્ત કરાવનારૂં, અચિન્તનીય પ્રભુત્વવાળું, ભગવાનને વશમાં કરવામાં સમર્થ, શ્રીભાગવતના વિચારક જનોના મનોને લોલૂપ બનાવનારું, જોવામાં અલ્પ પરિમાણવાળુ હોવાથી ગ્રહણ કરવામાં સુલભ, પરમ ભાગ્યવાન્ ભકતજનોથી સુસેવિત તેમજ અતિ મૂલ્યવાન જે મણિ છે તે ભકતોના દ્વારા વરણ કરવા યોગ્ય છે. (તે ભાગવત) નામાત્મક ભગવાન્માં અવયવરૂપ હોવાથી તેમજ અતિ શોભાવાન્ હોવાથી ભૂષણોને પણ ભૂષિત કરનારૂં છે તેથી શ્રેષ્ઠ અને અસાધારણ છે. એ મણિશ્રેષ્ઠ પ્રતિપદોના (અક્ષરોના) તાત્પર્યને બતાવનારા જે ભાવ છે એ જ કરરૂપ કિરણ છે જે ચારેબાજુ ફેલાઈ જવાને લીધે સઘળા ભકતજનોના હૃદયમાં જવામાં સમર્થ, પોતાના સમ્બન્ધિયોના હૃદયના અજ્ઞાનરૂપ અન્ધકારનો વિનાશ કરનારૂં, સ્વયંને ધારણ કરનારા ભકતોના માહાત્મ્યનું પ્રતિપાદન કરનારૂં તેમજ

ભાગવત સમ્બન્ધિત ભક્તોને ભગવત્સાક્ષાત્કાર કરાવનારૂં છે. કહેલા ગુણવાળી કિરણોથી ભૂષિત છે શ્રીઅંગ જેમનું એવા શ્રીમદાચાર્યચરણ છે.

શ્રીમદ્‌ભાગવતાખ્ય દુર્લભસુધા વર્ષણવેદોક્તિભિઃ || પ ||(સપ્તશ્લોકી)

શ્રીહરિરાયજી :- શ્રીમદાચાર્યચરણોનું જે આસ્ય છે - એટલે કે શ્રુતિસમુહોના બિરાજમાન થવાને યોગ્ય જે આસ્ય એટલે કે મુખ છે એ જ ઈન્દુ એટલે કે ચન્દ્રમા છે તેમજ તે ચન્દ્ર આધિદૈવિક હોવાના લીધે પરમ ઐશ્વર્યને પ્રાપ્ત થયો છે તેમજ સંપૂર્ણ સંસારના તાપોને નિવૃત્ત કરનાર છે. માયાવાદ રૂપી અન્ધકારને નષ્ટ કરે છે. તેમજ અન્ધકારમાં પણ પ્રકાશવાન છે. શ્રીમુખને જે ઈન્દુરાજ કહ્યું તે ‘રાજ’ પદના આ ભાવ છે. - રાજ હોવાથી આ ચન્દ્ર પૂર્ણ છે, કલંક રહિત છે, સદા બિરાજમાન રહે છે અને એના અસ્ત થવાની કોઈ સંભાવના નથી. આવા મુખચન્દ્ર દ્વારા પ્રકટ થયેલી એટલે કે આપશ્રીના દિવ્ય મુખના સમ્બન્ધથી જ ઉત્કૃષ્ટતયા નિકળેલી અથવા ભક્તોને જણાયેલી અથવા પ્રાપ્ત થયેલી જે શ્રીભાગવત સુધા છે. તે હંમેશા લક્ષ્મી સહિત છે, વૈકુંઠ સ્થિત વેદવૃક્ષનું પોતાની મેળે નિર્ગલિત ફલરૂપ હોવાથી અઢાર પુરાણોમાં અતિ શોભાયુકત છે, જે સર્વસમર્થ ભગવાન્ ભાગવતના દ્વારા સર્વ જગતનો ઉદ્ધાર કરનારા છે તે પરબ્રહ્મ શ્રીકૃષ્ણના સમ્બન્ધિ ચરિત્રોના માહાત્મ્યનું પ્રતિપાદન કરતું હોવાથી ભગવાનનું વાઙ્મય ભાગવત છે. એ શ્રીભાગવત જ છે આખ્યા એટલે કે નામ જેનું એવી જે ભાગવતસુધા છે તે લોક-વેદાસકત તેમજ જ્ઞાન કર્મમાર્ગમાં આસકત પુષ્ટિભક્તિથી બહિર્મુખ જીવોને માટે દુઃખપૂર્વક કઠિન પ્રયાસથી પ્રાપ્ત થનારું છે - નિરંતર તદીય વૈષ્ણવોની સેવાથી એ તદીયો દ્વારા ભગવાન અંગીકાર કરી લે ત્યારે જ પ્રાપ્ત થવા યોગ્ય છે. ખરેખર તો આ સુધા દુર્લભ છે. દુઃખથી એટલે કે ભગવદ્‌વિષયક આર્તિથી જ પ્રાપ્ત થાય છે. એની પ્રાપ્તિ પુણ્ય વગેરેથી નથી થઈ શકતી. આ દિવ્ય શ્રીભાગવત-સુધાની વર્ષા કરવાથી અંતરંગ વૈષ્ણવજનોના સકલ અંગોને રસથી આર્દ્રતા પ્રાપ્ત થવાથી - આ કથનથી રસિક વિદ્વાનોના મુખથી પણ પુષ્ટિમાર્ગીય ભાગવત-સુધા રૂપ

સન્મતનું નિરૂપણ કરવાથી ભગવાન્‌ના રસિક ચૂડામણિ જ્ઞાનની વ્યાપ્તિથી ભકતનું હૃદય રસપૂર્ણ સાર્દ્ર બની જાય છે તો જ્યાં સ્વયં આચાર્ય વલ્લભ પોતાના શ્રીમુખથી તે સુધાનું નિરૂપણ કરે તો ભકતનું હૃદય રસપૂર્ણ બની જાય એમાં તો કહેવાનું જ શું હોય – આ કૈમુતિક ન્યાય દર્શાવેલો છે.

આગળ શંકા કરે છે કે માત્ર શ્રીભાગવતનું નિરૂપણ કરવાથી જ જ્ઞાનનો ઉત્કર્ષ પ્રમાણિત નથી થતો. વેદના વિશેષ જ્ઞાનના અભાવમાં કેવલ પૌરાણિક જ્ઞાનનો લોકમાં અનાદર થાય છે. આ આશંકાને દૂર કરવા માટે કહ્યું ‘‘વેદોક્તિભિઃ’’.

વેદોની જે ઉક્તિ એટલે કે વાકય છે તે વાકયોથી પ્રમાણિત એટલે કે વેદવાકય પ્રમાણિત શ્રીભાગવત–સુધાની આપશ્રી વર્ષા કરે છે. તેથી વેદના અર્થથી અવિરોધીની સાથે પ્રતિપ્રસંગનું વર્ણન કરવામાં આવેલું છે. (એથી આપશ્રી દ્વારા કરવામાં આવેલું શ્રીભાગવત નિરૂપણ પૂર્ણ પ્રમાણિત છે.) આ ભાવ સમજવો જોઈએ.

અથવા ‘વેદોક્તિભિઃ’ – આ પદનો ગૂઢ ભાવ એ છે કે આપ શ્રીમદાચાર્યચરણ સ્વયં ભગવાન્ શ્રીકૃષ્ણના મુખારવિંદરૂપ હોવાના કારણે આપશ્રીના શ્રીમુખથી નિકળેલા સઘળા વાકયો વેદવાકયો છે તેથી આપના મુખથી નિર્ગત વેદ–વાણી સહિત આપ શ્રીભાગવત–સુધાની વર્ષા કરે છે. (આ પ્રસંગમાં અષ્ટસખાઓની આ વાણી સંગત થાય છે – હમારે વલ્લભવાણી વેદ)

આ કથન દ્વારા શ્રીભાગવત અન્તર્ગત વ્યાખ્યાન રૂપ આચાર્યચરણો દ્વારા પ્રતિપાદિત વાકયો વેદની જેમ પ્રમાણ મૂર્દ્ધન્ય છે, સઘળા જ ફળોને સિદ્ધ કરનારા છે. તેથી આચાર્ય વાણીથી વિપરિત (વિરુદ્ધ) બોલનારાઓને વેદવિરોધી (મ્લેચ્છ) જાણવા જોઈએ. આના દ્વારા આચાર્ય વાકયોની નિત્યતા અને અલૌકિકતા સૂચિત થાય છે.

શ્રીમહાપ્રભુજીના શ્રીમદ્ ભાગવત વિષયક દઢ નિર્ણયો

અથાપિ ધર્મમાર્ગેણ સ્થિત્વા કૃષ્ણં ભજેત્ સદા ।।
શ્રીભાગવત માર્ગેણ સ કથંચિત્ તરિષ્યતિ ।। ૨૧૫ ।। (સર્વ.નિ.સા.પ્ર.)

ભાવાર્થ : (દેશ-કાલ-દ્રવ્ય-મન્ત્ર-કર્તા-કર્મથી ધર્મ સિદ્ધ થાય છે, તે તો આ કલિયુગમાં આ છએ ધર્મના અંગો શુદ્ધ મળતા નથી.) તોપણ જેવો બને તેવો ધર્મ કરતાં કરતાં જો શ્રીભાગવતના અનુસાર કૃષ્ણનું હંમેશા ભજન કરે છે તેઓ ગમે તે રીતે પણ તરી જશે.

વિશિષ્ટરુપં વેદાર્થઃ ફલં પ્રેમ ચ સાધનમ્ ॥
તત્સાધનં નવવિધા ભક્તિસ્ તત્પ્રતિપાદિકા ॥ ૨૨૦ ॥
ગીતા સઙ્ક્ષેપતસ્ તસ્યા વકતા સ્વયમભૂદ્ હરિઃ ॥
તદ્વિસ્તારો ભાગવતં સર્વનિર્ણયપૂર્વકમ્ ॥
વ્યાસઃ સમાધિના સર્વમ્ આહ કૃષ્ણોકતમાદિતઃ ॥ ૨૨૧ ॥(સર્વ.નિ.)

ભાવાર્થ : વેદના પૂર્વકાંડમાં પ્રતિપાદ્ય ક્રિયારૂપ તથા ઉત્તરકાંડમાં પ્રતિપાદ્ય જ્ઞાનરૂપ એવા ઉભયવિધ શક્તિઓથી વિશિષ્ટ જે વેદાર્થ (=કૃષ્ણ) તે ભક્તિમાર્ગનું ફલ છે. આ ફલની પ્રાપ્તિનું સાધન પ્રેમ છે. તે પ્રેમ પ્રકટ થાય છે નવધાભક્તિ દ્વારા. તેથી આ પ્રેમરૂપા ભક્તિનું પ્રતિપાદન ગીતાએ કર્યું છે. આ ગીતાના સંક્ષેપમાં વકતા પણ બીજું કોઈ નહીં પણ સ્વયં શ્રીહરિ જ છે. ગીતાના અભિપ્રાયમાં સમજવામાં જે કાંઈ સન્દેહ થાય છે તે બધાનો નિર્ણય વિસ્તારપૂર્વક શ્રીભાગવત આપે છે. ભાગવતમાં વ્યાસજીએ, સૃષ્ટિની શરૂઆતમાં શ્રીહરિએ જે ઉપદેશ આપ્યો હતો તેનો જ સમાધિમાં સાક્ષાત્કાર કરીને નિરૂપણ કર્યું છે.

કૃષ્ણસેવાપરં વીક્ષ્ય દમ્ભાદિરહિતં નરમ્ ॥
શ્રીભાગવત-તત્ત્વજ્ઞં ભજેત્ જિજ્ઞાસુરાદરાત્ ॥ ૨૨૭ ॥
(સર્વ.નિ.સા.પ્ર.)

ભાવાર્થ : જે કૃષ્ણની સેવામાં જાતે તત્પર હોય, લોકેષણા કે પછી શિષ્યેષણા વગેરે દુર્ગુણોને વશ દંભ વગેરેથી રહિત હોય, શ્રીભાગવતના અનુસાર મુખ્ય તત્ત્વ શ્રીકૃષ્ણ તથા કૃષ્ણભક્તિને સારી રીતે જાણતા હોય એવા પુરુષને જિજ્ઞાસુ શિષ્ય ગુરુ તરીકે આદર આપે.

સર્વથા વૃત્તિહીનશ્ચેદ્ એકં યામં હરૌ નયેત્ ।।
પઠેચ્ચ નિયમં કૃત્વા શ્રીભાગવતમાદરાત્ ।। ૨૩૨ ।।

(સ.નિ.સા.પ્ર.)

ભાવાર્થ : આજીવિકામાં વ્યસ્ત હોવાના કારણે સમય પૂરે-પૂરો ન મળતો હોય તો પણ એક પ્રહર (ત્રણ કલાક) જેટલો સમય તો ભગવદ્ અર્થે વિનિયોગ કરવો જ, તેમજ આદરપૂર્વક શ્રીભાગવતનો પણ પાઠ નિત્ય-નિયમથી કરવો.

(શ્રીમદ્ભાગવતની કથાઓ કરીને પૈસાઓ કમાનારા કહેવાતા પુષ્ટિમાર્ગીય કથાકારોને પુષ્ટિભક્તિસંપ્રદાયના મૂલાચાર્ય ગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી શ્રીમહાપ્રભુજીના ઉપદેશો)

સાધનં પરમેતદ્ધિ શ્રીભાગવતમાદરાત્ ।।
પઠનીયં પ્રયત્નેન નિર્હેતુકમ્ અદમ્ભતઃ ।। ૨૪૩ ।।

(સ.નિ.સા.પ્ર.)

ભાવાર્થ : ભક્તિભાવને વધારવા માટે ભગવદ્ગુણોનું ગાન તથા ભગવાનના નામના ઉચ્ચારથી પણ ઉત્તમ સાધન, નિર્હેતુક (લોકોપકાર અથવા પાખંડ કરવા માટેના હેતુથી નહીં) અદમ્ભ (પેટભરણી કથામાં અશ્રુપાત વગેરેના ભાવુકતાના પ્રદર્શનના દમ્ભથી નહીં) આદરભાવથી નિત્યનિયમથી પ્રયત્નપૂર્વક (મર્યાદામાર્ગીય પ્રણાલીવાળી ધુંધુકારીની મુક્તિવાળી સપ્તાહ-કથા સાંભળવાના નિયમથી નહીં) શ્રીભાગવતનો પાઠ કરવો.

અથવા સર્વદા શાસ્ત્રં શ્રીભાગવતમ્ આદરાત્ ।।
પઠનીયં પ્રયત્નેન સર્વહેતુવિવર્જિતમ્ ।। ૨૫૩ ।।
વૃત્યર્થં નૈવ યુઞ્જીત પ્રાણૈઃ કંઠગતૈરપિ ।।
તદભાવે યથૈવ સ્યાત્ તથા નિર્વાહમાચરેત્ ।।
ત્રયાણાં યેન કેનાપિ ભજન્ કૃષ્ણમ્ અવાપ્નુયાત્ ।। ૨૫૪ ।।

(સ.નિ.સા.પ્ર.)

ભાવાર્થ : ઘર-ધનનો ત્યાગ પણ થઈ ન શકે અને પોતાના ઘરમાં શ્રીકૃષ્ણસેવા પણ ન નભી શકે તો નિરન્તર આદરપૂર્વક શ્રીભાગવતનો પાઠ કરવો. પરંતુ શ્રીભાગવતના પાઠમાં અન્ય કોઈ હેતુ જોડાઈ ન જાય તે વાતની અતિશય સાવધાની રાખવી. કથાથી પોતાનો નિર્વાહ ન ચલાવવો. ભાગવતકથાની આજીવિકા ન કરવાના કારણે બીજી કોઈ આજીવિકા ન ફાવતી હોય તો બીજી ગમે તે રીતે નિર્વાહ ચાલે તેમ ચલાવવો પરંતુ આજીવિકા માટે ભાગવત્ કથા તો ન જ કરવી. સર્વત્યાગ, ઘરમાં કૃષ્ણની સેવા અને ભાગવત્ પાઠ આ ત્રણેય ઉપાયોમાં કોઈપણ એક ઉપાય સારી રીતે કરવાથી ભકતને કૃષ્ણપ્રાપ્તિ થાય છે.

પુરાણની સંકલ્પના

અમરકોશમાં 'પુરાણ' શબ્દનો અર્થ છે. 'પુરાસર્વમ્ પુરાણમ્' એટલે કે પૂર્વે બનેલા બનાવ, તે પુરાણ. 'પુરાણ' શબ્દનો ઉલ્લેખ વેદ, ઉપનિષદોમાં પણ છે, જેમ કે **'ઋચા સામાનિ છંદાસિ પુરાણં યજુષા સઃ'** (અથર્વવેદ) **'સેતિહાસાઃ સાન્વયાખ્યાન્તઃ સ પુરાણાઃ'** (ગોપથબ્રાહ્મણ) **'તાનુપદિષતિ પુરાણ વેદઃ'** (શતપથબ્રાહ્મણ) ...**'ઈતિહાસ પુરાણ વિદ્યા ઉપનિષદઃ'** (બૃહદારણ્યક ઉપનિષદ). **'પુરાણં પંચમં વેદાનાં વેદમ્'** (છાંદોગ્ય ઉપનિષદ).

આ ઉપરથી સમજાય છે કે પુરાણ સાહિત્ય વેદ જેટલું જ પ્રાચીન છે અને વેદ જેટલું જ મહત્ત્વનું પણ છે.

'યાજ્ઞવલ્કય સ્મૃતિ' માં પરમાત્માને ઓળખાવનારી ચૌદ વિદ્યાઓ બતાવી છે. તે વિદ્યાઓને પણ વિદ્યા કહેવામાં આવે છે. આ ચૌદ વિદ્યાઓમાં પુરાણને પ્રથમ ક્રમ આપવામાં આવ્યો છે. તે પરથી સમજાય છે કે પુરાણના અભ્યાસ અને જ્ઞાનથી પણ પરમાત્માના સ્વરૂપને, ગુણોને અને લીલાઓને જાણી શકાય છે. આ પુરાણોમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થોની સાથે ભક્તિનું પણ નિરૂપણ કરવામાં આવ્યું છે.

પુરાણોની રચના

'મત્સ્ય પુરાણ' માં બતાવ્યા પ્રમાણે જેમ વેદ ભગવાનના મુખથી પ્રકટ થયા, તેમ પુરાણો પણ ભગવાનના મુખમાંથી પ્રકટ થયાં છે. તેથી વેદની જેમ પુરાણો પણ ભગવાનની જ વાણી છે. વેદની રચના કોઈ મનુષ્યે નથી કરી. તેથી વેદને 'અપૌરુષેય' કહેવામાં આવે છે. તેમ, પુરાણોની રચના પણ કોઈ મનુષ્યે નથી કરી, સ્વયં ભગવાનેજ કરી છે. માટે, પુરાણો પણ અપૌરુષેય છે.

ભગવાને બ્રહ્માજીને વેદનું દાન કર્યું, તેમ ભગવાને વ્યાસજીને પણ સર્વ પુરાણોનું દાન કર્યું હતું.

વેદવ્યાસજીએ વેદવાણીને વિષયવાર વર્ગીકૃત કરી, તેના મુખ્ય ચાર વિભાગ કર્યાં. તે ચાર વેદ કહેવાયા. તે જમાનામાં શાસ્ત્રનો અભ્યાસ સાંભળીને થતો. ગ્રંથો લખવાની પદ્ધતિ ન હતી. તેથી ચાર વેદ સાચવવા માટે અને શિષ્યોને શીખવવા માટે વેદવ્યાસજીએ પોતાના ચાર મુખ્ય શિષ્યોને એક એક વેદ સોંપ્યો. આ જ પ્રમાણે વેદવ્યાસજીએ ભગવાનની વાણીમાંથી પ્રકટ થયેલા પુરાણોને પણ અઢાર વિભાગમાં વહેંચ્યું. તેથી અઢાર પુરાણ કહેવાયા. વેદવ્યાસજીએ મૂળ એક જ પુરાણનું સંપાદન સંકલન કર્યું. એટલે તેઓ પુરાણ સાહિત્યના સંપાદક અને સંકલનકાર છે. તેઓ પુરાણ સાહિત્યના કર્તા નથી. વેદવ્યાસજીએ આ પુરાણ સાહિત્યનું જ્ઞાન એમના એક શિષ્ય રોમહર્ષણ સૂતને આપ્યું. તેમને પુરાણોનો વારસો જાળવવાની જવાબદારી સોંપી આથી સૂતજી 'પુરાણી' કહેવાયા.

આમ, પુરાણો વેદતુલ્ય છે, ભગવદ્વાણી છે. વેદના અર્થ પુરાણોમાંથી સ્પષ્ટ થાય છે, જ્યાં સુધી પુરાણોનો અભ્યાસ ન થાય, ત્યાં સુધી વેદનો સ્વાધ્યાય પૂરો થતો નથી. વેદમાં જે સિદ્ધાન્તો બતાવવામાં આવ્યા, તેનાં ઉદાહરણો પુરાણોમાંથી મળે છે. આમ, વેદને સમજવા માટે પુરાણો ખૂબ જ ઉપયોગી થાય છે.

પુરાણના લક્ષણો

અમરકોશમાં પુરાણ શબ્દનો અર્થ આપ્યો - પૂર્વે બનેલા બનાવો. એટલે પુરાણ આપણને પ્રશ્ન થશે કે રામાયણ અને મહાભારતમાં પણ વાલ્મિકીએ અને મહર્ષિ વેદવ્યાસજીએ પૂર્વે બનેલા બનાવોનું જ નિરૂપણ કર્યું છે. તો તે રામાયણ અને મહાભારતની ગણત્રી પુરાણોમાં કેમ થતી નથી ? મહાભારતને ઈતિહાસ ગ્રંથ કેમ કહેવામાં આવે છે ? પુરાણમાં પણ ઈતિહાસ તો છે જ, તો પછી પુરાણમાં અને ઈતિહાસમાં શો તફાવત ?

એનો જવાબ 'મત્સ્ય પુરાણ'માંથી મળે છે. 'મત્સ્ય પુરાણ' માં પુરાણ સાહિત્યના દશ લક્ષણો બતાવ્યા છે. એ જ દશ લક્ષણો શ્રીભાગવતના બારમા સ્કંધમાં પણ બતાવવામાં આવ્યા છે. શ્રીભાગવતમાં પુરાણ અને ઉપપુરાણ વચ્ચેનો તફાવત પણ બતાવ્યો છે. જેમાં નીચેના દશ લક્ષણ હોય તે પુરાણ કહેવાય. (૧) સર્ગ (૨) વિસર્ગ (૩) વૃત્તિ (૪) મન્વંતર (૫) વંશ (૬) વંશાનુચરિત (૭) સંસ્થા (૮) હેતુ (૯) આશ્રય (૧૦) અપાશ્રય.

સર્ગોસ્યાથ વિસર્ગશ્ચ, વૃત્તિ રક્ષાન્તરાણિ ચ ।
વંશો વંશાનુચરિતં, સંસ્થા હેરપાશ્રયઃ ।।
દશભિર્લક્ષણૈર્યુક્તં, પુરાણં તદ્વિદો વિદુઃ ।
કેચિત્ પંચવિધં બ્રહ્મન્ મહદલ્પવ્યવસ્થયા ।।

જેમાં આ દશલક્ષણો પૈકીનાં પાંચ લક્ષણો હોય તેને 'ઉપપુરાણ' કહેવામાં આવે છે. 'આદિત્ય પુરાણ'માં ઉપપુરાણનાં પાંચ લક્ષણ આપવામાં આવ્યા છે. (૧) સર્ગ (૨) પ્રતિસર્ગ (૩) વંશ (૪) મન્વંતર (૫) વંશાનુચરિત.

સર્ગશ્ચ પ્રતિસર્ગશ્ચ, વંશો મન્વન્તરાણિ ચ ।
વંશાનુચરિતં ચૈવ, પુરાણં પંચલક્ષણમ્ ।।
એતત્પુરાણાનાં, ખિલત્વાલ્લક્ષણં સ્મૃતમ્ ।।

રામાયણ અને મહાભારતમાં આ લક્ષણો ન હોવાથી તેમની ગણત્રી પુરાણ સાહિત્યમાં થઈ નથી.

વ્યાસજીએ મૂળ પુરાણને સાહિત્યને અઢાર ગ્રંથોમાં વહેંચ્યું, તેથી કુલ અઢાર પુરાણો બન્યા છે, તે નીચે પ્રમાણે છે. (૧) બ્રહ્મપુરાણ (૨) પદ્મપુરાણ (૩) વિષ્ણુપુરાણ (૪) વાયુપુરાણ (૫) ભાગવત પુરાણ (૬) નારદપુરાણ (૭) માર્કંડેય પુરાણ (૮) અગ્નિપુરાણ (૯) ભવિષ્યપુરાણ (૧૦) બ્રહ્મવૈવર્તપુરાણ (૧૧) લિંગપુરાણ (૧૨) વરાહપુરાણ (૧૩) સ્કન્દ પુરાણ (૧૪) વામન પુરાણ (૧૫) નૃસિંહ પુરાણ (૧૬) મત્સ્યપુરાણ (૧૭) ગરુડપુરાણ (૧૮) બ્રહ્માંડ પુરાણ.

આ ઉપરાંત અઢાર ઉપપુરાણો પણ છે. જેની કૂર્મપુરાણમાં ગણના કરવામાં આવી છે. (૧) સનતકુમાર સંહિતા (૨) નારસિંહપુરાણ (૩) નાંદિ પુરાણ (૪) શિવધર્મ પુરાણ (૫) આશ્ચર્ય પુરાણ (૬) નારદીય પુરાણ (૭) માનવ પુરાણ (૮) બૃહસ્પતિ પુરાણ (૯) કપિલ પુરાણ (૧૦) વારુણ પુરાણ (૧૧) સામ્બ પુરાણ (૧૨) કાલિકા પુરાણ (૧૩) માહેશ્વર પુરાણ (૧૪) કલ્કી પુરાણ (૧૫) આદિત્ય પુરાણ (૧૬) દૈવી પુરાણ (૧૭) મારિચ પુરાણ (૧૮) ભાસ્કર પુરાણ.

શ્રીભાગવત મહાપુરાણ કેમ ?

શ્રીભાગવતને સર્વ પુરાણોમાં શ્રેષ્ઠ કહ્યું અને તેને મહાપુરાણ કહ્યું. કારણ કે વ્યાસજીએ પુરાણોના વિભાગ કરી, ૧૭ પુરાણો રચ્યા અને પછી ઈતિહાસ સ્વરૂપનો ‘મહાભારત’ નામનો ગ્રંથ રચ્યો. છતાં પણ તેમના મનમાં પ્રસન્નતા ન થઈ. તે વખતે તેમના આશ્રમમાં નારદજી આવ્યા. તેમણે વ્યાસજીને સમજાવ્યું કે અત્યાર સુધી તમે જ્ઞાનમાં રચ્યા પચ્યા રહ્યા. એ જ્ઞાનથી જેમને સમજી શકાય, એ ભગવાનનાં ગુણગાન તમે ગાયા નથી. માટે તમને પ્રસન્નતાનો અનુભવ થતો નથી. નારદજીએ વળી કહ્યું કે, મારા માનસ પિતા બ્રહ્માજીને ભગવાને ચાર શ્લોકનું ભાગવત આપ્યું હતું. એ ચતુઃશ્લોકી ભાગવતનું દાન મારા માનસપિતા બ્રહ્માજીએ મને કર્યું હતું. એ હું તમને આપું

છું. તમે એ ધારણ કરીને સમાધિમાં ભગવાનની લીલાઓનો અનુભવ કરો, એ અનુભવ વાણી રૂપે પ્રકટ કરો. આમ, નારદજીની આજ્ઞા મુજબ વેદવ્યાસજીએ સમાધિમાં ભગવલ્લીલાઓનો જે અનુભવ કર્યો, તે અનુભવ વ્યાસજીના હૃદયમાં બિરાજીને ભગવાને સ્વયં વાણી રૂપે પ્રકટ કરાવ્યો. વ્યાસજીના મુખમાંથી જે વાણી પ્રકટ થઈ તે 'શ્રીભાગવત' તરીકે પ્રસિદ્ધ થઈ.

આ પ્રસંગથી સમજાય છે કે વ્યાસજીએ અન્ય પુરાણોનું સંપાદન-સંકલન એમની બુદ્ધિથી કર્યું છે. જયારે ભગવાનની સમાધિભાષાનો અનુભવ નારદજી જેવા ભગવદીયની કૃપાથી એમણે અંતઃકરણમાં કર્યો, પછી તે લીલા ભાગવતજીના અઢાર હજાર શ્લોક રૂપે પ્રકટ થઈ.

બીજું પણ એક કારણ છે. અન્યપુરાણોમાં ભગવાનના અન્ય અવતારોના ચરિત્રો છે. જેમાનાં કેટલાંક અંશાવતારો છે, તો કેટલાક કલાવતાર કે ગુણાવતાર છે. શ્રીભાગવતજીમાં ભગવાનના પૂર્ણાવતારનું ચરિત્ર છે. શ્રીભાગવતજીમાં પૂર્ણાવતાર પૂર્ણ પુરુષોત્તમ પ્રભુની ભક્તિનું નિરૂપણ છે, જે અન્ય કોઈ પુરાણમાં નથી. તેથી પણ શ્રીભાગવતજી અન્ય પુરાણો કરતાં શ્રેષ્ઠ છે.

શ્રીભાગવતજીને મહાપુરાણ કહેવાનું એક ત્રીજું કારણ પણ છે. કોઈ દેશનાં ખંડિયા રાજાઓ ઘણા હોઈ શકે, પરંતુ એ બધા ખંડિયા રાજાઓ ઉપર ચક્રવર્તી રાજાની સત્તા હોય. તે ચક્રવર્તી રાજા સર્વ રાજાઓમાં શ્રેષ્ઠ કહેવાય. તેમ, સર્વ પુરાણોમાં શ્રીભાગવત ચક્રવર્તી સાર્વભૌમ પુરાણ છે. અન્ય પુરાણોમાં શ્રીભાગવતજીના માહાત્મ્યનું વર્ણન છે. 'પદ્મપુરાણ' માં છ અધ્યાયમાં શ્રીભાગવતજીના માહાત્મ્યની કથા કહેવામાં આવી છે. 'વાયુપુરાણ' માં શ્રીભાગવતજીની સપ્તાહ વિધિ અને તેમાં કયા ઉત્સવો કેવી રીતે ઉજવવા, તેનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે. 'મત્સ્ય પુરાણ' માં શ્રીભાગવતજીના માહાત્મ્યની કથા છે. 'કૌશિકી સંહિતા' માં છ અધ્યાયમાં શ્રીભાગવતજીના પારાયણ કયા કયા પ્રકારે, કેવી રીતે કરવાં, એનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે. આમ, જુદાં જુદાં પુરાણોમાં શ્રીભાગવતજીના

માહાત્મ્યની કથાઓ કહેવામાં આવી છે, પણ શ્રીભાગવતજીમાં અન્ય કોઈ પુરાણના માહાત્મ્યનું વર્ણન કરવામાં આવ્યું નથી. તેના બારમા સ્કંધમાં કેવળ વિવિધ પુરાણોના નામોનો ઉલ્લેખ છે. પણ તે પુરાણોમાં માહાત્મ્ય વિષે કશું કહેવાયું નથી. આ પરથી પણ ફલિત થાય છે કે સર્વ પુરાણોમાં શ્રીમદ્ ભાગવત શ્રેષ્ઠ પુરાણ છે.

શ્રીભાગવતજીનું સ્વરૂપ

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે ભગવાનના ગોલોકધામના મહાદ્વાર ઉપર કલ્પવૃક્ષ રૂપે વેદ બિરાજમાન છે. વેદરૂપી કલ્પવૃક્ષ ઉપર અમૃત જેવું ફળ છે, તે શ્રીભાગવત છે. ફળનો સ્વભાવ છે કે જ્યારે તે પાકે ત્યારે, આપોઆપ વૃક્ષ ઉપરથી નીચે પડે છે, ખરી પડે છે. જામફળ જેવા ફળને પોપટ જેવા પંખી વૃક્ષ ઉપર જ ચાંચ મારી, તેની મીઠાશ ચાખે છે. પછી તે પૂરા પાકતાં જમીન ઉપર પડે છે. ફળ ખરીદનાર ચતુર ગ્રાહક પક્ષીની ચાંચની નિશાનીવાળા ફળ ખરીદવાનો આગ્રહ રાખે છે. કારણ કે તેમાં વધારે મીઠાશ હોય છે.

એવી રીતે ગોલોકધામના મહાદ્વાર પર બિરાજમાન વેદરૂપી કલ્પવૃક્ષ ઉપર શ્રીભાગવતરૂપી અૃમતફળ લાગેલું છે. પૃથ્વી પરના જીવોને તેનો અલૌકિક આસ્વાદ કરાવવા, ભગવાની જ ઈચ્છાથી શ્રીભાગવતજી રૂપી ફળ આપોઆપ પૃથ્વી પર આવ્યું. પોપટ સ્વરૂપ શ્રીશુકદેવજીએ સૌથી પહેલાં તેની મધુરતા માણી, એટલે શુકદેવજીમાં પણ શ્રીભાગવતજીની અલૌકિક મધુરતા આવી. એમના મુખેથી કહેવાયેલું શ્રીભાગવત વેદનું પૂરેપૂરું પાકેલું અને પોપટ સ્વરૂપ શુકદેવજીએ ચાખેલ અલૌકિક-મધુર-રસમય ફળ છે. પૃથ્વી ઉપર જેટલાં ફળ પ્રકટ થયાં છે, તેનાં ઉપર છોતરું અને અંદર બીજ મોટે ભાગે હોય છે. તે ફળ ખાતાં પહેલાં છોતરું અને બીજ દૂર કરવા પડે છે. પરંતુ દ્રાક્ષ જેવા ફળો કેટલાંક એવા પણ છે કે જેનાં બીજ હોતાં નથી, અને છાલ પણ મોમાં મુકતાં જ ઓગળી જાય, તેવી રસમય હોય છે. એવી જ રીતે શ્રીભાગવતજીનું પણ છે.

શ્રીભાગવતજી એવું અલૌકિક ફળ છે કે જેમાંથી કશું ત્યાજ્ય નથી, સમગ્ર શ્રીભાગવતજી રસમય છે. તેથી કહેવામાં આવ્યું કે મરણપર્યંત શ્રીભાગવતજી રૂપી ફળનું સેવન કરો. શ્રીભાગવતજીના સેવનથી જે અલૌકિક આનંદરસ મળે છે, તેની પાસે મુક્તિનો આનંદ પણ તુચ્છ છે.

શ્રીમહાપ્રભુજીએ એમ પણ સમજાવ્યું કે શ્રીભાગવતજી શ્રીઠાકોરજીનું-શ્રીગોવર્ધનનાથજીનું નામાત્મક સ્વરૂપ છે. શ્રીઠાકોરજી અલૌકિક દ્વાદશ અંગવાળા છે. **'દ્વાદશાંગો વૈ હરિઃ'** એવી રીતે શ્રીભાગવતજીના પણ બાર સ્કંધ છે. બાર સ્કંધ શ્રીગોવર્ધનનાથજીના બાર અંગ સ્વરૂપ છે.

શ્રીભાગવતજી ઉપરની ટીકાઓ

શ્રીભાગવતજી ઉપર ૩૦ થી ૩૫ જેટલી ટીકાઓ હોવાનું કહેવાય છે.

આજે મળતી ટીકાઓમાં સૌથી પ્રાચીન ટીકા શ્રીધરસ્વામીની છે. ગોપાલાચાર્ય નામના વિદ્વાનના **'ભાગવતભૂષણ'** નામના ગ્રંથમાં તેમણે ૨૭ ટીકાઓની યાદી આપી છે. જે આ પ્રમાણે છે. (૧) હનુમતી (૨) ચિત્સુખી (૩) શાંકરી (૪) શ્રીમદ્ મધ્વાચાર્યકૃત શ્રીમદ્ ભાગવતતાત્પર્ય (૫) શ્રીવલ્લભાચાર્ય કૃત સુબોધિની (૬) રામાનુજીય વીરરાઘવીયા (૭) નિમ્બાર્કા બોપદેવકૃત હરિલીલા-મુકતાફલ-પરમહંસ પ્રિયાખ્યાવ્યાખ્યાત્રય (૮) વિદ્વતકામધેનુ (૯) સંબંધોક્તિ (૧૦) તત્ત્વદીપિકા (૧૧) શુકહૃદયા (૧૨) સુદર્શિની (૧૩) મુનિભાવ પ્રકાશિકા (૧૪) પ્રહર્ષિણી (૧૫) શ્રીધરી (૧૬) વિજયધ્વજી (૧૭) યાદુમતી (૧૮) શ્રીનિવાસી (૧૯) સત્યધર્મતીથી (૨૦) બૃહતોષણી (૨૧) લઘુતોષણી (૨૨) ચક્રવર્તી (૨૩) સન્દર્ભતોષણી (૨૪)સારમાધવી (૨૫) વભની (૨૬) એકનાથી (૨૭) પુરુષોત્તમી.

ઘણાં વર્ષો પહેલાં જર્મનીમાં છપાયેલ એક ગ્રંથમાં તેના લેખક થિયોડોર ઓફ્રેચે શ્રીભાગવતની ટીકાઓની યાદી આપી છે, જેમાં ૨૨ ટીકાઓ બતાવવામાં આવે છે, તે આ પ્રમાણે છે. અમૃત તરંગિણી, આત્મપ્રિયા,

કૃષ્ણપદી, ચૈતન્યચંદ્રિકા, જયમંગલા, તત્ત્વદીપિકા, તાત્પર્ય ચન્દ્રિકા, તાત્ત્પર્યદીપિકા, ભગવલ્લીલા, ચિન્તામણિ, રસમંજરી, શુક્રપક્ષીયા, ભાગવતતાત્પર્ય નિર્ણય, તત્ત્વદીપિકા, અન્વયબોધિની, ભાવપ્રકાશિકા, તાત્ત્પર્યદીપિકા, સુબોધિની, પદ રત્નાવલી, ભાગવતપુરાણકથા.

આ પરથી નિશ્ચિત થાય છે કે શ્રીભાગવત પુરાણ વિલક્ષણ છે. અન્ય કોઈપણ પુરાણ ઉપર આટલી મોટી સંખ્યામાં ટીકાઓ લખાઈ નથી. આ સર્વ ટીકાઓમાં શિરોમણી શ્રીમહાપ્રભુજીની 'શ્રીસુબોધિની' નામની ટીકા છે. તે શ્રીભાગવતના ભાષ્યરૂપ છે.

નૈમિષારણ્ય

નૈમિષારણ્ય વેદકાલીન અતિ પ્રાચીન તીર્થભૂમી છે. ત્યાં માહાત્મ્યની કથા થઈ છે. એ તીર્થસ્થાન વિષેની પુરાણકથા જાણવા જેવી છે. અતિ પ્રાચીન સમયમાં સ્વર્ગના સર્વ દેવો બ્રહ્માજી પાસે ગયા. દેવોએ બ્રહ્માજીને વિનંતી કરી, ''હે બ્રહ્મન ! અમારે તપ કરવાની ઈચ્છા છે. તપને યોગ્ય પવિત્ર ભૂમિ અમને બતાવો.'' બ્રહ્માજીએ કહ્યું, ''દેવો, મારૂં મનોમય ચક્ર જે ભૂમિ પર પડે તે તપને યોગ્ય ભૂમિ જાણજો.'' બ્રહ્માજીનું મનોમય ચક્ર જે ભૂમિ ઉપર પડયું તે ભૂમિ નૈમિષારણ્યના નામથી પ્રસિદ્ધ થઈ. નેમિ એટલે ચક્ર. ચક્રે જ્યાં શાસન કર્યું તે નૈમિષારણ્ય. તેથી આ ભૂમિને નૈમિષારણ્ય કહેવામાં આવે છે. તેથી તેને ચક્રતીર્થ અને બ્રહ્મતીર્થ પણ કહેવામાં આવે છે. મન ચક્ર જેવું ફરતું, ચંચળ છે. તે જ્યાં સ્થિર થાય, ચિત્તવૃત્તિઓ શાંત થાય, તેવું સાત્ત્વિક સ્થળ. અરણ્ય સદા સાત્ત્વિક છે. તેથી ઋષિઓ નૈમિષારણ્યમાં એક હજાર વર્ષ ચાલનારો યજ્ઞસત્ર કરતા હતા. આ તપોભૂમિમાં વેદકાલથી લઈને દેવો અને હજારો ઋષિમુનિઓએ તપ, યજ્ઞ, સ્વાધ્યાય કર્યા છે. અહીં વેદવ્યાસજી પણ બિરાજ્યા છે. તેમણે અહીં વેદના ચાર વિભાગ કર્યાં છે. પોતાના ચાર શિષ્યોને એકએક વેદ સોંપ્યો છે. આથી આજે પણ અહીં 'વ્યાસગાદી' વિદ્યમાન છે.

નૈમિષારણ્ય અને એક બીજી પુરાણકથા પણ પ્રસિદ્ધ છે. ભગવાન વિષ્ણુએ અહીં આંખના એક પલકારામાં સેંકડો દૈત્યોનો સંહાર કર્યો હતો. તેથી પણ આ સ્થળ નૈમિષારણ્ય તરીકે પ્રસિદ્ધ છે. જ્યાં મલિન પાપવૃત્તિઓ નાશ પામે અને ધર્મવૃત્તિનો ઉદય થાય તે નૈમિષારણ્ય.

શ્રીમહાપ્રભુજી ભારતયાત્રા કરતાં અહીં પધાર્યા હતા. આપે અહીં સાત દિવસ સુધી બિરાજી શ્રીમદ્ ભાગવતનું પારાયણ કર્યું હતું. શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી આજે પણ નૈમિષારણ્યમાં વ્યાસગાદીની નજીકમાં અતિ પ્રાચીન ગાઢ વૃક્ષોની છાયામાં બિરાજે છે.

નૈમિષારણ્ય ઉત્તરપ્રદેશમાં લખનૌ પાસે બાલામાધુ–સીતાપુર રેલ્વેલાઈન પર નૈમિષારણ્ય સ્ટેશનથી આશરે બે કિલોમીટર દૂર, ગોમતી નદીના કિનારે આવેલું રમણીય પવિત્ર તીર્થધામ છે.

શ્રીસૂતપુરાણી

‘સૂત’ કોઈ વ્યક્તિનું નામ નથી. સૂત જાતિનું નામ છે. ભારતીય ધર્મશાસ્ત્રની વર્ણ વ્યવસ્થા મુજબ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એવી ચાર જાતિઓ (વર્ણ) છે. જાતિ વ્યવસ્થા મુજબ ચાર જાતિઓમાં લગ્નવ્યવહાર પોતપોતાની જાતિમાં જ કરવાની ધર્મશાસ્ત્રની આજ્ઞા છે. છતાં પ્રાચીન સમયમાં પણ યુવક યુવતી પોતાની જાતિ સિવાય અન્ય જાતિમાં લગ્ન કરતાં. એવાં ઉદાહરણો પુરાણોમાં મળી આવે છે. આવા લગ્નો અનુલોમ અને વિલોમ લગ્નો કહેવાતાં. બ્રાહ્મણ યુવાન ક્ષત્રિય કે અન્ય જ્ઞાતિની કન્યાને પરણે તો તે અનુલોમ લગ્ન કહેવાય. તેનાથી ઊલટું નીચલી જ્ઞાતિનો યુવાન ઉપલી જ્ઞાતિની કન્યાને પરણે તો તે વિલોમ લગ્ન કહેવાતું. આવા અનુલોમ અને વિલોમ લગ્નોથી જે પ્રજા થાય તેમની જુદી જુદી મિશ્ર જાતિઓ છે. એમાંની એક મિશ્ર જાતિ સૂત જાતિ છે. પુરાણ કથા અનુસાર પૃથુ રાજાએ યજ્ઞ કર્યો, ત્યારે તેમાં ઈન્દ્રને હોમવાનો બલિ, ઈન્દ્રના ગુરુ બૃહસ્પતિના બલિ સાથે મિશ્ર થઈ ગયો. પરિણામે

તેમાંથી સૂતનો ઉદય થયો. આવી સૂત જાતિના બે પુરુષોનાં નામ શ્રીભાગવતજીમાં મળે છે (૧) રોમહર્ષણસૂત (૨) ઉગ્રશ્રવા સૂત. રોમહર્ષણ સૂત પિતા છે, ઉગ્રશ્રવા સૂત તેમના પુત્ર છે.

વેદવ્યાજીએ જ્યારે એક વેદને ચાર વિભાગમાં વહેંચી દરેક વિભાગને અલગ અલગ નામ આપ્યા, ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ. ત્યારે તે ચારેય વેદનો વારસો જાળવવાની જવાબદારી તેમણે પોતાના ચાર મુખ્ય શિષ્યોને સોંપી. એ જ પ્રમાણે વેદવ્યાસજીએ પુરાણોની રચના કરી હતી, એ પુરાણોનો વારસો તેમણે તેમનાં શિષ્ય રોમહર્ષણસૂતને આપ્યો. રોમહર્ષણસૂતમાં નામ પ્રમાણેના ગુણ હતા. ભગવદ્‌ગુણગાન કરતાં, પુરાણ કથાનું આખ્યાન કરતાં તેમની શરીરના રોમ રોમ આનંદથી હર્ષથી ઉભાં થઈ જતાં. તેઓ અને શ્રોતાઓ બધા જ હર્ષના સાગરમાં ડૂબી જતાં. તેથી રોમહર્ષણ તરીકે પ્રસિદ્ધ છે. રોમહર્ષણ સૂતે નૈમિષારણ્યના ઋષિઓના એકહજાર વર્ષના સત્રમાં કથા કરી હતી. ત્યારે શ્રીબળદેવજી તીર્થયાત્રા કરતા ત્યાં પધારેલા. રોમહર્ષણે કથા કરતાં ઉભા થઈ, શ્રીબલદેવજીનો સત્કાર ન કર્યો. તે અપરાધના દંડ રૂપે શ્રીબલદેવજીએ તેમનો વધ કર્યો.

તેમના પુત્ર ઉગ્રશ્રવા. તેમનામાં પણ નામ પ્રમાણેના ગુણ હતા. તેઓ પોતે શ્રીશુકમુનિ પાસેથી અને તેમના પિતા રોમહર્ષણસૂત પાસેથી ઉગ્ર એટલે એકાગ્ર બનીને ભગવત્કથાનું શ્રવણ કરતાં. તેમની શ્રવણ રુચિ ઘણી ઉચ્ચ હતી. એવી જ રીતે જ્યારે તેઓ કથા કરતા ત્યારે શ્રોતાઓ પણ તેમની કથાનું શ્રવણ ઉગ્ર-એકાગ્ર ચિત્તથી કરતા. તેથી તેઓ ઉગ્રશ્રવા સૂત તરીકે પ્રસિદ્ધ થયા. તેમણે શ્રીશુકદેવજીએ રાજા પરીક્ષિતને સંભળાવેલી શ્રીભાગવત કથાનું એકાગ્ર ચિત્તથી શ્રવણ કર્યું હતું. શ્રીશુકદેવજીના આશીર્વાદથી શ્રીભાગવતની કથા તેમના હૃદયમાં દૃઢ થઈ હતી. તેથી તેમણે શ્રીભાગવતની કથા નૈમિષારણ્યમાં ઋષિ શૌનક વગેરેને સંભળાવી હતી. કથાના વકતામાં બે ગુણ જોઈએ. કથા કરતાં રોમાંચિત થવું અને શાસ્ત્રોનું અધિકાધિક શ્રવણ-ચિંતન કરવું.

ઋષિ શૌનક

શૌનક ઋષિ ભૃગુવંશના સસઋષિના પૌત્ર અને શુનક ઋષિના પુત્ર હતા. ઋષિ પરંપરા તેમને વારસામાં પ્રાપ્ત થઈ હતી. તેમણે નૈમિષારણ્યમાં આશ્રમ બનાવી, સ્થિરવાસ કર્યો હતો. તેમના આશ્રમમાં અનેક બ્રાહ્મણો તેમના શિષ્ય બની, વેદાભ્યાસ કરતા હતા. તેઓ તેમના કુલપતિ હતા. તેમણે યજ્ઞસત્રનું આયોજન કર્યું હતું. તેની પરંપરા મુજબ સવાર અને સાંજ યજ્ઞકાર્ય થાય, બપોરે વિશ્રામના સમયમાં સત્સંગ થાય. તેમના યજ્ઞસત્રમાં ઉગ્રશ્રવા સૂતજી પધાર્યા હતા. કુલપતિ શૌનકે તેમની પાસેથી પુરાણ કથાઓ સાંભળી હતી. ઉગ્રશ્રવા સૂતજીએ તેમને પદ્મપુરાણ અને સ્કંદપુરાણની કથામાં શ્રીભાગવતજીના માહાત્મ્યની કથા સંભળાવી હતી. તે સાંભળતા તેમને શ્રીભાગવતજીની કથા સાંભળવાની જિજ્ઞાસા જાગી હતી. શૌનકઋષિના પ્રશ્નોના જવાબમાં ઉગ્રશ્રવા સૂત તેમને પદ્મપુરાણના ઉત્તરખંડમાં કહેવાયેલું શ્રીભાગવત માહાત્મ્ય કહે છે.

શાસ્ત્રમાં કહેવામાં આવ્યું છે કે ઈતિહાસ અને પુરાણો દ્વારા વેદોના અર્થનો વિસ્તાર કરવો જોઈએ. આથી પુરાણસંહિતા દ્વારા વેદના રહસ્યોને સમજવા માટે ઋષિ શૌનક તેમને પ્રશ્ન કરે છે.

શૌનકે સૂતજીને પૂછેલા સાત પ્રશ્નો

શૌનક ઉવાચ

અજ્ઞાનધ્વાન્તવિધ્વંસકોટિસૂર્યસમપ્રભ ।।
સુતાખ્યાહિ કથાસારં મમ કર્ણરસાયનમ્ ।। ૪ ।।
ભક્તિજ્ઞાન વિરાગામો વિવેકો વર્ધતે મહાન્ ।।
માયામોહનિરાસશ્ચ વૈષ્ણવૈઃ ક્રિયતે કથમ્ ।। ૫ ।।

ઈહ ઘોરે કલૌ પ્રાયો જીવશ્ચાસુરતાં ગતઃ ।।
ક્લેશાક્રાન્તસ્ય તસ્યૈવ શોધને કિં પરાયણમ્ ।। ૬ ।।
શ્રેયસાં યદ્ભવેચ્છ્રેયઃ પાવનાનાં ચ પાવનમ્ ।।
કૃષ્ણપ્રાપ્તિકરં શશ્વત્સાધનં તદ્વદાધુના ।। ૭ ।।
ચિન્તામણિર્લોકસુખં સુરદ્રુઃ સ્વર્ગસમ્પદમ્ ।।
પ્રયચ્છતિ ગુરુઃ પ્રીતો વૈકુંઠં યોગિદુર્લભમ્ ।। ૮ ।।

(પદ્મપુરાણોક્ત મહાત્મ્ય, અ.૧)

(૧) ‘‘અજ્ઞાનના અંધકારને દૂર કરવામાં સૂર્યકાન્તમણિના અગ્રભાગ જેવી તેજસ્વી બુદ્ધિવાળા હે સૂતજી ! કથાસાર સંભળાવો !’’

(૨) ‘‘ભક્તિ, જ્ઞાન, વૈરાગ્યથી પ્રાપ્ત થયેલો વિવેક વધે કેવી રીતે ?’’

(૩) ‘‘જન્મેલા સૌને માયા પીડે છે, મોહ કરાવે છે. માયામાંથી થતાં મોહને વૈષ્ણવો કઈ રીતે દૂર કરે છે ?’’

(૪) ‘‘ઈન્દ્રિયોના ભોગ ભોગવીને દુઃખી થતા લોકોના કલેશને દૂર કરવાનું સાધન શું ?’’

(૫) ‘‘પરમકલ્યાણકારી સાધન શું ?’’

(૬) ‘‘પરમ પાવન શું ?’’

(૭) ‘‘ભગવાન કૃષ્ણને મેળવી આપનારૂં નિત્ય સાધન કહો’’

કુલ સાત પ્રશ્નો પૂછયા છે. ભગવાનના છ ગુણો અને ભગવાન્ મળીને સાત થાય. મહત્તા ગુણ અને સ્વરૂપથી સમજાય, તેથી માહાત્મ્યમાં સાત પ્રશ્નો છે. લોકમાં અને વેદમાં માનવના મનને લલચાવનારી અનેક વાતો સાંભળવા મળે છે. તેમાંથી બચવા માટે કર્ણરસાયન રૂપ કથાસાર પૂછયો.(૧)

કથાસારથી પ્રભુમાં પ્રીતિ થાય, ભક્તિ થાય. ભક્તિથી જ્ઞાન-વૈરાગ્ય મળે; તેથી વિવેક મળે, છતાં વિવેક વધવો કઠિન છે, તેથી બીજો પ્રશ્ન વિવેક કેમ વધે ? (૨)

વિવેક વધતાં માયાથી થતાં મોહરૂપ અવિવેકમાંથી ભગવાનના ભકત વૈષ્ણવો કઈ રીતે છૂટે છે ? તેવો વિવેકનો ઉપયોગ પૂછયો. (૩)

છૂટેલો મોહ પુનઃ ન થાય તથા થયેલો મોહ જાય, તે માટે ઈન્દ્રિયભોગથી કલેશાદીની થયેલ જીવની શુદ્ધિનું સાધન પૂછયું. (૪)

ભોગ છૂટતાં, કલેશ જતાં, જીવને કલ્યાણ મેળવવાની કામના થાય, તેથી પરમ કલ્યાણ પૂછયું. (૫)

પ્રાપ્ત થયેલું કલ્યાણ પવિત્રતાથી કાયમ ટકે, પવિત્રના સેવનથી પાવન થવાય, તેથી પરમ પાવનનું સ્વરૂપ પૂછયું. (૬)

તન અને મનથી જન પવિત્ર બને, તો કૃષ્ણ-પ્રાપ્તિની ઈચ્છા થાય. પાવનને પ્રભુ મળે, તેવી માન્યતાએ, સાધનમાં શ્રદ્ધાવાળા ઋષિઓએ, ભગવાન્ કૃષ્ણ પણ સાધનથી મળે, તેવી સમજ તેમને હોવાથી, કૃષ્ણ-પ્રાપ્તિનું નિત્ય સાધન પૂછયું. (૭)

આમ, લૌકિક તથા વૈદિક પ્રલોભનોમાંથી કે ભયમાંથી છૂટવાના સાધનથી આરંભી પ્રભુપ્રાપ્તિ પર્યંતની સાધન પરંપરા ઋષિએ પૂછી છે, તેથી લોકસુખ અને શાસ્ત્રમાં કહેલાં ફળ મેળવવાની લાલસા છૂટયા પછી જ પ્રભુ પ્રાપ્તિ માટે પ્રયત્ન થઈ શકે, તેવો મત (યજ્ઞપરાયણ હોવા છતાં), ઋષિઓનો સ્પષ્ટ દેખાય છે. શ્રીમદ્‌ભાગવત કથાસાર છે. શાસ્ત્રના સર્વ સિદ્ધાન્તો તેમાં સમાયેલા છે. સર્વશાસ્ત્રના સિદ્ધાન્તના સારરૂપ પણ છે, સંસારના ભયનો નાશ કરનારૂં છે. ભેદદષ્ટિ અને બુદ્ધિમોહથી ઊભો થયેલો સઘળા પ્રકારનો ભય તેનાથી નાશ પામે છે. સંસાર અહંતા મમતા રૂપ છે. જીવે તે અવિદ્યાથી કલ્પેલો છે. ભાગવતજી વિદ્યાનો વિવેક દઈ, અવિદ્યા દૂર કરી, સંસાર ભયને દૂર કરે છે, માયાથી થતો મોહ દૂર કરે છે. ભાગવત-સેવનથી જીવની ઈન્દ્રિય-ભોગલાલસા છૂટે છે. કલેશ તો લેશ પણ રહેતો નથી. શુદ્ધિમાં અભિવૃદ્ધિ થાય છે, સાથે જ પ્રભુમાં પ્રીતિ પ્રાણીમાત્રને પાવન કરે છે; તેથી શ્રીમદ્‌ભાગવત પાવનરૂપ છે. વળી પ્રીતિ જ પ્રભુને પ્રસન્ન કરે છે. પ્રસન્નતાથી ભકતને પ્રભુ મળે છે, તેથી કૃષ્ણ-પ્રાપ્તિ કરાવનારું પણ ભાગવત છે. સૌ માટે કૃષ્ણ-પ્રાપ્તિ જ પરમ કલ્યાણરૂપ છે. શ્લોકમાં ''ચ'' કારથી તેનો સંગ્રહ છે. સાતેય પ્રશ્નના જવાબમાં શ્રીમદ્‌ભાગવતને જ સાધનરૂપે દર્શાવે છે.

વેદના સારરૂપ છે – શ્રીમદ્ભાગવત !

''શ્રીમદ્ ભાગવત તો વેદના સારરૂપ છે. વેદ દ્વારા ભક્તિનું દુઃખ દૂર ન થયું, તો ભાગવત દ્વારા કેમ થશે ?'' એમ નારદે પૂછતાં સનકાદિક કુમારો બોલ્યા, ''શેરડીમાં રસ તો ભરપૂર હોય, છતાં પણ શેરડીનો રસ સાકર તરીકે કામ નથી આપી શકતો, પણ શેરડીમાંથી રસ જુદો પાડીને તેમાંથી બનાવેલી સાકર મધુર લાગે, અનેક ઉપયોગમાં આવે, તેવી રીતે વેદના સારરૂપ શ્રીમદ્ ભાગવત કલ્યાણ કરી શકે છે અને સુખ આપે છે. આ ભાગવત વેદ-સંમત પુરાણ છે. **''પુરાતનમપિ નવં પુરાણમ્''** – જુનું હોવા છતાં પણ નવું, તે પુરાણ છે. વર્ષોથી સાંભળતા હોઈએ, કહેતા હોઈએ, વિચારતા હોઈએ, છતાં પણ જેમ જેમ તેનું વધારેને વધારે દર્શન કરતા જઈએ, તેમ તેમ તેમાંથી નવો અને નવો અર્થ મળે – રસ મળે. ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યના સ્થાપન માટે એને પ્રકટ કરવામાં આવ્યું છે. ''જ્યારે વ્યાસ મહર્ષિ વિષાદમાં હતા, ત્યારે તમે તેમને ચતુઃશ્લોકી ભાગવત સારરૂપ સંભળાવ્યું હતું તેનાથી વ્યાસજીનો શોક ગયો હતો !'' ભાગવત સાંભળવાથી શોક અને દુઃખ કાયમ માટે ચાલ્યા જાય છે.

શ્રીભાગવતની મહત્તા : સોળની તત્વતઃ એકરૂપતા

શ્રીમદ્ભાગવતની કથા સાંભળે તેને કોઈ ભ્રમ થતો નથી. ભાગવતજી જે ઘરમાં, જે હૃદયમાં બિરાજે, તેના પાપ જાય, દોષ જાય, તે તિર્થરૂપ બને અન્યના દોષ પણ તે દૂર કરી શકે. ભાગવત ફલની સમાનતા કોઈ સાધનબલથી ન થઈ શકે. શ્રીમદ્ ભાગવત તો ભગવાન છે. અલ્પ પાઠ માત્રથી પાવન કરે છે ૐકાર, ગાયત્રી, પુરૂષસૂક્ત, ત્રણ વેદ, ભાગવતજી, દ્વાદશાક્ષરમંત્ર, બારસ્વરૂપવાળા સૂર્ય, આ સોળ તત્ત્વતઃ એકરૂપ છે. અર્થપૂર્વક ભાગવતનું ગાન કરે તો કરોડો જન્મના પાપ નાશ પામે એમાં સંશય નથી.

શ્રીમદ્ ભાગવતનું મર્યાદામાર્ગીય માહાત્મ્ય

(૧) નિત્ય શ્રીમદ્ ભાગવતનું ગાન, (૨) પ્રભુનું ચિંતન, (૩) તુલસીનું પોષણ અને (૪) ગાયની સેવા કૃતાર્થ કરે છે. અંતકાલે જે શ્રીમદ્ ભાગવત સાંભળે તેને પ્રભુ પ્રસન્ન થઈ વૈકુંઠવાસ દે. સોનાના સિંહાસન સાથે વૈષ્ણવને ભાગવત આપે તેને સાયુજ્ય મળે. શ્રીમદ્ ભાગવતની કથા સાંભળી નથી, એ જીવતા શબ છે. ભાગવત કથા સાંભળવામાં દિવસનો કોઈ નિયમ નથી ! સર્વદા ભગવાનની કથા સાંભળવી જોઈએ. આ નિર્ગુણ - શ્રવણનું સ્વરૂપ છે. વાણીમાં, વિચારમાં અને વ્યવહારમાં સત્યનિષ્ઠ થઈ કથા સંભળાય, સાથે સંયમ જોઈએ, સત્ય અને સંયમ સ્નેહ રક્ષક છે. તે બે ન હોય તો ક્ષણિક ભગવદ્ ભાવ ક્વચિત્ ભાસે, પણ ટકે નહિં. હૃદય રંગાય નહિં. બ્રહ્મચર્યના પાલનના અભાવે આયુષ્ય અલ્પ થઈ જાય, સામર્થ્ય ક્ષીણ થઈ જાય. કાયાને ભગવાનની સેવા સિવાય લૌકિક ભોગ વગેરેના ઉપયોગમાં ન લેવી તે શરીરનો સંયમ છે. ભગવાન્ સિવાય બીજો કોઈ વિચાર ન કરવો, કાંઈ યાદ ન કરવું, એ બુદ્ધિનો સંયમ છે. ભગવાન્માંજ મન, બુદ્ધિ અને શરીરનો ઉપયોગ કરતા નિત્ય શ્રવણ કરવું જોઈએ. પણ આ પ્રકારે નિત્ય શ્રવણ કરવામાં કલિયુગમાં અનેક પ્રકારની બાધાઓ સંભવે છે. સત્ય અને સંયમ સાચવવા સહેલા નથી. હૃદયની સાત પ્રકારની સંસારમાં બાંધનારી ગ્રંથિઓ (ગાંઠો) છે. (૧) દામ્પત્ય ભાવ (૨) ઘરનો મોહ (૩) ક્ષેત્ર (શરીર અથવા પત્ની અથવા જમીન) મોહ, (૪) પુત્ર મોહ (૫) આપ્ત મોહ (૬) વિત્ત મોહ (૭) અહંતા-મમતા. તે ક્રમશઃ સાત દિવસમાં છૂટતા ભગવાનના સ્વરૂપની પ્રાપ્તિ થઈ જાય, મુક્તિ મળે.

ભગવાને પોતાનું તેજ પધરાવેલું હોવાથી શ્રીકૃષ્ણનું નામાત્મક સ્વરૂપ છે -શ્રીમદ્ ભાગવત !

ભગવાન જે સવારે સ્વધામ પધાર્યા ત્યારથી કલિ આવ્યો છે.

ઉદ્ધવજીએ ભગવાનને વિનંતી કરી ''આપના પધારતાં ભકતો કેમ જીવન ટકાવી શકશે ? આપ કાંઈક વિચારો ?'' પ્રભુએ કૃપા કરી પોતાનું તેજ (સામર્થ્ય) શ્રીમદ્ ભાગવતમાં પધરાવી દીધું.

શ્રીમદ્ ભાગવત શ્રીકૃષ્ણનું નામાત્મક સ્વરૂપ છે. સેવનથી, શ્રવણથી, પાઠથી, દર્શનથી પાપ નાશ કરનાર છે. દુઃખ દારિદ્રય, દુર્ભાગ્ય એમ દોષોને દૂર કરવા માટે, કામ અને ક્રોધને જીતવા માટે, કલિયુગમાં આ શ્રીમદ્ ભાગવત-શ્રવણ જ ધર્મરૂપ છે. તે સૌને કૃતાર્થ કરે છે.

કથા શ્રવણફલમાં ચાર ઉપકારક છે

(૧) ગુરૂવાકયમાં વિશ્વાસ - દીક્ષા અને શિક્ષા આપનાર ગુરૂના વાકયમાં વિશ્વાસ જ્ઞાન દઈને અજ્ઞાન દૂર કરે તે - ગુરૂ. ગુરૂના વાકયમાં શ્રદ્ધા જોઈએ, શંકા નહિ.

(૨) પોતાનામાં દીનભાવ-ભવબંધનમાંથી છૂટવાની તાલાવેલી, કે પ્રભુ-પ્રાપ્ત કરવાની આતુરતાથી આવતી દીનતા. અભિમાનનો અભાવ. આદરપૂર્વકની નમ્રતા.

(૩) મનના દોષ પર જય-ચંચલતા, સંકલ્પવિકલ્પ, મલિનતા, કપટ, લોલુપતા વગેરેને દબાવી દઈ દૂર કરાય.

(૪) કથામાં નિશ્ચલમતિ-કથા વગર કોઈપણ વિચારનો અભાવ, પ્રતિપદ સમજપૂર્વક શ્રવણ અને સ્મરણ, કથામાં દઢતા.

પ્રભુ-પ્રસન્નતા-પ્રાપ્તિના ઉપાયો

ભક્તિથી ભગવાન્ પ્રસન્ન થાય છે - મળે છે. યથાધિકાર સતત સ્નેહસભર સેવા પણ પ્રભુને સંતુષ્ટ કરે છે. પ્રાણી માત્ર પર દયા, જે મળે તેથી સંતોષ અને સર્વ ઈન્દ્રિયોપશાન્તિથી પણ પ્રભુ શીઘ્ર સંતુષ્ટ થાય છે.

ભગવાનની લીલાઓના શ્રવણ, કીર્તન, રટણ, સ્મરણને અભિનંદનથી પણ પ્રભુ મળે છે. કોઈપણ જાતની ઈચ્છા વગર ભગવાનના ભકતો અન્યોન્ય ભગવદ્ વાર્તા કરે છે, તેથી સંતુષ્ટ થઈ પ્રભુ પ્રકટ દર્શન દે છે. કર્મ, જ્ઞાન, યોગાદિ સાધન દ્વારા થતી ભગવાનની કૃપા હોય તો યથાધિકાર ફલ મળે, પણ ભક્તિથી તો પ્રભુ ખૂબ પ્રસન્નતાથી મળે. **''પ્રેમ્ણોડન્યત્ સાધનં લોકે નાસ્તિ મુખ્ય પરં મહત્''** પ્રભુપ્રાપ્તિ માટે પ્રેમ જેવું મુખ્ય પરમ સાધન લોકમાં બીજું કોઈ નથી. આ બધા બાહ્ય અને આન્તર પ્રયત્ન છે.

લૌકિક-ઈચ્છા અને ઈર્ષ્યા અવરોધ કરે, અકળાવે

પ્રભુમાં પ્રેમ કરનારના હૃદયમાં પ્રભુપ્રાપ્તિની ઈચ્છા વિના અન્ય ઈચ્છા ન જોઈએ. અન્ય ઈચ્છાઓને દૂર કરવા માટે પોતાની જરૂરિયાતો ઘટાડવી. માનવની જરૂરિયાતો વધતી જાય તેમ તેમ ઈચ્છાઓ વધતી જાય. ઈચ્છાઓ વધતી જાય તેમ તેમ અકળામણ વધતી જાય. ઈચ્છાઓ અધૂરી રહે તો ઈર્ષ્યા-ઉદ્વેગજ વધતાં જાય. ઈચ્છાઓ પૂર્ણ થાય તો પ્રમાદ અને ઈચ્છાઓ વધે. ઈચ્છાઓ અવરોધરૂપ બને. અપૂર્ણ કે પૂર્ણ લૌકિક - ઈચ્છાઓ ભગવદભિમુખને પણ વિમુખ બનાવે, તેથી ભગવાનને પ્રાપ્ત કરવા ઈચ્છનારે તો પોતાની ઈચ્છાઓ કાઢી નાખી; પ્રભુ માટે પ્રેમ થાય તેમ, આંતર અને બાહ્ય પ્રયત્નો કરવા જોઈએ. કોઈ પ્રયોજન પરવશ કે સ્વરૂચિ માત્રથી થયેલો પ્રેમ પણ પ્રયોજન પૂર્ણ થતાં કે અપૂર્ણ રહેતાં કે અજ્ઞાનથી લૌકિક દષ્ટિએ દોષ દેખાતાં સ્થિર રહેતો નથી, તેથી લોકો પ્રયત્ન કરતા દેખાય છે, છતાં પ્રભુ નથી મળતાં. પ્રભુ મળે તો મન તેમાં રહે, પ્રેમ થાય.

શ્રીમદ્ ભાગવત વ્દારા પ્રભુમાં પ્રેમ થવા માટેની આવશ્યકતાઓ

શ્રીમદ્ભાગવત જ સર્વશાસ્ત્રાર્થ-નિર્ધારક અને સર્વમાહાત્મ્ય-જ્ઞાપક છે. તેનાથી પ્રભુમાં પ્રેમ થાય છે. પ્રત્યક્ષ રીતે તો ભાગવત-શ્રવણાદિ કરવા છતાં, અત્યારે મોટાભાગે લોકોને પ્રભુમાં પ્રેમ થતો દેખાતો નથી ! અન્યશાસ્ત્ર તો પ્રભુની માયાથી મોહ પામેલી દશામાં ૠષિઓએ પ્રકટ કરેલાં હોવાથી પ્રેમોત્પાદક થતાં નથી. શ્રીમદ્-ભાગવત શ્રવણ કરવા ઈચ્છનાર માટે ત્રણ આવશ્યકતાઓ છે.

(૧) શ્રીમદ્ ભાગવતનું સ્પષ્ટ તાત્પર્ય જ્ઞાન

(૨) (જ્ઞાનયુકત છતાં પ્રેમપૂર્ણ) ભકતના મુખે શ્રવણ

(૩) શ્રોતાનો (સાંભળનારનો) સંસાર (અહંતા-મમતા)માં વૈરાગ્ય

આ ત્રણ ન હોય તો શ્રવણથી પ્રેમરૂપ ફલ થતું નથી, સામાન્ય ફલ-કલ્યાણ થાય, ઉચ્ચાધિકારવાળા શ્રોતાને તો ભાગવતની એકાદ લીલાના શ્રવણથી પણ પ્રભુમાં પ્રેમ થાય છે. સર્વથા લોકરહિત, ભાગવતની કથામાં (અસંભાવના, વિપરીતભાવના રૂપ) શંકા વગેરે દોષબુદ્ધિરહિત, તીર્થ સેવનાદિથી શુદ્ધ-અંતઃકરણવાળા, વિદુર જેવાને તેવું ફલ થયું છે. ઉદ્ધવજીનો તેનાથી વિશેષાધિકાર હોવાથી માત્ર એકલીલાના શ્રવણથી પણ પ્રભુમાં પ્રીતિ થતાં કૃતાર્થ થયા છે; તો સંપૂર્ણ શ્રીમદ્ ભાગવત-શ્રવણથી કૃતાર્થ થવાય જ. શ્રીમદ્ ભાગવતનું શ્રવણ, કીર્તન અને સ્મરણ નિરંતર યથા સંભવ થતાં પ્રભુમાં પ્રીતિ થાય. તેનાથી જીવનમાં સઘળી ભીતિ જાય. સેવાની રીતિ સ્વાભાવિક આવે, અને બાકીની બધી ભક્તિ સરલતાથી થઈ શકે. જેમ આતુરતા અધિક તેમ લાભ વધારે શીઘ્ર થાય. આપણી આતુરતા ઓછી હોય તેટલો જ વિલંબ થાય. શ્રીમદ્ ભાગવત ભગવાનના માહાત્મ્ય અને લીલાનું જ્ઞાન કરાવી ભગવાનમાં પ્રેમ કરાવે છે. શ્રીભાગવતનું માહાત્મ્યજ્ઞાન ભાગવતમાં પ્રેમ કરાવી, તેમાં પરાયણ બનાવે છે. માહાત્મ્ય દ્વારા ગુણનિષ્ઠાથી પ્રેમપ્રતિષ્ઠા સહજ થાય છે, યથાધિકાર સૌને ફલ મળે છે.

શ્રીમદ્ ભાગવતનિરૂપિત દશવિધલીલા તથા ષોડશ ગ્રંથ સંગતિ

સ્કંધ	લીલા	શ્રીઅંગ	ષોડશગ્રંથ	ગુણ	વિષય
૧	અધિકાર	દક્ષિણચરણ	પંચપદ્યાનિ,જલભેદ, શ્રીયમુનાષ્ટકમ્	જ્ઞાન/ઐશ્વર્ય	શ્રોતા-વક્તાના સ્વરૂપ તત્ત્વજ્ઞાન,મનન,
૨	સાધન	વામચરણ			
૩	સર્ગ	દક્ષિણબાહુ	પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ	વૈરાગ્ય/વીર્ય	કારણોની ઉત્પત્તિ,બંધ સૃષ્ટિ-મુક્ત સૃષ્ટિ
૪	વિસર્ગ	વામ બાહુ	બાલબોધ		કાર્યોની ઉત્પતિ,
૫	સ્થાન	દક્ષિણ સાથળ	અંતઃકરણપ્રબોધ	વીર્ય/યશ	ભગવાનનો જય (દેશકાલરૂપ) પદાર્થો પર જય, મર્યાદા લીલા
૬	પોષણ	વામ સાથળ	સિદ્ધાન્તમુક્તાવલી	...	નામ,ધ્યાન,અર્ચનાદિ વ્યાપાર દ્વારા અનુગ્રહની અભિવ્યક્તિ
૭	ઊતી	વામ હસ્ત	વિવેકધૈર્યાશ્રય	ઐશ્વર્ય/શ્રી	કર્મવાસના
૮	મન્વન્તર	દક્ષિણ સ્તન	ચતુઃશ્લોકી	...	સદ્ધર્મનિરૂપણ
૯	ઈશાનુકથા	વામસ્તન	ભક્તિવર્ધિની, નવરત્ન સિદ્ધાન્તરહસ્ય	યશ/જ્ઞાન	ભક્તિ (દુઃખનિવારણ તથા સુખપ્રાપ્તિ)
૧૦	નિરોધ	હૃદય	નિરોધલક્ષણ	...	પ્રપંચવિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિ
૧૧	મુક્તિ	શ્રીમસ્તક	સંન્યાસ નિર્ણય	શ્રી/વૈરાગ્ય	મોક્ષ સ્વરૂપ
૧૨	આશ્રય	દક્ષિણ હસ્ત	કૃષ્ણાશ્રય, સેવાફલ	...	આશ્રય, ભગવદ્ભાવાપત્તિ

પ્રમાણ-ચતુષ્ટયી : શ્રીભાગવતની પ્રધાનતા

વેદ-ગીતા-બ્રહ્મસૂત્ર એ પ્રમાણત્રયી કહેવાય છે. તે તત્ત્વવિચાર માટે પ્રયાણના આરંભરૂપ છે. વેદના વિષયોની સ્પષ્ટતા ગીતાજીમાંના શ્રીકૃષ્ણના

વાકયોથી થાય છે. શ્રીકૃષ્ણવાકયોની સ્પષ્ટતા બ્રહ્મસૂત્રોથી થાય છે. બ્રહ્મસૂત્રના પ્રતિપાદ્યની સ્પષ્ટતા વ્યાસજીની સમાધિભાષા રૂપ શ્રીભાગવતથી થાય છે. આમ, શ્રીમદ્‌ભાગવત તો વેદ-ગીતા-બ્રહ્મસૂત્રના પ્રતિપાદ્ય વિષયોની સ્પષ્ટતા કરતું, સ્વાભાવિક યથાર્થતાને પ્રકટ કરતું, ચતુર્થ પ્રમાણ છે. વેદનું પ્રાથમ્ય છે. શ્રીભાગવતનું પ્રાધાન્ય છે. પોતાનામાં સર્વ કાંઈ સમાવીને રહેલું ષડગુણસંપન્ન ''બ્રહ્મ'' વેદ વડે વેદ્ય છે. ગીતાજીમાં તે બ્રહ્મ સ્વેચ્છાથી, લીલા માટે, ક્ષર અને અક્ષર રૂપ બનીને, અનેક આભાઓ રૂપ બનીને, પોતે તે બધાથી ''ઉત્તમ પુરૂષ-પરમાત્મા - પુરુષોત્તમ'' રૂપે પોતાનો પરિચય કરાવે છે. બ્રહ્મસૂત્રમાં તે સર્વસમર્થ-જગત્કૃત-સર્વજ્ઞય-જગતના અભિન્ન-નિમિત્તોપાદાન કારણ, સર્વવિરુદ્ધધર્માશ્રય, ફલપ્રદ બ્રહ્મતો આનંદ પ્રચુર ''આનંદમય'' રૂપે ઓળખાય છે. શ્રીભાગવતમાં તો તે બ્રહ્મ પોતાની લીલા માટે, પોતાના સર્વ સૌન્દર્ય સામર્થ્ય સાર્વજ્ઞ્-ઐશ્વર્યાદિ છએ ગુણો-આનંદ-પ્રચુરતાને ભકતાનુકૂલ રીતે પ્રકટ કરીને, સ્વયં ''ભગવાન'' રૂપે, ભકતવશતાને માણવા, વિહાર-રત થયું. વેદમાંનું **''રસો વૈ સઃ''** (તૈત.ઉપ.૨-૭) રસ રૂપ બ્રહ્મ તો શ્રીભાગવતમાં રસમત્ત **'બર્હાપીડં નટવરવપુઃ'** (૧૦-૨૧-૫) થઈને વિલસી રહ્યું ! વેદના એક અને અદ્વિતીય આ પૂર્ણે તો **''પૂર્ણમદઃ પૂર્ણમિદં..''** ક્ષર-અક્ષર અને પુરુષોત્તમ રૂપે વિલસતા શ્રીભાગવતના ''પૂર્ણ બ્રહ્મ સનાતન ..'' (૧૦-૧૪-૩૨) ભકતવશ શ્રીકૃષ્ણ થઈને અનેક પુલિન્દીજીઓને પૂર્ણ બનાવી દીધા !! - ''પૂર્ણાઃ પૂલિન્દ્યઃ'' (૧૦-૨૧-૧૭). શ્રીભાગવત તો આનંદ રૂપ હરિની લીલા છે !

ચારે પ્રમાણોની એક-વાકયતા

આમ, ચારે પ્રમાણ - વેદ, ગીતા, બ્રહ્મસૂત્ર, ભાગવતમાં એક જ અર્થનું પ્રતિપાદન છે, તેથી એકવાકયતા છે. આ ચારે પ્રમાણોનો પ્રતિપાદિત અર્થ પ્રમેય છે. (ભગવાન શ્રીકૃષ્ણ)

(૧) વેદમાં છે - ''કૃષિર્ભૂવાચકઃ શબ્દો ણશ્ચ નિર્વૃત્તિ-વાચકઃ । તયોરૈકયં પરં બ્રહ્મ કૃષ્ણ ઈત્યભિધીયતે ।।'' (ગોપાલતાપનીયોપનિષત્). ''કૃષ્''-સત્તાવાચક શબ્દ છે; અને ''ણ''-આનંદ (સુખ) વાચક છે. તે બેનું ઐકય-પરબ્રહ્મ-''કૃષ+ણ=કૃષ્ણ'' (સદાનંદ) કહેવાય છે. આમ, વેદમાં પરબ્રહ્મ શ્રીકૃષ્ણનું પ્રતિપાદન છે. બ્રહ્મના નિશ્વાસમાંથી પ્રકટેલા વેદો અપૌરુષેય છે; ઋષિઓને સમાધિમાં પ્રભુપ્રેરણાથી ગુરુમુખે શ્રવણથી પ્રાપ્ત થયેલા શ્રુતિરૂપ છે.

(૨) ગીતા (શ્રીકૃષ્ણવાકયો)માં છે, -**''વેદૈશ્ચ સર્વેરહમેવ વેદ્યઃ''** બધા વેદોથી હું જ વેદ્ય છું; તથા **''તસ્માત્ ક્ષરમતીતોહમક્ષરાદપિ ચોત્તમઃ । અતોડસ્મિ લોકેવેદે ચ પ્રથિતઃ પુરુષોત્તમઃ ।।** (૧૫/૧૫). ''તેથી ક્ષરથી પર હું અક્ષરથી પણ ઉત્તમ છું; આથી લોકમાં અને વેદમાં પ્રસિદ્ધ છું, પુરુષોત્તમ છું'' આમ, ગીતામાં કૃષ્ણનું પ્રતિપાદન અને વેદ-વેદ્યત્વ સ્પષ્ટ છે. અઢાર અધ્યાયમાં ભગવાને અર્જુનને અઢાર યોગો કહીને, છેવટે તો સર્વધર્મત્યાગ-પૂર્વક પોતાને એકને જ શરણે પ્રાપ્ત થવાનું કહીને ''કૃષ્ણયોગ'' કહ્યો છે !

(૩) બ્રહ્મસૂત્રોમાં છે, - ''અથાતો બ્રહ્મજિજ્ઞાસા ।'' (૧-૧-૧) (સન્દેહનિવૃત્તિ-કર્માદિથી બ્રહ્મજ્ઞાન જ પુરુષાર્થ-સાધક છે) ''આથી બ્રહ્મ-સંબંધી (બ્રહ્મજ્ઞાનોપયોગી) (સર્વ)-વિચાર (અધિકાર-ત્રૈવર્ણિક) કરવો જોઈએ'' બ્રહ્મસૂત્રમાં બ્રહ્મસંબંધિ-સર્વવિચાર-પ્રવૃત્તિ છે. શ્રુતિઓમાં થતા સંદેહના સમાધાન માટે સૂત્રકારની પ્રવૃત્તિ છે. શ્રુતિઓના વ્યાખ્યાન માટે નહિ. ''બ્રહ્મસૂત્ર'' માં ચાર અધ્યાયો છે. ૧. (પ્રમાણ)-સમન્વય-અધ્યાય-તેમાં વિવાદાસ્પદ વેદાન્ત વાકયોનો બ્રહ્મપરતાથી સમન્વય સાધેલો છે. ૨. (પ્રમેય)-અવિરોધ-અધ્યાય-તેમાં શ્રુતિ-સ્મૃતિ-વાકયોનો અવિરોધ પ્રતિપાદિત કરેલો છે. ૩. (સાધન) - (ઉપનિષદોની)(બ્રહ્મ) બોધકતા-પ્રકાર-વિચાર-અધ્યાય-તેમાં બ્રહ્મજ્ઞાનોપયોગિ (દેહ) જન્મ, જીવની મુક્તિયોગ્યતા, બ્રહ્મધર્મો, બ્રહ્મફલક સર્વાત્મભાવ-વગેરેનું પ્રતિપાદન છે. ૪.(ફલ) બ્રહ્મવિદની અગ્રિમ-વ્યવસ્થા(ગતિ)-વિચાર-અધ્યાય. તેમાં

સમન્વય-અવિરોધ-સાધનથી-જો બ્રહ્મજ્ઞાની થાય તો બ્રહ્મદષ્ટિ, સર્વેન્દ્રિયલય, ઉત્ક્રાંતિ, ભક્તિ જ્ઞાનેતર માર્ગોથી અપ્રાપ્યતા, પુષ્ટિ-મર્યાદા ભેદથી ફલ, ફલરૂપે નિર્દોષ-પૂર્ણગુણ-સર્વજ્ઞ-સચ્ચિદાનંદ-આનંદમય-બ્રહ્મ (શ્રીકૃષ્ણ) અને લીલાનિત્યત્વનું પ્રતિપાદન છે.

(૪) શ્રીમદ્ભાગવતમાં છે **''સત્યં પરં ધીમહિ''**-(૧/૧/૧). આનો જ પરિચય મહર્ષિ વ્યાસજીએ શ્રીકૃષ્ણાવતાર સમયે ગર્ભસ્તુતિમાં, આખા ભાગવતમાં આ એકમાત્ર સ્થળે આપ્યો છે, - **''સત્યવ્રતં સત્યપરં''** (૧૦-૨-૨૬) કહીને, **''સત્યં-પરં''**, રૂપે પોતાને પુરુષોત્તમ શ્રીકૃષ્ણ જ અભિપ્રેત છે, પ્રતિપાદ્ય છે, તેમ સ્પષ્ટ કરી દીધું છે. એને પણ **''સત્યં પરં ધીમહિ''**-(૧૨-૧૩-૧૯)માં કહીને આદિ-મધ્ય-અંતમાં શ્રીકૃષ્ણ જ ગાયેલા છે. વેદવિભાગ, મહાભારત, બ્રહ્મસૂત્રાદિના પ્રણયન પછી પણ વ્યાસજી ખિન્ન હતા. નારદજી દ્વારા ભગવાનનો તેમને પ્રાદેશ મળ્યો. ભક્તિયોગ સમાધિથી ભગવલ્લીલાનુસરણ કર્યું. સમાધિમાં ભગવલ્લીલાનાં દર્શન કર્યાં. લીલાનો અનુક્રમ કર્યો તે લીલાનું પ્રતિપાદન કરવાના શબ્દો પણ સમાધિમાં મળ્યાં. સમાધિભાષામાં શ્રીભાગવત પ્રકટ થયું. પરમત અને લૌકિક ભાષા પણ તેમાં યથાયોગ્ય વણાઈ છે. તે બંને સમાધિભાષાને સાનુકૂળ હોય તો પ્રમાણ છે, નહિ તો બોલનારના અભિપ્રાય પુરતી જ પ્રમાણ છે, શ્રીભાગવતના બાર સ્કંધ ભગવાન્ શ્રીકૃષ્ણના બાર અંગ છે, તેમાં બાર લીલાઓનું પ્રતિપાદન છે. પ્રથમ-દ્વિતીય સ્કન્ધમાં અધિકાર-સાધન બે ગૌણ લીલા છે. ત્રીજાથી બારમાં સ્કન્ધમાં ક્રમશઃ સર્ગ, વિસર્ગ, સ્થાન, પોષણ, ઊતિ, મન્વન્તર, ઈશાનુકથા, નિરોધ, મુક્તિ અને આશ્રયલીલાઓ છે. શ્રીભાગવતમાં **''સત્યં પરં''** થી તથા **''કૃષ્ણસ્તુ ભગવાન્ સ્વયમ્''** થી સ્પષ્ટ રીતે શ્રીકૃષ્ણનું જ પ્રતિપાદન છે. **''આનંદરૂપ હરિ (શ્રીકૃષ્ણ)લીલા''** એ શ્રીભાગવતનો શાસ્ત્રાર્થ છે.

આમ, ચારે પ્રસ્થાનો (પ્રમાણો) માં પ્રમેય (અર્થ) રૂપે પરબ્રહ્મ-પરમાત્મા-પુરુષોત્તમ-આનંદમય ભગવાન્ શ્રીકૃષ્ણ જ પ્રતિપાદિત હોવાથી તેમની એકવાકયતા છે.

પ્રમાણ-ચતુષ્ટય-સંકલન

''વેદ'' ભગવાનના નિશ્વાસ રૂપ છે. નિઃશ્વાસની વાત કોને સમજાય ? માત્ર નિઃશ્વાસ કરનારને ! નિઃશ્વાસની વાત વિશ્વાસવાળાને જ કહેવાય; નિઃશ્વાસ કરનાર પોતે જ કહે તો સમજાય ને ? ભગવાને નિઃશ્વાસ (વેદ) વાર્તા પોતાના પ્રિય મિત્ર અર્જુનને કહી **''ગીતા''** રૂપે ! તે છે - વેદસાર ! કહેલી વાત પણ જ્ઞાન વગર ન સમજાય ને ? તેથી ભગવાન્ પોતે જ્ઞાનાવતાર વ્યાસજી રૂપે પધાર્યા. વેદ-ગીતાની વાતોને **''બ્રહ્મસૂત્ર''** માં સ્પષ્ટ કરી. તે પછી, ભકત નારદ સંગ અને પ્રભુ પ્રાદેશ પછી, ભક્તિયોગ-પ્રણિહિત-મતથી સમાધિમાં લીલાનું દર્શન કરીને, અનર્થોપશમ-રૂપ, સાક્ષાદ્-ભક્તિયોગ રૂપ, **''ભાગવત''** પ્રકટ કર્યું. તેમાં તો વેદ-ગીતા-બ્રહ્મસૂત્રની વાતોને વિશેષ રૂપે સ્પષ્ટ કહી છે, સમજાવી છે. આમ ચારેનું સંકલન સંભવે છે, એકવાકયતા છે.

શ્રીભાગવતમાં પ્રતિપાદિત શ્રીકૃષ્ણ

વેદ-ગીતા-બ્રહ્મસૂત્ર-ભાગવત આ ચાર પ્રમાણના પ્રતિપાદ્ય પ્રમેય રૂપ છે. ભગવાન્ શ્રીકૃષ્ણ !

યજ્ઞરૂપો હરિઃ પૂર્વકાંડે બ્રહ્મતનુઃ પરે ।
અવતારી હરિઃ કૃષ્ણઃ શ્રીભાગવત ઈર્યતે ।।

(તત્ત્વાર્થદીપ-નિબંધ, શાસ્ત્રાર્થ પ્રકરણ કા.૧૧)

''યઃ સર્વજ્ઞઃ સર્વશક્તિઃ ।'' - શ્રુતિથી જ્ઞાન અને ક્રિયા બંને યુકત ભગવાન સર્વ-વેદના અર્થ છે તેમાં (લૌકિક) ક્રિયામાં (અભિવ્યંગ્ય રૂપે) પ્રવિષ્ટ ક્રિયારૂપ યજ્ઞાત્મા પૂર્વકાંડનો અર્થ છે. જ્ઞાનમાં (વૃત્તિ-રૂપમાં વિષયરૂપે) પ્રવિષ્ટ-જ્ઞાનાત્મા પૂર્વકાંડનો અર્થ છે. શ્લોકમાં **''તનુઃ''** શબ્દથી આ બ્રહ્મ સાકાર છે, - આનંદમય, અપ્રાકૃત આકારવાળું છે. સંપૂર્ણ ક્રિયા અને સંપૂર્ણ જ્ઞાન પ્રકટ કરીને, જે અવતર્યા છે તે, સર્વસમર્થ, સર્વજ્ઞ, શ્રીકૃષ્ણ તો

શ્રીભાગવતમાં (અને ગીતામાં પણ) યથાર્થ રીતે નિરૂપાયેલા છે. આથી, વેદમાં ખંડશઃ નિરૂપણ છે, શ્રીભાગવતમાં સમુદાયથી નિરૂપણ છે. ભગવાનની લીલાઓનું અનેકવિધ નિરૂપણ શ્રીમદ્ ભાગવતમાં છે. શ્રીભાગવતમાં પૂર્ણ ક્રિયાશક્તિ પૂર્ણ જ્ઞાનશક્તિ-વાળા પ્રકટ-શ્રીકૃષ્ણનું જ્ઞાન હોવાથી, તે શ્રવણ કરવા માટે તો, ક્રિયાશક્તિના અવતારરૂપ પરશુરામજી અને જ્ઞાનશક્તિના અવતાર રૂપ વ્યાસજી પણ શ્રીશુકના શ્રોતાઓ રૂપે ગંગાતટે પધાર્યા છે. આમ શ્રીમદ્ ભાગવત મુખ્ય શાસ્ત્ર છે.

શ્રીભાગવત યથાર્થ-સંપૂર્ણ ‘‘કૃષ્ણદર્શન’’ છે.

‘‘દર્શન’’ જોકે સાક્ષાત્કારના અર્થમાં રૂઢ છે, છતાં દર્શન-શાસ્ત્રમાં તો તે પરોક્ષ-જ્ઞાન-વાચક દેખાય છે ! યથાભૂત વસ્તુ-સ્વરૂપનું પ્રતિપાદન તે વર્ણનથી કરે છે. તેવું જ્ઞાન તે બુદ્ધિથી થાય છે. સામાન્યતઃ તે તત્ત્વજ્ઞાનરૂપ ગણાય છે. તેમાં જગત્-જીવ-ઈશ્વર-સંબંધી ચિંતન-પ્રકાશ દેખાય છે. બીજા શબ્દોમાં જડ-ચેતન-અંતર્યામી પણ તે ત્રણ કહેવાય છે. વાસ્તવમાં તો, તે સત્-ચિત-આનંદના જ અંશરૂપ છે. બધાં દર્શન-શાસ્ત્રમાં આમ સત્-ચિત્ત-આનંદના અંશોનું પ્રતિપાદન દેખાય છે. બ્રહ્મ સચ્ચિદાનંદ છે. તેની લીલેચ્છાથી, તેના સંદર્ભમાંથી જડ-પદાર્થો ઉત્પન્ન થાય છે. તેમાં ચિત્ અને આનંદ તિરોહિત હોય છે, હોવા છતાં અનુભવ આપતાં નથી. ચિદંશમાંથી ચેતન-જીવો પ્રકટ થયા છે. તેમાં સત્-ચિત્ પ્રકટ અને આનંદ તિરોહિત હોય છે. અંતર્યામીમાં આનંદ પ્રકટ હોય છે. તે અંતર્યામી પ્રત્યેક જીવ સાથે હૃદયમાં રહે છે, જીવના સાક્ષી અને નિયામક છે. આમ, (જગત) જડ (સત્)-(જીવ) ચેતન (ચિત્) - (અંતર્યામિ) ઈશ્વર (આનંદ)નું અલ્પાંશે પ્રતિપાદન કરતાં દર્શનશાસ્ત્રો છેવટે તો અંશતઃ સચ્ચિદાનંદ-બ્રહ્મનું જ પ્રતિપાદન કરે છે. આ પ્રતિપાદન, પ્રત્યક્ષ નહિં તો પરોક્ષ, સાક્ષાત્ નહિં તો પરંપરાથી, સર્વાંશે નહિં તો અલ્પાંશે, સર્વાંગે નહિં તો એકાંગે કરે છે ! વિધિ-નિષેધ રૂપ શાસન કરનારાં

કર્મ-ધર્મ-શાસ્ત્રથી જુદાં, આ શંસન-વર્ણન-કરનારાં, યથાભૂત વસ્તુસ્વરૂપનું પ્રતિપાદન કરનારાં, બોધક-શાસ્ત્રો છે. વસ્તુ-સ્વરૂપ-પ્રતિપાદક શાસ્ત્ર દર્શનશાસ્ત્ર છે. તે વસ્તુતન્ત્ર છે, વસ્તુ પર આધાર રાખે છે. ધર્મશાસ્ત્ર વ્યવહાર-રીતે ક્રિયા અને ફલના સંબંધ અને ઉપાયો (સાધન)નું પ્રતિપાદન કરે છે, પુરુષ-તંત્ર છે, પુરુષ પર આધાર રાખે છે. તેમાં કર્મ-ફલ-વિચારીને ક્રિયા કરવામાં પુરુષ-કર્તા-સ્વતંત્ર છે, સ્વતંત્રતાની છાયામાં છે.

દર્શનશાસ્ત્રના ત્રણ વિભાગ સંભવે છે - **૧. દષ્ટિ-સ્વરૂપ-નિર્ણાયક, ૨.દશ્ય-સ્વરૂપ-નિર્ણાયક, ૩. દષ્ટા-સ્વરૂપ-નિર્ણાયક.** આમ, દષ્ટિ-દશ્ય-દષ્ટા; જ્ઞાન-જ્ઞેય-જ્ઞાતા; પ્રમાણ-પ્રમેય-પ્રમાતા; ત્રણે લૌકિક બુદ્ધિથી સ્વતંત્ર અસ્તિત્વવાળા લાગે છે; વૈચારિકો તે વાસ્તવ કે પ્રતીતિ રૂપ છે - તે વિચારે છે. આ રીતે, વેદને પ્રમાણ ગણીને વાસ્તવમાં વિચારતાં આસ્તિક દર્શન કહેવાય છે. વેદને પ્રમાણ ન ગણીને પ્રતીતિમાં વિચરતાં નાસ્તિક-દર્શન છે. આવાં નાસ્તિક દર્શન છ છે, (૧) સૌત્રાન્તિક, (૨) વૈભાષિક, (૩) યોગાચાર (૪) માધ્યમિક (આ ચારેય બૌદ્ધ છે) (૫) જૈન (૬) લોકાયતિક (ચાર્વાક), આસ્તિક દર્શન પણ છ છે - (૧) સાંખ્ય (૨) યોગ (૩) ન્યાય (૪) વૈશેષિક (૫) પૂર્વમિમાંસા (૬) ઉત્તરમિમાંસા.

આ બધાં દર્શનશાસ્ત્રનો પરંપરાથી ઉપયોગ છે. શ્રીભાગવતમાં દર્શાવે છે, - **''ભગવાન્ સર્વભૂતેષુ લક્ષિતઃ સ્વાત્મના હરિઃ । દશ્યૈર્બુદ્ધયાદિભિર્દષ્ટા લક્ષણૈરનુમાપકૈઃ ।।''** (૨-૨-૩૫). પ્રત્યેક પુરુષ અને પ્રત્યેક વિષયમાં શાસ્ત્રો પ્રવૃત્ત છે. તેમનો પરંપરાથી ઉપયોગ હોવાથી સર્વથા બાધિત-વિષયવાળા તે નથી. તે બધા શાસ્ત્રો વડે ભગવાન્ સર્વભૂતોમાં અનુભવ-સહિત લક્ષણાથી જણાવાએલા છે. નૈયાયિકો કર્તા રૂપે, મીમાંસકો ક્રિયા (કર્મ) રૂપે, વેદાન્તીઓ આત્મા રૂપે, સાંખ્યો કરણ-રૂપે, બીજાઓ જ્ઞાન-રૂપે, જ્ઞાતા-રૂપે, જ્ઞેય-રૂપે જ્ઞાનના અધિષ્ઠાતા-રૂપે, ભગવાનને જણાવે છે. તે તો અંધહસ્તિ-ન્યાયે, પોતાના અનુભવ-યુક્તિ વગેરે વડે, તેમ જણાવે છે (શાસ્ત્રકારો) બુદ્ધિ વગેરે વડે, અસાધારણ ચિહ્નો (લક્ષણો) વડે, ક્રિયાદિ વડે, પરોક્ષ-જ્ઞાનજનક

અનુમાનાદિથી, દૃષ્ટાને લક્ષણોથી દર્શાવે છે. સંપૂર્ણ ભગવદ્ દર્શનમાં બધાં જ દર્શન શાસ્ત્રો અપ્રયોજક છે. **''ઈશ્વરં મતયો યથા''** (૧-૧૧-૩૯) માં પણ આમ સ્પષ્ટ છે. **દ્વારકામાં સ્ત્રીજનો સાથે રમતાં કૃષ્ણને મૂઢ લોકો સ્ત્રૈણ માને છે, યથાર્થ જાણતા નથી,** જેમ દર્શન શાસ્ત્રો ભગવાનને અન્યથા માને છે, અન્યથા સમજાવે છે. કેટલાંક ઈશ્વર નથી-તેમ કહે છે, કેટલાંક યજ્ઞનેજ ઈશ્વર કહે છે, કેટલાક કેવલ કર્તા જ કહે છે, કેટલાંક જીવ-વિશેષ કહે છે. સૌને (વેદ) પ્રમાણનું અજ્ઞાન હોવાથી, પોતાની ઉત્પ્રેક્ષાથી અન્યથા કહે છે. યથાર્થ સંપૂર્ણ ભગવદ્ દર્શન કરાવતું શ્રીભાગવત જ **''કૃષ્ણદર્શન''** છે.

સર્વ-દર્શનનો સંક્ષિપ્તમાં દૃષ્ટિકોણ

સચ્ચિદાનંદ બ્રહ્મનું પ્રતિપાદન વેદો કરે છે તેમાંથી સત્ (અસ્તિત્વ રૂપે અનુભવાતું, જડ) (અધિભૂત), ચિત્ (અનુમાનથી અસ્તિત્વરૂપે સમજાતું, ચેતન) (અધ્યાત્મ) અને આનંદ (જડ-ચેતનનું નિયામક, ફલરૂપ) (આધિદૈવ) નો વિચાર આધિભૌતિક-આધ્યાત્મિક-આધિદૈવિક રૂપે પ્રસિદ્ધ થયો. જ્ઞેયના આ ત્રણ ભેદો છે. આત્મા-દેહ છે; તેનો આધાર રાખીને રહેલાં ઈન્દ્રિયો-અંતઃકરણ અને પ્રાણ અધ્યાત્મ છે. તેનો આધાર રાખીને રહેલો શરીર-આત્મા આધ્યાત્મિક છે. તે જ પુરુષ-શ્રોતા-વકતા વગેરે રૂપે ઓળખાય છે. તેનો અંતર્યામી આધિદૈવિક છે. અધિદેવ-(ઈન્દ્રિયોના અધિષ્ઠાતા દેવો) ના નિયામક રૂપે તેના આધારે રહેલો આત્મા આધિદૈવિક છે. તે પણ આ આત્મા જ છે. એક જ આત્મા ઈન્દ્રિય અને તેના દેવોના આધારે રહેતાં આધ્યાત્મિક-આધિદૈવિક રૂપે જુદા શબ્દોથી ઓળખાય છે. અંતર્યામીથી ઈન્દ્રિયાધિષ્ઠાન-સામર્થ્ય મળે છે. આ એક જ આત્માનો બંને પ્રકારે વિભેદ કરનાર, બંને શબ્દોની પ્રવૃત્તિમાં નિમિત્ત ભૂત, આધિભૌતિક છે. ભૂતોનો આધાર રાખીને રહેલાં રૂપ વગેરે અધિભૂત છે. તેમનો સમુદાય-અવયવી-દેહ આધિભૌતિક છે. દેહના હોવાથી જ આમ ઈન્દ્રિયાભિમાનીપણું અને

ઈન્દ્રિયપ્રેરકપણું છે; નહિં તો આત્મા એક જ છે. આમ, **''આત્મા''** શબ્દ દેહ-અંતઃકરણ-જીવ અને ભગવાનનો વાચક છે. આમ, આધ્યાત્મિક-આધિદૈવિક-આધિભૌતિક આ ત્રણેને જાણે તે આત્મા, પોતાના આધારનો પણ આધાર છે. દેહ અને જીવ આ ત્રણેને જાણતા નથી; તેમ પોતાના વ્યાપારમાં પ્રવૃત્ત, આ ત્રણેનો પ્રવિષ્ટ, અંતર્યામી પણ આ ત્રણેને જાણતો નથી. આ ત્રણેને જાણનાર આત્મા (ભગવાન્) છે, વ્યાપક છે. તે સ્વલીલાથી જીવ-રૂપ પણ બને છે. ભગવાનનું તે એક રૂપ છે. ભગવાન્ જ જ્ઞાનાશ્રય આત્મારૂપે કહેલાં છે. તે પોતાના આધારે જ રહે છે. અન્યના આધારની તેમને અપેક્ષા નથી. તે સ્વયંપ્રકાશ છે. આ સમન્વય ભાગવત-દર્શનનો છે.

આ આધ્યાત્મિક-આધિદૈવિક-આધિભૌતિક વિચાર કરવામાં અપૌરુષેય વેદના પ્રામાણ્યને સ્વીકારે તે આસ્તિક-વિચાર-સરણી છે; અને તેનો સ્વીકાર ન કરનારી નાસ્તિક વિચાર સરણી છે. આમાં, જેમ લૌકિક-પ્રત્યક્ષ બાહ્ય વ્યવહાર યુકત જગતનું ભાન કરાવે છે; તેમ તત્ત્વચિંતન એક અલૌકિક-પ્રત્યક્ષ-રૂપે આંતર અને બાહ્ય જગતના સ્વરૂપનું ભાન કરાવે છે. આવી વિચાર સરણીને ''દર્શન'' કહેવામાં આવે છે. આવાં છ આસ્તિક દર્શન અને છ નાસ્તિક દર્શન છે. આ ભારતીય-દર્શનોમાં કેટલીક વાતો સમાન દેખાય છે. ૧. કર્મ સિદ્ધાન્ત અને જન્માંતર-પરિણામ, ૨. જન્મ-મરણ કે સંસારના ચક્રમાં ભટકતો સચેતન શરીરી (વેદાન્તનો આત્મા, સાંખ્યયોગનો પુરુષ, ન્યાય-વૈશેષિક કે જૈનોનો જીવ, બૌદ્ધોનો વિજ્ઞાન-સ્કંધ કે સંતાની), ૩. તે બદ્ધ-શરીરીના મોક્ષનો સંભવ, ૪. તે મોક્ષનું સાધન-સમ્યગ્દર્શન કે તત્ત્વજ્ઞાન(ભક્તિ). માત્ર ચાર્વાક કે (પ્રત્યક્ષ લોક વિના અન્ય કોઈ જ ન માનનાર જડવાદી) લોકાયતિક વિના બધાં જ દર્શનોમાં આવું દેખાય છે. બુદ્ધિયુકત-નાસ્તિકતાને પણ સહિષ્ણુતાથી દર્શનનો દરજ્જો દેવાની ઉદારતા ભારતીયોમાં છે.

મહાપ્રભુ શ્રીમદ્‌વલ્લભાચાર્યચરણનો શ્રીમદ્ ભાગવત સંબંધમાં વિશિષ્ટ દષ્ટિકોણ

(૧) શ્રીમદ્ ભાગવતનો શાસ્ત્રાર્થ છે, (સાકાર) **આનંદરૂપ હરિની લીલા!** (૧) શાસ્ત્રાર્થ (૨) સ્કન્ધાર્થ (૩) પ્રકરણાર્થ (૪) અધ્યાયાર્થ (૫) વાકયાર્થ (૬) પદાર્થ (શબ્દાર્થ) (૭) અક્ષરાર્થ. આમ સાત પ્રકારે પરસ્પર વિરોધ વગર, પરંપરાથી, ગૂઢાર્થ છે, શ્રીમદ્ ભાગવતનો ! આમાં ક્રમશઃ અર્થ સંકોચથી ઉત્તરોત્તર દૂર્બલતા છે. અક્ષરાર્થ પદાર્થને, પદાર્થ વાકયાર્થને, વાકયાર્થ અધ્યાયાર્થને, અધ્યાયાર્થ પ્રકરાણાર્થને, પ્રકરણાર્થ સ્કન્ધાર્થને અને સ્કન્ધાર્થ શાસ્ત્રાર્થ અનુકૂલ રીતે કરવો જોઈએ. આ ગૂઢાર્થ લીલાદષ્ટા વ્યાસજી અને લીલાકર્તા રસ-રૂપ શ્રીકૃષ્ણને પ્રિય છે. ભગવાન્ લીલા કરે છે, શાસ્ત્રાર્થનું સ્થાપન કરે છે, તે વ્યકત કરે છે, - **શ્રીમદ્ ભાગવત !**

(૨) શ્રીમદ્ ભાગવતના પ્રથમ સ્કન્ધમાં ઓળખ છે, - અધિકારીઓની! વિશેષ અધિકાર છે - વૈરાગ્યથી ! તે અધિકારીઓના કર્તવ્ય(સાધન) (શ્રવણ)નું શંકાસહિત નિરૂપણ છે, સ્કન્ધ બીજામાં ! આ શ્રવણ જ વિષયરૂપ દશલીલા-વિશિષ્ટ ભગવાનનું વર્ણન છે, - સ્કન્ધ ત્રીજાથી બારમાં સુધીમાં ! આ છે, - સંકલન - **શ્રીમદ્ ભાગવતનું !**

(૩) પહેલાનો સ્કન્ધ કારણ અને પછીનો સ્કન્ધ કાર્ય છે. કારણથી કાર્ય સંભવે. આમ, બારે સ્કન્ધનો કારણ-કાર્ય-સંબંધ છે, શ્રીમદ્ ભાગવતમાં ! દશમ-સ્કન્ધનો નિરોધ મહાફલ રૂપ છે; અગીયારમાં-બારમાં, સ્કન્ધનો મુકિત અને આશ્રય તો પ્રત્યાપત્તિ (પૂર્વભાવ) રૂપ છે, - **શ્રીમદ્ ભાગવતમાં !**

(૪) સામાન્યતઃ સંસ્કૃત ભાષામાં હોવા છતાં, સમાધિ ભાષા, પરમત ભાષા અને લૌકિક ભાષા આ ત્રણ ભાષા છે, -શ્રીમદ્ ભાગવતમાં ! સમાધિથી અવિરોધી, સાનુકૂલ, મતાંતર લૌકિકભાષા પ્રમાણ છે, નહિ તો બોલનારના અભિપ્રાય પૂરતી જ પ્રમાણ છે. આમ, કથાઓમાં દેખાતા સહેતુક પરસ્પર-વિરોધ કે ભિન્નતાનું સમાધાન છે. જુદા જુદા કલ્પની પણ કથાઓ છે, તેથી

કલ્પભેદથી પણ સમાધાન છે, - **શ્રીમદ્ ભાગવતમાં !**

(૫) અભયની ઈચ્છાવાળા માટે, સંસારનો ભય લાગે ત્યારથી, દેહ છૂટે ત્યાં સુધી, દશલીલાવાળા ભગવાનનું નિરંતર શ્રવણ, કીર્તન અને સ્મરણ કરવું જરૂરી છે. ઔપનિષજ્જ્ઞાન અને શ્રીભાગવત (જ્ઞાન) (ઉપદેશાદિ) માં ત્રૈવર્ણિકોમાંનો જ અધિકાર છે; સ્ત્રી-શૂદ્રાદિ પણ તે સિવાય લીલાનાં શ્રવણ-કીર્તન-સ્મરણ કરી શકે છે. તે ભગવાનને ગાયા છે, - **શ્રીમદ્ ભાગવતમાં !**

(૬) દશલીલા - વિશિષ્ટ ભગવાન્ શ્રીકૃષ્ણ સર્વત્ર સર્વદા ક્રીડા કરે છે. આ વ્યાપક સાકાર બ્રહ્મ જ સ્વેચ્છાથી, સ્વલીલા માટે, પોતે જ, પોતાની માયા શક્તિ (સર્વભવન-સામર્થ્ય)થી, જગદ્રુપે અવિકૃત-પરિણામ પામે છે. જગત બ્રહ્મથી જુદું નથી, અનન્ય છે; તેથી બ્રહ્મ-સત્યતાથી જગત્ સત્ય છે. મિથ્યા છે, - જીવે અવિદ્યાથી કલ્પેલો, અહંતા-મમતા રૂપ, સંસાર ! જીવ ભગવાનનો અંશ હોવાથી દાસ (સેવક) છે; તે સમજાવે છે, **શ્રીમદ્ ભાગવત !**

(૭) શ્રીમદ્ ભાગવત યથાર્થ સમજાતાં, જાણેલા ભગવાન્ ભક્તિનું પ્રદાન કરે છે. શ્રીભાગવતમાં ૩૩૨ અધ્યાયો છે, દશમ-સ્કન્ધ-પૂર્વાર્ધના ૧૨-૧૩-૧૪ ત્રણ અધ્યાયો પ્રક્ષિપ્ત છે, તે સાથે કુલ ૩૩૫ અધ્યાયો થાય છે. વચમાં પણ અનેક શ્લોકો વિગીત છે, અનેક પાઠભેદો પણ છે. તે પ્રમાણપુષ્ટ છે. **પાઠ દ્વારા શ્રીમદ્ ભાગવતને ધારણ કરતાં શ્રીકૃષ્ણ જ ધારણ થાય છે.** દ્વાદશાંગ-પુરુષના બાર અંગરૂપ બાર સ્કન્ધ છે, બાર લીલા છે. ભગવાનનું નામાત્મક સ્વરૂપ છે, રસાત્મક ભગવાનનો રસ છે - **શ્રીમદ્ ભાગવત !**

(૮) વેદ્ય-વાસ્તવ-કલ્યાણપ્રદ-વસ્તુનું નિરૂપણ હોવાથી બુદ્ધિ-પરિકલ્પિત, કાલ્પનિક અલંકારો શ્રીભાગવતમાં સ્વીકાર્ય નથી; લીલા જ મુખ્ય છે, રૂપક જેવા આધ્યાત્મિક અર્થ તો ગૌણ છે, સુલભ હોય તો જ લેવાય; આવી અનેક અલૌકિકતા છે, **શ્રીમદ્ ભાગવતમાં !**

(૯) ભગવાન્ ફલ છે, ભગવત્સ્વરૂપાનંદનો અનુભવ ફલ છે, ભાગવત ફલ છે. લૌકિક-પારલૌકિક-પ્રયોજનો વગરનો - ૧. સર્વસંશયોનું સમાધાન, ૨. ભગવત્કૃપા, ૩. ભગવાનમાં પરમ પ્રેમ, ૪. સાક્ષાત ભગવત્પ્રવેશ, ૫. સર્વત્ર

અભય; આ પાંચ મુખ્ય ફલ છે, - **શ્રીમદ્ ભાગવતમાં !**

(૧૦) મહિમા જાણીને, આત્મા રૂપે ઓળખીને, સદા કૃષ્ણસેવા કરવી જરૂરી છે. કૃષ્ણસેવા અને કૃષ્ણ કથા સૌને કૃતાર્થ કરે છે - આ છે હાર્દ, - **શ્રીમદ્ ભાગવતનું !**

(૧૧) ''મહાભારત'' માં ભગવજ્જ્ઞાનાવતાર વ્યાસજી પુરુષાર્થ-ક્રમમાં ધર્મથી અર્થ અને કામ મળે તેમ કહે છે. ભકત નારદજીના સત્સંગ પછી ''શ્રીભાગવત'' માં જુદો ક્રમ કહે છે. યોગ્ય આહાર-વિહાર-કામ છે, તેનાથી ટકેલું જીવન અર્થ છે, તેનાથી ધર્મ થાય છે, તેનાથી મોક્ષ મળે છે. આવું ક્રાન્તિકારી વિચાર-દર્શન, વિશિષ્ટ રીતે પુરુષાર્થોનું સાધનક્રમ-દર્શન કરાવ્યું છે, - **શ્રીમદ્ ભાગવતમાં !**

શ્રીમદ્ભાગવતજીના મુખ્ય પાંચ ફલ

(૧) સાક્ષાત્ ભગવત્-પ્રવેશ, પ્રભુપ્રાપ્તિ :

ભગવાનને પ્રાપ્ત કરવા એ મુખ્ય ફલ ભાગવતજીનું ! ભગવાન બે રીતે પ્રાપ્ત થાય (૧) બહાર (૨) હૃદયમાં. જયારે શ્રીમદ્-ભાગવતના સતત પ્રેમપૂર્વકના શ્રવણથી, કીર્તનથી અને સ્મરણથી પ્રભુમાં શુદ્ધ, કપટરહિત પ્રીતિ થાય, ત્યારે ભગવાન્ હૃદયમાં પ્રકટ થાય. પોતાના ભકતોને જયારે પોતાને માટે કલેશ કરતા જુએ, ત્યારે પ્રભુ કૃપાયુકત બની જાય છે. હૃદયમાં રહેલા ભગવાન્, પોતાનું સ્વરૂપ ભકત પાસે પ્રકટ કરી દે છે. શ્યામસુંદર ભગવાન્ ભકતની આંખ સામે તેને દર્શન દેતા પ્રકટ થઈ જાય છે. આમ, ભકતના હૃદયમાં સાક્ષાત્ ભગવાનનો પ્રવેશ થાય અથવા સાક્ષાત્ પ્રકટ થયેલા પ્રભુમાં ભકતનો પ્રવેશ થાય.

(૨) ભગવાનમાં પરમ પ્રીતિ !

જ્યાં સુધી આપણને સંસારમાં આસક્તિ છે, સ્વજનમાં મોહરૂપ સ્નેહ છે, ત્યાં સુધી ભગવાન્માં પ્રીતિ થાય નહિં. ભગવાન્ એક જ પ્રીતિ કરવા યોગ્ય

છે, એમ સમજાવી ભાગવત પ્રભુમાં પ્રીતિ કરાવે છે. **તાવમાં ભોજનનો સ્વાદ આવે નહિં, તેમ ભગવાનની સેવામાં અને કથામાં લોકાસક્તિ હોય કે સંસારમાં આસક્તિ હોય ત્યાં સુધી રસનો અનુભવ થાય નહિં, પ્રીતિ થાય નહિં.** શ્રીમદ્‌ભાગવતના સતત શ્રવણથી, કીર્તનથી અને સ્મરણથી લોકાસક્તિ અને મનની મલિનતા ચાલી જાય, અંતઃકરણ શુદ્ધ થાય. શુદ્ધ અંતઃકરણમાં પ્રભુમાં પ્રીતિ થાય. બીજે ક્યાંય ન હોય તેવી; પ્રભુ જેનાથી સમજાય, પ્રાપ્ત થાય તેવી, સર્વથી અધિક અને સુદૃઢ હોય, તે પરમ પ્રીતિ કહેવાય.

(૩) ભગવત્-કૃપા !

દુનિયામાં દેખાતા અનેક પદાર્થો અને પ્રાણીઓને પદાર્થ તરીકે અને પ્રાણીઓ તરીકે ઓળખીએ છીએ, ત્યાં સુધી કોઈમાં ભાવ અને કોઈમાં અભાવ આવે છે. કોઈક ગમે છે અને કોઈ કોઈ તરફ અણગમો પણ થાય છે ! વાસ્તવમાં, **''વાસુદેવઃ સર્વમિતિ''** - એ ગીતાજીમાં કહ્યું છે. શ્રુતિ પણ કહે છે, **''સર્વ ખલ્વિદં બ્રહ્મ''** - આ છે તે બધું ભગવાન્ જ છે, બ્રહ્મ છે. વસ્તુ દેખાય છે તે પણ ભગવાન્ ! અને વ્યક્તિ દેખાય છે તે પણ ભગવાન્ જ છે. આમ, વ્યક્તિરૂપે અને વસ્તુરૂપે સઘળે ભગવાન જ બિરાજે છે, તે સમજાઈ જાય તો સર્વત્ર ભગવદ્‌ભાવ આવતાં મનમાંથી મલિનતા જાય, કાળજામાંથી કટુતા, કપટ અને કઠોરતા જાય, નિર્મલતા આવે. પોતાના માન્યા હોય તેમના તરફથી કૂણી લાગણીને લોકો પ્રેમ કહે છે. શ્રીમદ્ ભાગવત પોતાનાં અને પારકાં રૂપે માનેલાંને પ્રભુના સ્વરૂપ તરીકે ઓળખાવે છે ! પ્રભુ પોતાના તથા સૌના આત્મારૂપ છે. આત્મામાં સૌને પ્રીતિ હોય, તેથી માત્ર પ્રેમનું નહિં પણ પરમપ્રેમનું દાન ભાગવત કરે છે. ભગવાન્ શ્રીકૃષ્ણ પ્રત્યેની ભક્તિ પરમપ્રેમ સ્વરૂપ છે. ભાગવત દુશ્મનને દુશ્મન તરીકે જોતી દૃષ્ટિ બદલી નાખે છે અને તેને ભગવાન્ તરીકે જોતાં શિખવે છે. વિશ્વની સર્વવસ્તુમાં અને વ્યક્તિમાં કૃષ્ણનાં દર્શન કરાવી, તેમના પ્રત્યેની કઠોરતા, કટુતા, કપટ, અપેક્ષ્ય વગેરે કાઢી નાખવાનું કાર્ય ભાગવતજી કરે છે. શ્રીમદ્ ભાગવત કોમલતા આપે છે, મધુરતા આપે છે. પ્રેમ આપે છે, ભગવદ્‌ભાવ દે છે. પ્રભુની કૃપાથી જ આ સુલભ બને

કૃપા ભાગવત દ્વારા મળે.

(૪) નિઃસંશયતા :

જ્યાં સુધી મનમાં સંદેહ હોય ત્યાં સુધી કાંઈ કામ કરવાનું મન ન થાય, સ્થિરતા ન આવે, કોઈપણ પ્રવૃત્તિ કરતાં અચકાવાય, અટકી જવાય. માણસના મનમાં ગમે તેટલા, ગમે તે પ્રકારના, સંદેહ હોય, તે બધાને શ્રીમદ્ ભાગવત દૂર કરી દે છે. ભાગવત સર્વ વેદપુરાણ-ઈતિહાસનો સાર છે. ભાગવતનું ચિંતન કરે તેને સઘળા સંદેહોનું સમાધાન એમાંથી જડી આવે, નિઃસંદેહ થવાય. નિઃસંદેહ થયેલાની વૃત્તિ અને પ્રવૃત્તિ અટકાવી ન શકાય તેવી, ભગવાન માટેની થઈ જશે.

(૫) સર્વત્ર-અભય :

શ્રીમદ્ ભાગવત સર્વત્ર અભય આપે છે ! અભયની ઈચ્છાવાળા માટે દશલીલાયુકત ભગવાનનું શ્રવણ, કીર્તન અને સ્મરણ શ્રીશુકદેવજી આવશ્યક ગણાવે છે. દશલીલાઓ ભાગવતમાં ભગવાન્ નૃસિંહે પ્રહલાદના મસ્તકે હસ્ત પધરાવીને કાલસર્પના ભયમાંથી તેને અભયનું દાન કર્યું છે. રાજા પરીક્ષિતને સંસાર-સર્પ કરડયો છે. એ સર્પના દંશમાંથી પરીક્ષિત રાજાને શ્રીશુકદેવજીએ શ્રીમદ્ ભાગવત દ્વારા મુકત કરાવ્યા. કાલ અને સંસારના ભયમાંથી શ્રીમદ્-ભાગવત જ છોડાવે છે. દુઃસંગ, દુઃખ કે આપત્તિ વગેરેના ભયમાંથી છૂટવાનો ઉપાય પણ શ્રીમદ્ ભાગવત બતાવે છે.

શ્રીમદ્ ભાગવતની સ્કંધ-સંગતિ

પ્રથમ સ્કન્ધ : અધિકાર લીલા :

કોઈપણ કાર્ય કરવા માટે પહેલાં અધિકાર જોઈએ. અધિકાર એટલે પાત્રતા, યોગ્યતા, તે ફલમાં ઉપકારક છે. આ અધિકાર આંતર છે, બાહ્ય નથી.

દ્વિતીય સ્કન્ધ : જ્ઞાન અથવા સાધન લીલા :

અધિકાર મળે પછી તેનો ઉપયોગ કરવાનું જ્ઞાન હોવું જોઈએ, આથી અધિકાર પરનું જ્ઞાન.

તૃતીય સ્કન્ધ : સર્ગ લીલા :

જ્ઞાન મળ્યા પછી ક્રિયા કરવી જોઈએ. ક્રિયા એટલે સર્ગ (સર્જન)

ચતુર્થ સ્કન્ધ : વિસર્ગ લીલા :

ક્રિયા પુરૂષાર્થ પ્રકટ કરે. પુરૂષાર્થ એટલે વિસર્ગ.

પંચમ સ્કન્ધ : સ્થાન લીલા :

પુરૂષાર્થ -પરાયણ યોગ્ય સ્થાન પ્રાપ્ત કરી શકે.

ષષ્ઠ સ્કન્ધ : પોષણ લીલા :

સ્થાન પ્રાપ્ત કરનારને પોષણ મળવું જોઈએ - મેળ.

સપ્તમ સ્કન્ધ : ઉતિ લીલા :

પોષણ મેળવી પુષ્ટ થયેલાને અનેક વાસનાઓ થાય. તે કર્મવાસના ઉતિ કહેવાય.

અષ્ટમ સ્કન્ધ : મન્વન્તર લીલા :

વાસનામાંથી શુદ્ધિ સદાચારથી થાય. સદાચાર મન્વન્તર છે.

નવમ સ્કન્ધ : ઈશાનુકથાલીલા :

સદાચારનું શિખર છે ભક્તિ ! સદાચાર પરાયણને ભક્તિ મળે તે ઈશાનુકથા છે.

દશમ સ્કન્ધ : નિરોધ લીલા :

ભક્તિ કરનાર જગતને ભૂલી ભગવાનમાં આસકત થાય, તે નિરોધ છે.

એકાદશ સ્કન્ધ : મુક્તિ લીલા :

નિરોધવાળાને સ્વરૂપ સ્થિતિ મળે. ''હું અમુક છું !'' તેવા અન્યથારૂપનો ત્યાગ અને સ્વરૂપમાં સ્થિતિ થાય તે મુકિત છે.

દ્વાદશ સ્કન્ધ : આશ્રય લીલા :

પોતાના લૌકિક તાનમાંથી છુટી, ભગવાનના અંશ-દાસ તરીકે જીવનારને ભગવાનનો આશ્રય મળે. ભગવાનનો આશ્રય સૌને કૃતાર્થ કરે.

આમ અધિકારથી આશ્રય પર્યંતની આવશ્યકતા સૌને છે, પણ ભાગવતમાં તો તે સ્વયં ભગવાનની અલૌકિક લીલારૂપ છે.

શ્રીભાગવતજીમાં પ્રકરણ વિચાર અને તેમનો અર્થ

શ્રીમહાપ્રભુજી દરેક સ્કન્ધમાં ભિન્ન ભિન્ન પ્રકરણો છે, તેનું નિરૂપણ કરે છે.

(૧) **પ્રથમ સ્કન્ધ**માં ત્રણ પ્રકરણ છે. કારણ કે પ્રથમ સ્કન્ધમાં વકતા અને શ્રોતાના અધિકાર બતાવ્યા છે. વકતા અને શ્રોતાના મુખ્ય ત્રણ અધિકાર છે. ઉત્તમ, મધ્યમ અને હીન.

	ઉત્તમ	**મધ્યમ**	**હીન**
શ્રોતા	શ્રીપરીક્ષીત	શ્રીવ્યાસજી	શૌનકઋષી
વકતા	શ્રીશુકદેવજી	શ્રીનારદજી	સૂતપુરાણી

આથી તેમનું નિરૂપણ કરવા પ્રથમ સ્કન્ધમાં ત્રણ પ્રકરણ છે.

(૨) **બીજો સ્કન્ધ** સાધનરૂપ અથવા જ્ઞાનરૂપ છે. તેમાં કથાશ્રવણના અંગોનું નિરૂપણ છે. જેમ પ્રથમ સ્કન્ધમાં અધિકાર ભગવાનની લીલાના અંગરૂપ છે. તેમ આ સ્કન્ધમાં શ્રવણ દ્વારા મળતું જ્ઞાનરૂપી સાધન ભગવાનની દશલીલાના અંગરૂપ છે. આ સ્કંધનો અર્થ એ છે કે, જેમાં શ્રવણ મુખ્ય છે એવી નવધાભક્તિ છે. સાધનામાં ત્રણ બાબતો મહત્વની છે. કથામાં ત્રણ વાતો આવશ્યક છે. (૧) તત્ત્વજ્ઞાન (૨) હૃત્પ્રસાદ (૩) મનન.

તત્ત્વજ્ઞાન એટલે શ્રવણ દ્વારા ભગવત્સ્વરૂપ અને લીલાનું જ્ઞાન મેળવવું. તેનું કીર્તન કરતાં પ્રસન્નતા અનુભવવી તેનું નામ હૃત્પ્રસાદ. શ્રવણકીર્તન કર્યા હોય તેમનું મનન કરવું, માટે સાધનરૂપ આ બીજા સ્કન્ધમાં શ્રવણનું નિરૂપણ ત્રણ પ્રકરણોથી થયું છે.

પ્રકરણ-૧	પ્રકરણ-૨	પ્રકરણ-૩
તત્ત્વજ્ઞાન	હૃત્પ્રસાદ	મનન
અ. ૧-૨	અ. ૩-૪	અ. ૫-૧૦

જેને અધિકાર અને શ્રવણની યોગ્યતા મળે તે ત્રીજા સ્કંધથી

ભગવાનની લીલાઓનું શ્રવણ કરવા તત્પર બને છે.

(૩) **ત્રીજા સ્કન્ધ**માં સર્ગલીલા છે. સર્ગ એટલે સર્જન. સર્જન લૌકિક અને અલૌકિક બે પ્રકારે થાય છે. સર્જનમાં પાંચ પ્રકારની સૃષ્ટિ પ્રગટ થાય છે. (૧) ગુણાતીત સૃષ્ટિ (૨) સગુણ સૃષ્ટિ (૩) કાલસૃષ્ટિ (૫) જીવસૃષ્ટિ. આ પાંચ સૃષ્ટિને બીજા બે વિભાગમાં વહેંચવામાં આવી છે. બંધ સૃષ્ટિ અને મોક્ષ સૃષ્ટિ. આમ, કુલ દશ પ્રકારની સૃષ્ટિ થતી હોવાથી, તેમાં દશ પ્રકરણ છે.

	બંધ સૃષ્ટિ	**અધ્યાય**		**મુક્ત સૃષ્ટિ**	**અધ્યાય**
પ્રકરણ-૧	ગુણાતીત	૧ થી ૬	પ્રકરણ-૬	તત્ત્વમુક્તિ	૨૦ થી ૨૪
પ્રકરણ-૨	સગુણસૃષ્ટિ	૭ થી ૯	પ્રકરણ-૭	કાલમુક્તિ	૨૫
પ્રકરણ-૩	કાલ(તત્ત્વ)સૃષ્ટિ	૧૦ થી ૧૧	પ્રકરણ-૮	ગુણાતિત મુક્તિ	૨૬-૨૭
પ્રકરણ-૪	મુક્તજીવસૃષ્ટિ (તથાનામ-સૃષ્ટિ)	૧૨	પ્રકરણ-૯	સગુણ મુક્તિ	૨૮
પ્રકરણ-૫	મુક્તજીવસૃષ્ટિ (ઉપોદ્‌ઘાત)	૧૩ થી ૧૯	પ્રકરણ-૧૦	જીવમુક્તિ	૨૯ થી ૩૩

(૪) **ચોથા સ્કન્ધ**માં વિસર્ગ લીલા છે. તેમાં ચાર પ્રકરણમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થોનું નિરૂપણ છે, માટે તેનાં ચાર પ્રકરણ છે. ધર્મ પ્રકરણમાં દક્ષ પ્રજાપતિને ધર્મ કેવી રીતે સિદ્ધ થયો, અર્થ પ્રકરણમાં ધ્રુવજીને અર્થ કેવી રીતે સિદ્ધ થયો. કામ પ્રકરણમાં પૃથુને કામ કેવી રીતે સિદ્ધ થયો, અને મોક્ષ પ્રકરણમાં પ્રચેતાઓને મોક્ષ કેવી રીતે સિદ્ધ થયો એનું નિરૂપણ છે.

પ્રકરણ-૧-ધર્મ-અ.૧ થી ૭-(અગ્નિષ્ટોમ, ઉક્‌થ્ય, ષોડશી, અતિરાત્ર, અધી, અર્યામ, વાજપેય આમ સાત યજ્ઞ સંસ્થા)

પ્રકરણ-૨-અર્થ-અ. ૮ થી ૧૨-(સાધનથી, સાધ્યથી, મનુઉપદેશથી, દોષનિવૃત્તિથી, ફલપ્રાપ્તિથી)

પ્રકરણ-૩-કામ-અ. ૧૩ થી ૨૩-(પૃથુ આવિર્ભાવ-પ્રકરણ અ. ૧૩ થી ૧૬, સર્વકામ પ્રકરણ અ. ૧૭ થી ૧૮, સ્વકામ પ્રકરણ અ. ૧૯ થી ૨૩)

પ્રકરણ-૪-મોક્ષ-અ.૨૪ થી ૩૧-(બ્રહ્મભાવ પ્રકરણ અ. ૨૪ થી ૨૮,

સાયુજ્ય પ્રકરણ અ. ૨૯ થી ૩૧)

(૫) **પાંચમા સ્કન્ધ**માં સ્થાન લીલા છે. જ્યારે ભગવાન સર્વને સ્વાધીન કરે ત્યારે તેને વિજય કહેવાય. જ્યારે ભગવાન તે તે પદાર્થને તે-તે મર્યાદામાં રાખે તેને સ્થિતિ કહેવાય. આ સ્થિતિ તત્ત્વ અને આત્મા આમ બે પ્રકારના હોવાથી આ સ્કંધમાં બે પ્રકરણ છે. બીજી રીતે સ્વરૂપ સ્થિતિ અને જ્ઞાન સ્થિતિ એમ બે પ્રકારે લઈએ તો પણ તેમાં બે પ્રકરણ છે. વળી સ્વરૂપ અને જ્ઞાનના પાછાં ત્રણ ભેદ હોવાથી દરેકનાં ત્રણ ત્રણ પેટા પ્રકરણ છે.

પ્રકરણ-૧-સ્વરૂપ(આત્માકાલ)માં સ્થિતિ - અ. ૧ થી ૧૫ (ભગવાનથી અ. ૧ થી ૬, યોગથી અ. ૭ થી ૧૪, જ્ઞાનથી અ. ૧૫)

પ્રકરણ-૨-દેશમાં સ્થિતિ-અ. ૧૬ થી ૨૬ (ભૂ: અ.૧૬ થી ૨૦, ભુવઃ અ. ૨૧ થી ૨૩, સ્વઃ અ. ૨૪ થી ૨૬)

(૬) **છઠ્ઠા સ્કન્ધ**માં પુષ્ટિલીલા છે. ભગવાનનું નામ, ધ્યાન અને અર્ચન કરનારા પર ભગવાન પુષ્ટિ એટલે કૃપા કરે છે, માટે તેના ત્રણ પ્રકરણ છે.

પ્રકરણ-૧-નામ-અ. ૧ થી ૩ (શ્રવણ-અ.૧, કીર્તન-અ.૨, સ્મરણ-અ.૩)

પ્રકરણ-૨-ધ્યાન-અ. ૪ થી ૧૭ (....)

પ્રકરણ-૩-અર્ચન-અ.૧૮ થી ૧૯ (બાહ્ય-અ.૧૮, આભ્યાન્તર-અ.૧૯)

(૭) **સાતમા સ્કન્ધ**માં ઊતિ લીલા છે. ઊતિ એટલે કર્મવાસના. વાસના ત્રણ પ્રકારની છે. સદ્વાસના, અસદ્વાસના અને મિશ્રવાસના. માટે સાતમા સ્કન્ધમાં ત્રણ પ્રકરણ છે.

પ્રકરણ-૧-અસદ્વાસના-અ.૧ થી ૫ (અવિદ્યાના પાંચ પર્વ અથવા અધિષ્ઠાન, કર્તા, કારણ, ચેષ્ટા, દૈવ)

પ્રકરણ-૨-સદ્વાસના-અ. ૬ થી ૧૦ ('')

પ્રકરણ-૩-મિશ્રવાસના-અ. ૧૧ થી ૧૫ ('')

(૮) **આઠમા સ્કન્ધ**માં મન્વંતરલીલા છે. મન્વંતર એટલે સત્પુરૂષોના ધર્મ.

આપત્તિ આવે ત્યારે ભગવાનનું સ્મરણ કરવું. સંપત્તિ મળે ત્યારે સર્વ સંપત્તિનું દાન કરવું અને જે બોલીએ તેનું પાલન કરવું. આ ત્રણ ધર્મો બતાવવા માટે ત્રણ પ્રકરણ છે. ચોથું પ્રકરણ મત્સ્ય અવતારનું ચરિત્ર કહેનારૂં પ્રકરણ છે.

પ્રકરણ-૧-હરિસંસ્મરણ-અ. ૧ થી ૪ - (ધર્મ, અર્થ, કામ, મોક્ષ)

પ્રકરણ-૨-દાન-અ. ૫ થી ૧૪-(સત્ત્વસત્ત્વ, સત્ત્વરજ, સત્ત્વતમ, રજસત્ત્વ, રજોરજ, રજસ્તમ, તમસત્ત્વ, તમોરજ, તમસ્તમ, નિર્ગુણ)

પ્રકરણ-૩-સ્વોકત નિર્વાહ-અ.૧૫ થી ૨૩-(સા.પ્ર.અ. ૧૫ થી ૧૭, દાન પ્ર.અ.૧૮ થી ૨૦ દાન ફલ પ્ર. અ. ૨૧ થી ૨૩)

પ્રકરણ-૪-મત્સ્યચરિત્ર - અ. ૨૪

(૯) નવમા સ્કંધમાં ઈશાનુકથા લીલા છે. ભગવાન અને તેમના ભકતો બે વંશમાં પ્રકટ થયા છે. સૂર્યવંશ અને ચંદ્રવંશ માટે આ સ્કંધમાં બે પ્રકરણ છે.

પ્રકરણ-૧-સૂર્યવંશ-અ. ૧ થી ૧૨ અથવા અ. ૧ થી ૧૩

પ્રકરણ-૨-ચંદ્રવંશ-અ. ૧૩ થી ૨૪ અથવા અ. ૧૪ થી ૨૪

(૧૦) દશમાસ્કંધમાં નિરોધલીલા છે. તેમાં પાંચ પ્રકરણ છે.

પ્રકરણ-૧-જન્મપ્રકરણ-અ. ૧ થી ૪ (વાસુદેવવ્યુહ અ.૧, સંકર્ષણ વ્યુહ અ. ૨, પ્રદ્યુમ્ન વ્યુહ અ.૩, અનિરુદ્ધ વ્યુહ અ.૪)

પ્રકરણ-૨-તામસપ્રકરણ-અ. ૫ થી ૩૨ (પ્રમાણ પ્ર.અ. ૫ થી ૧૧, પ્રમેય પ્ર. અ. ૧૨ થી ૧૮, સાધન પ્ર. અ. ૧૯ થી ૨૫, ફલ પ્ર. અ. ૨૬ થી ૩૨)

પ્રકરણ-૩-રાજસપ્રકરણ-અ.૩૩ થી ૬૦ (પ્રમાણ પ્ર.અ. ૩૩ થી ૬૯, પ્રમેય પ્ર. અ. ૪૦ થી ૪૬, સાધન પ્ર. અ. ૪૭ થી ૫૩, ફલ પ્ર.અ. ૫૪ થી ૬૦)

પ્રકરણ-૪-સાત્ત્વિકપ્રકરણ-અ. ૬૧ થી ૮૧ (પ્રમેય પ્ર. અ. ૬૧ થી ૬૭, સાધન પ્ર.અ. ૬૮ થી ૭૪, ફલ પ્ર. અ. ૭૫ થી ૮૧)

પ્રકરણ-૫-ગુણપ્રકરણ-અ. ૮૨ થી ૮૭ (ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન, વૈરાગ્ય)

(૧૧) અગિયારમો સ્કંધ મુક્તિલીલાનો છે. મુક્તિ બે પ્રકારની છે. જીવમુક્તિ

અને બ્રહ્મમુક્તિ. માટે તેના બે પ્રકરણ છે. જીવમુક્તિમાં સાયુજ્ય અને બ્રહ્મભાવ એવા બે ભેદ હોવાથી, તેના બે પેટા પ્રકરણ છે. ઈશમુક્તિમાં-બ્રહ્મમુક્તિમાં અહંતાત્યાગ અને મમતા ત્યાગ એવા બે ભેદ હોવાથી, તેના બે પેટા પ્રકરણ છે.

પ્રકરણ-૧-જીવમુક્તિ-અ. ૧ થી ૨૯ (બ્રહ્મભાવ પ્ર.અ. ૧ થી ૫ અનુક્રમે વૈરાગ્ય, સાંખ્ય, યોગ, તપઃ તથા ભક્તિ)

પ્રકરણ-૨-બ્રહ્મમુક્તિ-અ. ૩૦ થી ૩૧ (અહંતાત્યાગ અ. ૩૦, મમતા ત્યાગ-અ. ૩૧)

(૧૨) બારમા સ્કંધમાં આશ્રયલીલા છે. આશ્રય પાંચ પ્રકારના છે. કૃષ્ણાશ્રય, જગદાશ્રય, વેદાશ્રય, ભક્તિમાર્ગાશ્રય અને ભગવતાશ્રય. માટે બારમાં સ્કંધમાં પાંચ પ્રકરણ છે. આમ, ભાગવતના કુલ પ્રકરણોની સંખ્યા ૪૩ થાય છે. પેટા પ્રકરણો ગણતાં તેની સંખ્યા વિશેષ થાય છે. શ્રીમહાપ્રભુજીએ શ્રીસુબોધિનીજીમાં એક પ્રકરણની સંગતિ પછીના પ્રકરણ સાથે સમજાવી છે.

પ્રકરણ-૧-શ્રીકૃષ્ણાશ્રય-અ. ૧ થી ૩
પ્રકરણ-૨-જગદાશ્રય-અ. ૪ થી ૫।।
પ્રકરણ-૩-વેદાશ્રય-અ. ૫।। થી ૭
પ્રકરણ-૪-ભક્તિયોગાશ્રય-અ. ૮ થી ૧૦
પ્રકરણ-૫-શ્રીભગવતાશ્રય-અ. ૧૧ થી ૧૩

શ્રીભાગવતજીમાં અધ્યાય સંખ્યાનો વિચાર

પ્રથમ સ્કંધમાં કુલ ૧૯ અધ્યાય છે. શ્રોતા અને વકતામાં ત્રણ ત્રણ ગુણો જરૂરી છે. એ બતાવવા માટે વકતા-શ્રોતાના બે પ્રકરણના ત્રણ ત્રણ અધ્યાય છે. એટલે કુલ છ અધ્યાય થાય. કથા દ્વારા દ્વાદશ અંગ ભગવાન અને તેમની કથા મળી, ૧૩ની સંખ્યા થાય છે. માટે ત્રીજું પ્રકરણ તેર અધ્યાયનું છે. આમ, કુલ ૧૯ અધ્યાય થયા.

બીજા સ્કન્ધમાં કુલ ૧૦ અધ્યાય છે. પ્રથમ પ્રકરણ બે અધ્યાયનું છે. કારણ કે ધ્યાનમાં સ્થૂળ અને સૂક્ષ્મ એવા બે ભેદ છે. બીજા પ્રકરણમાં શ્રોતા અને વકતા બંનેની હૃદયમાં પ્રસન્નતા અને શ્રદ્ધા જોઈએ. માટે તેના બે અધ્યાય છે. ત્રીજા પ્રકરણમાં ઉત્પત્તિ ત્રણ પ્રકારે બતાવી છે. તેમજ ઉપપતિ પણ ત્રણ પ્રકારે બતાવી છે. એટલે તેના કુલ છ અધ્યાય છે. આમ કુલ દશ અધ્યાય થયા.

ત્રીજા સ્કંધમાં કુલ ૩૩ અધ્યાય છે. પંચમહાભૂત પાંચ છે. માત્રા પાંચ છે, ઈન્દ્રિયો દશ છે અને અંતઃકરણના ચાર તત્ત્વ છે. એ ચોવીસ તત્ત્વોનો જન્મ છે .તેના કારણરૂપ ત્રણ ગુણો સાત્ત્વિક, રાજસ અને તામસ છે. એટલે કુલ ૨૭ થયા. ત્રણ ગુણોનું કારણ પરમાત્મા પોતે છે એટલે ૨૮ થયા. તે પ્રત્યેકમાં વૈષમ્ય છે. વૈષમ્ય ચાર પ્રકારનું છે. તેમજ આખા સમુદાયથી પણ અલગ વૈષમ્ય છે. આમ પાંચ પ્રકારનું વૈષમ્ય ઉમેરાતાં કુલ ૩૩ અધ્યાય થયા.

ચોથા સ્કંધમાં ૩૧ અધ્યાય છે. કારણ કે, દેવોનાં વસુ ૮, રુદ્ર ૧૧, અને આદિત્ય ૧૨ છે. તેમનો કુલ સરવાળો એકત્રીસનો છે. તેથી એકત્રીસ અધ્યાય છે.

પાંચમા સ્કંધમાં કુલ ૨૬ અધ્યાય છે. કારણ કે, પ્રાકૃતનો જય ૨૪ પ્રકારે થાય છે. કેમકે પ્રાકૃતગુણોની સંખ્યા ૨૪ની છે. તદુપરાંત જીવ અને પરમાત્માના બે ભેદ છે. તેથી કુલ સંખ્યા ૨૬ થઈ. માટે તેમાં ૨૬ અધ્યાય છે.

છઠા સ્કંધમાં કુલ ૧૯ અધ્યાયો છે. ભગવાને જેમને જેમને અવતાર ધારણ કરીને જીત્યા છે, તેમની કુલ સંખ્યા ૨૬ની છે. તેમાંથી ૧૯ ઉપર ભગવાને અનુગ્રહ કર્યો છે. ૧૯ ઉપર ભગવાનનો અનુગ્રહ થવાથી આ સ્કંધની કુલ સંખ્યા ૧૯ છે.

સાતમા સ્કંધમાં ૧૫ અધ્યાય છે. કારણ કે, કર્મ કરનારી કર્મેન્દ્રિયો પાંચ છે. તે સાત્ત્વિક, રાજસ અને તામસ ગુણોવાળી હોવાથી, પાંચને ત્રણ ગુણતાં ૧૫ અધ્યાય થાય છે.

આઠમા સ્કંધમાં કુલ ૨૪ અધ્યાય છે. કારણ કે, સત્પુરુષોનો ધર્મ કાયા, વાણી અને મનના ભેદથી ત્રણ પ્રકારનો છે. તેમાં કાયિક ધર્મ દશ પ્રકારનો છે.

વાચિક ધર્મ દશ પ્રકારનો છે અને અંતઃકરણનો ધર્મ ચાર પ્રકારનો છે. તેથી કુલ ૨૪ પ્રકાર થયા માટે ૨૪ અધ્યાય છે.

નવમા સ્કંધમાં ૨૪ અધ્યાય છે. કારણ કે, તેમાં ભગવાન અને ભકત બંનેની કથા છે. ભગવાનનાં બે કાર્ય છે. દુઃખ દૂર કરવું અને સુખ આપવું. ભકતો નવ પ્રકારનાં છે. ભગવાન તેમના ચરિત્રથી દુઃખ દૂર કરે છે, તે ચરિત્ર કર્મ, જ્ઞાન અને ભક્તિના ભેદથી ત્રણ પ્રકારનું છે. આમ, દુઃખ દૂર કરવાનાં કુલ ૧૩ ભેદ થયા. સુખપ્રાપ્તિના અગિયાર ભેદ છે. દશ ઈન્દ્રિયો તથા અગિયારમાં ભગવાન અને ભકત. આમ, કુલ આ સ્કંધના ૨૪ અધ્યાય છે.

દશમ સ્કંધમાં કુલ ૯૦ અધ્યાય છે. જેનાં બાર, તેર અને ચૌદ નંબરના અધ્યાયોને શ્રીમહાપ્રભુજી ક્ષેપક (પાછળથી ઉમેરાયેલા) માને છે. એટલે કુલ ૮૭ અધ્યાય છે. શરીરમાં બોતેર નાડીઓ છે. ભગવાનની બાર શક્તિઓ છે. જાગૃત, સ્વપ્ન, અને સુષુપ્તિના ભેદથી ત્રણ પ્રકારનું શયન છે. એમની કુલ સંખ્યા ૮૭ થાય. તેમનો નિરોધ કરવા આ સ્કંધમાં ૮૭ અધ્યાય છે.

અગિયારમા સ્કંધમાં ૩૧ અધ્યાય છે. મુકિત બે પ્રકારની છે. સામાન્ય અને વિશેષ. તત્ત્વનો ત્યાગ એ મુક્તિ છે. તત્ત્વોની સંખ્યા ૨૮ છે. મુક્તિના બે પ્રકાર ઉમેરવાથી કુલ સંખ્યા ૩૦ થાય. તેમાં ભગવત્સ્વરૂપ ઉમેરાતાં કુલ ૩૧ ની સંખ્યા થાય. માટે મુક્તિલીલાનો આ સ્કંધ ૩૧ અધ્યાયોનો છે.

બારમા સ્કંધમાં ૧૩ અધ્યાય છે. કારણ કે, ક્રિયાથી આશ્રય પાંચ પ્રકારનો છે અને જ્ઞાનથી આશ્રય આઠ પ્રકારનો છે. આશ્રયના આ બે પ્રકારથી કુલ સંખ્યા ૧૩ થાય છે. માટે તેમાં ૧૩ અધ્યાય છે.

શ્રીહરિઃ

"આનંદમય હરિની આનંદરૂપ લીલા"
શ્રીમદ્-ભાગવત-શાસ્ત્ર
રસ-મહાસાગર
પ્રકરણ - વિભાગ
પ્રથમ-સ્કન્ધ, કુલ પ્રકરણ - ૩, કુલ અધ્યાય - ૧૯
શ્રીગોવર્ધનનાથજીનો જમણો - ચરણકમલ
(અંતઃકરણની યોગ્યતા-રૂપ) **અધિકાર - લીલા**
(કથાના અર્થ પ્રમાણે, શ્રીવલ્લભાચાર્યજીના મતાનુસાર)

સામાન્ય	અસામાન્ય	ગુણાતીત
પ્રકરણ (૧)	પ્રકરણ (૨)	પ્રકરણ (૩)
(અધ્યાય-૧ થી ૯)	(અધ્યાય-૧૦ થી ૧૮)	(અધ્યાય - ૧૯)

(કથાના દેશકાલાનુસાર, મતાન્તર પ્રમાણે)

	હીનાધિકાર	મધ્યમાધિકાર	ઉત્તમાધિકાર
	પ્રકરણ (૧)	પ્રકરણ (૨)	પ્રકરણ (૩)
	(અ. ૧ થી ૩)	(અ. ૪ થી ૬)	(અ. ૭ થી ૧૯)
શ્રોતા-	શૌનકાદિ-૮૮૦૦૦ ઋષિયો	મહર્ષિ વેદવ્યાસજી	રાજા પરીક્ષિત
વક્તા-	સૂતજી (ઉગ્રશ્રવા)	દેવર્ષિ નારદજી	ભગવાન્ શ્રીશુકદેવજી
સ્થળ-	નૈમિષારણ્ય	વ્યાસાશ્રમ-"શમ્યાપ્રાસ"-સરસ્વતી-તટે	ગંગાતટ
(કાલ)સમય-	"સહસ્રસમ"-સત્ર (પ્રસંગ)	વ્યાસજીનો મનઃખેદ	રાજા પરીક્ષિતનો પ્રાયોપવેશ

શ્રોતા-વક્તા-લક્ષણ

(૧) હીનાધિકાર-પ્રકરણ

(અ. ૧ થી ૩)

	અ. ૧	અ. ૨	અ. ૩
શ્રોતા-	જિજ્ઞાસા (જાણવાની ઇચ્છા,- વિચાર)	અમાત્સર્ય (અદેખાઈનો અભાવ)	શ્રવણાદર
વક્તા-	પરંપરાથી શ્રીભાગવતાધ્યયન	ચાતુર્ય	શ્રીભાગવતનું (ગૂઢ) રહસ્ય-જ્ઞાન

(૨) મધ્યમાધિકાર - પ્રકરણ

(અ. ૪ થી ૬)

	અ. ૪.	અ. ૫	અ. ૬
શ્રોતા	- ભગવત્કૃપા	ભગવદીયત્વ	ભગવદેક્ત્વ
વક્તા	- ભગવત્કૃપા	ભગવદીયત્વ	ભગવદેક્ત્વ

(૩) ઉત્તમાધિકાર - પ્રકરણ

(અ. ૭ થી ૧૯)

બે ચરણ - બે હસ્ત - બે ઊરુ - બે બાહુ - બે સ્તન - હૃદય મસ્તક

(આ બાર પુરુષોત્તમનાં અંગ છે; અંગી (પુરુષોત્તમ) તેરમા છે.) (દૃઢ-વૈરાગ્ય ભગવાનમાં એકતાનતા રૂપ છે. પુરુષોત્તમ શ્રીકૃષ્ણ સ્વયં ભગવાન્ છે. તે બાર - અંગવાળા પુરુષથી અધિક છે, તેના સૂચક આ તેર અધ્યાય છે.)

શ્રોતા - દૃઢ-વૈરાગ્ય
વક્તા - દૃઢ-વૈરાગ્ય

દ્વિતીય-સ્કન્ધ, કુલ પ્રકરણ-૩, કુલ અધ્યાય-૧૦

શ્રીગોવર્ધનનાથજીનો ડાબો-ચરણકમલ

સાધન-લીલા

(દશલીલાવાળા ભગવાનનું શ્રવણ)



તત્ત્વધ્યાન
પ્રકરણ (૧)
(અ. ૧-૨)
હૃત્પ્રસાદ
પ્રકરણ (૨)
(અ. ૩ - ૪)
મનન
પ્રકરણ (૩)
(અ. ૬ થી ૧૦)
(૧) તત્ત્વધ્યાન-પ્રકરણ
(અ. ૧-૨)
સ્થૂલધ્યાન (વિરાટ્-પુરુષ-ધ્યાન)
(અ. ૧)
સૂક્ષ્મધ્યાન (પ્રાદેશમાત્ર-સ્વરૂપધ્યાન)
(અ. ૨)
(૨) હૃત્પ્રસાદ-પ્રકરણ
(અ. ૩ - ૪)
શ્રોતાના હૃદયની પ્રસન્નતા (શ્રદ્ધા)
(અ. ૩)
વક્તાના હૃદયની પ્રસન્નતા (શ્રદ્ધા)
(અ. ૪)

(૩) મનન - પ્રકરણ


(અ. ૫ થી ૧૦)
ઉત્પત્તિ
(અ. ૫ થી ૭)
અનિત્યમાં જનન
(અ. ૫)
નિત્ય-પરિચ્છિન્નમાં સમાગમ
(અ. ૬)
નિત્ય-અપરિચ્છિન્નમાં પ્રાકટ્ય
(અ. ૭)
ઉપપત્તિ
(અ. ૮ થી ૧૦)
આશંકા
(અ. ૮)
ઉત્તર
(અ. ૯)
ફલ
(અ. ૧૦)

વિશેષ-વિચાર : આ સ્કંધના ત્રીજા અધ્યાયમાં શ્રોતાની શ્રદ્ધા (હૃદયની પ્રસન્નતા) કહેલી છે. તેમાં શ્રોતા શૌનકની શ્રદ્ધા સ્પષ્ટ દેખાય છે, પરીક્ષિતની નહીં ! ચોથા અધ્યાયમાં વક્તા શ્રીશુકની પ્રસન્નતા સ્પષ્ટ દેખાય છે, સૂતની નહિ ! આવા સંદેહમાં સમાધાન સ્પષ્ટ છે. ત્રીજા અધ્યાયમાં પહેલા બાર શ્લોકમાં વિવિધ કામનાથી થતા અન્યદેવોના ભજનથી થતી બહિર્મુખતા અને શ્રીકૃષ્ણ-ભજનથી સર્વકામના અને મોક્ષની સુલભતા બતાવી છે. આમ, શ્રોતાના અનન્યભજન-પ્રોત્સાહનથી ઉત્તમ શ્રોતા પરીક્ષિતની તેવી શ્રદ્ધા નિશ્ચિત દર્શાવી છે. (તે પ્રથમ સ્કંધમાં પણ છે.) બાકીના શ્લોકોમાં હીનાધિકારી શ્રોતા શૌનકની શ્રદ્ધા, સકામ અજ્ઞાની કે નિષ્કામ જ્ઞાની માટે પણ ભગવદ્-ભજન વગર દેહ-ઈન્દ્રિયોની નિષ્ફલતાના નિરૂપણથી, સંદેહ ન રહે તેમ, દર્શાવી છે. આમ, પ્રત્યાહાર-ન્યાયે, મધ્યમાધિકારીની શ્રદ્ધા પણ ઉક્તપ્રાય છે. ચોથા અધ્યાયના પહેલા અગિયાર શ્લોકો શ્રોતા પરીક્ષિતની શ્રદ્ધા (ઉત્સાહ), (પ્રસન્નતા)ના સૂચક છે. તે પૂર્વશેષ-રૂપ છે. પછીના શ્લોકો નમન-પ્રાર્થના-થી ઉત્તમ-વક્તા વિરક્ત શ્રીશુકની પ્રસન્નતા (શ્રદ્ધા-ઉત્સાહ)ના સૂચક છે. વક્તાના અધિકાર-વિચારે આ બંને તેના જ ભાગરૂપ છે. સૂતજીએ કહેલા પહેલા ચાર શ્લોકો સ્વોત્સાહ-બોધક છે. અહીં પણ પ્રત્યાહાર-ન્યાયે, મધ્યમાધિકારી-વક્તા પણ ઉક્ત પ્રાય છે. આમ, સર્વ શ્રોતા-વક્તા-નો ઉત્સાહ (શ્રદ્ધા - હૃદયની પ્રસન્નતા) અહીં સિદ્ધ છે.

તૃતીય-સ્કન્ધ, કુલ પ્રકરણ-૧૦, કુલ અધ્યાય-૩૩
શ્રીગોવર્ધનનાથજીનો જમણો-બાહુ
(લૌકિક-અલૌકિક) સર્ગ-લીલા
(ભૂત-માત્રા-ઈન્દ્રિય-બુદ્ધિનો જન્મ)

- બંધસૃષ્ટિ પ્રકરણ (૧) (અ-૧ થી ૧૯)
- મુક્તસૃષ્ટિ પ્રકરણ (૨) (અ-૨૦ થી ૩૩)

(૧) બંધસૃષ્ટિ-પ્રકરણ
(અ-૧ થી ૧૯)

(સ્વતઃ ભગવાન્ કરે છે)
- ગુણાતીત પ્રકરણ (૧) (અ-૧ થી ૬)
- સગુણસૃષ્ટિ પ્રકરણ (૨) (અ-૭ થી ૯)

- કાલસૃષ્ટિ-(તત્ત્વસૃષ્ટિ) પ્રકરણ (૩) (અ-૧૦ થી ૧૧)

(ભગવદિચ્છાથી થાય છે.)
- મુક્તજીવ-સૃષ્ટિ (તથા નામ-સૃષ્ટિ) પ્રકરણ (૪) (અ-૧૨)
- મુક્તજીવ-સૃષ્ટિ (ઉપોદ્‌ઘાત) પ્રકરણ (૫) (અ-૧૩ થી ૧૯)

(૨) મુક્તસૃષ્ટિ-પ્રકરણ
(અ-૨૦ થી ૩૩)

- તત્ત્વમુક્તિ પ્રકરણ (૬) (અ-૨૦ થી ૨૪)
- કાલમુક્તિ પ્રકરણ (૭) (અ-૨૫)
- ગુણાતીત-મુક્તિ પ્રકરણ (૮) (અ-૨૬-૨૭)
- સગુણમુક્તિ પ્રકરણ (૯) (અ-૨૮)
- જીવમુક્તિ પ્રકરણ (૧૦) (અ-૨૯ થી ૩૩)

તૃતીય-સ્કન્ધ

(મૈત્રેય-મતાનુસારી પ્રકરણ-વિભાગ)


અધિકાર
પ્રકરણ (૧)
(અ-૧ થી ૪)
સર્ગ (સૃષ્ટિ)
પ્રકરણ (૨)
(અ-૫ થી ૧૨)
ગુણાતીત (૧) (અ-૫-૬)
સગુણ (૨) (અ-૭ થી ૯)
કાલ (૩) (અ-૧૦)
તત્ત્વ (૪) (અ-૧૧)
મુક્ત (જીવ) (૫) (અ-૧૨)
ઉપપત્તિ
પ્રકરણ (૩)
(અ-૧૩ થી ૨૦)
મોક્ષ (૬) (અ-૧૩)
બંધ (૭) (અ-૧૪ થી ૨૦)
ફલ (મુક્તિ)
પ્રકરણ (૪)
(અ-૨૧ થી ૩૩)
ભક્તિ (૮)
પુંમુક્તિ (અ-૨૧ થી ૨૪)
સફલામુક્તિ (અ-૨૫)
સાંખ્ય (૯) (અ-૨૬-૨૭)
યોગ (૧૦)
યોગ (અ-૨૮-૨૯)
વૈરાગ્ય (અ-૩૦-૩૧)
સર્વનિર્ધાર (અ-૩૨)
મુક્તિ (અ-૩૩)

ચતુર્થ-સ્કન્ધ, કુલ પ્રકરણ-૪, કુલ અધ્યાય-૩૧

શ્રીગોવર્ધનનાથજીનો ડાબો-બાહુ

વિસર્ગ-લીલા

(પુરુષાર્થ)


ધર્મ
પ્રકરણ (૧)
(અ-૧ થી ૭)
અર્થ
પ્રકરણ (૨)
(અ-૮ થી ૧૨)
કામ
પ્રકરણ (૩)
(અ-૧૩ થી ૨૩)
મોક્ષ
પ્રકરણ (૪)
(અ-૨૪ થી ૩૧)
(૧) ધર્મ-પ્રકરણ
(અ-૧ થી ૭)
અગ્નિષ્ટોમ
ઉક્થ્ય
ષોડશી
અતિરાત્ર
અપ્ત
અર્યામ
વાજપેય
(સાત-યજ્ઞ-સંસ્થા)
(૨) અર્થ-પ્રકરણ
(અ-૮ થી ૧૨)
સાધનથી
(અ-૮)
સાધ્યથી
(અ-૯)
મનૂપદેશથી
(અ-૧૦)
દોષનિવૃત્તિથી
(અ-૧૧)
ફલપ્રાપ્તિથી
(અ-૧૨)


(૩) કામ-પ્રકરણ
(અ-૧૩ થી ૨૩)
પૃથુ-આવિર્ભાવ-પ્રકરણ
(અ-૧૩-૧૪)
સર્વકામ-પ્રકરણ
(અ-૧૫ થી ૧૮)
સ્વકામ-પ્રકરણ
(અ-૧૯ થી ૨૩)


(૪) મોક્ષ-પ્રકરણ
(અ-૨૪ થી ૩૧)
બ્રહ્મભાવ-પ્રકરણ
(અ-૨૪ થી ૨૮)
સાયુજ્ય-પ્રકરણ
(અ-૨૯ થી ૩૧)

વિશેષ - વિચાર : ૧. **ધર્મનું** ફ્લ ભગવત્પ્રાપ્તિ છે; ૨. **અર્થ** અલબ્ધપૂર્વ (પહેલાં કોઈને ન મળ્યો હોય તે) છે; ૩. **કામ** લબ્ધપૂર્વ (પહેલાં પ્રાપ્ત) છે; ૪. **મોક્ષ** બ્રહ્મભાવ (જીવન્મુક્તિ) અને (જીવ) મુક્તિ-રૂપ છે. બીજાં સાધનોની મર્યાદાથી પ્રાપ્ત થાય તેવાં ધર્મ-અર્થ-કામ-મોક્ષને ભગવાને પોતાના સામર્થ્યથી દક્ષ-ધ્રુવ-પૃથુ-પ્રચેતસને પ્રાપ્ત કરાવ્યાં. તે ભગવાનના પૌરુષ (સામર્થ્ય)થી થતી લીલા અહીં કહેલી છે. આ મોક્ષસાધક વિસર્ગ છે.

પંચમ-સ્કન્ધ, કુલ પ્રકરણ-૬, કુલ અધ્યાય-૨૬

શ્રીગોવર્ધનનાથજીનો જમણો-ઊરુ

સ્થાન-લીલા

(વિકુંઠ-વિજય, પદાર્થોનું તેમની તેમની મર્યાદામાં સ્થાપન)

(પ્રાકૃત-અપ્રાકૃત-પદાર્થમાત્રને વશ કરવાની પ્રભુની લીલા સ્થાનલીલા છે.)

સ્થાન (સ્થિતિ) (રૂઢાર્થ પ્રમાણે)



પ્રાકૃત-પદાર્થ જય
પ્રકરણ (૧)
(અ-૧ થી ૨૪)
આત્માનો જય
પ્રકરણ (૨)
જીવ (આત્મા)
(અ-૨૫)
બ્રહ્મ (પરમાત્મા)
(અ-૨૬)

(જેના આધારે રહેવામાં આવે તે સ્થાન, સ્થિતિ તે જ સ્થાન. અમુક પુરુષને અમુક કર્મ કરવાથી અમુક સ્થાન મળે, તે સ્થિતિ (મર્યાદા-નિયમ) છે. તેવો પ્રભુનો વિશિષ્ટ-જય દેશ-કાલ આત્મામાં છે.)

સ્થાન-લીલા (યૌગિકાર્થ પ્રમાણે)



દેશ
ભૂ:
ભુવ:
સ્વ:
કાલ
(૧૨) માસ
(૫) ઋતુઓ
(૩) લોકો (ત્યાં વસનારા)
(૧) આદિત્ય (સૂર્ય)
આત્મા
જીવાત્મા
પરમાત્મા

(હેમંત - શિશિરને એક ગણીને ઋતુઓ પાંચ છે.)

(દેશ-કાલ-આત્મામાં એક સાથે સ્થિતિ માત્ર ભગવાન્ જ કરી શકે છે. તે ભગવાનનો વિજય છે. તેમાં કાલ ભગવાનની ચેષ્ટા-રૂપ હોવાથી ભગવદ્વશ છે, સ્વરૂપસ્થિતિમાં વિઘ્ન-રૂપ નથી, તેથી બે જ વિભાગ રહે છે,- આત્મા કે સ્વરૂપમાં સ્થિતિ અને દેશ-સ્થિતિ).


સ્થાન (લીલા)
સ્વરૂપ (આત્મા-કાલ)માં સ્થિતિ
પ્રકરણ (૧)
(અ-૧ થી ૧૫)
ભગવાનથી
યોગથી
જ્ઞાનથી
પ્રકરણ (૧)
પ્રકરણ (૨)
પ્રકરણ (૩)
(અ-૧ થી ૬)
(અ-૭ થી ૧૪)
(અ-૧૫)
દેશમાં સ્થિતિ
પ્રકરણ (૨)
(અ-૧૬ થી ૨૬)
ભૂઃ
ભુવઃ
સ્વઃ
પ્રકરણ (૪)
પ્રકરણ (૫)
પ્રકરણ (૬)
(અ-૧૬ થી ૨૦)
(અ-૨૧ થી ૨૩)
(અ-૨૪ થી ૨૬)

વિશેષ-વિચાર : ૧. મહાપુરાણનાં દશ લક્ષણોમાં ત્રીજું "વૃત્તિ" છે. લૌકિકરીતે, આજીવિકા સૌની સ્થિતિનું સાધન છે. અહીં સૌને સૌની મર્યાદામાં સ્થાપવામાં કારણભૂત ભગવાનની જે "**સ્થિતિક્રિયા**" તે "**સ્થાન**" છે. આમ, સ્થિતિના સાધનમાં આજીવિકા અને ભગવાનની સ્થિતિક્રિયા સમાન હોવા છતાં પણ, જેમ ચોથા સ્કંધમાં મોક્ષસાધક વિસર્ગ કહેલ છે. તેમ, અહીં મોક્ષસાધક સ્થિતિસાધન પણ અલૌકિક કહેલ છે. ચોથા સ્કન્ધમાં, અન્ય સાધન-મર્યાદાથી મળતાં ધર્માદિ પુરુષાર્થ દક્ષાદિને ભગવાને પોતાના પૌરુષ (સામર્થ્ય)થી પ્રાપ્ત કરાવ્યાં; તે લીલા કહી છે. અહીં પંચમ સ્કંધમાં તો ભગવાનની મર્યાદા-રૂપા જ લીલાનું નિરૂપણ છે. તે અલૌકિક સ્થાનલીલા છે. ૨. સર્વ વેદોનું તાત્પર્ય તો બ્રહ્મમાં જ છે, તેથી તેમાં સંસારાસક્તોને વૈદિકકર્મમાં પ્રેરવા માટે કહેલાં ત્રિલોકસ્થિતિ-રૂપ ફલ દેતાં કર્મો વેદોક્ત હોવા છતાં વેદમાર્ગીય નથી. વેદમાર્ગ તો ચિત્તશુદ્ધિ કરાવતાં કર્મથી આત્મામાં; અને ભગવાન્ આત્મા છે,- તેવા જ્ઞાનથી પરમાત્મામાં સ્વરૂપ-સ્થિતિ કરાવે છે, તેથી તેનું જાુદું પ્રકરણ નથી. ૩. બધા ગ્રહોને કાલના ગુણરૂપે હોય તેમ ભગવાન્ જ જ્યોતિશ્ચક્રમાં મૂકે છે. તે પણ કાલ પર વિજય છે. બધાં કર્મનું ફલ ભગવાન્ જ દે છે. કર્મ ભગવદ્રૂપ છે. આ પ્રભુનો કર્મ પર વિજય છે. જીવોનું કર્તૃત્વ પણ ભગવાનથી જ છે. વેદો પણ સ્વરૂપસ્થિતિ સ્વસામર્થ્યથી નહિ, ભગવાનના સામર્થ્યથી જ કરાવે છે. વેદો પ્રભુપરાયણ છે. ભગવાન્ નિઃસંગ છતાં મુક્તજીવોના આધાર-રૂપ છે. આમ, આત્મા પર પણ ભગવાનનો વિજય છે. અન્યથી આ કાલ-દેશ-આત્મા-પર વિજય સંભવતો નથી. આ ત્રણેની સ્વચ્છાથી સ્થિતિ બદલવાનું પણ સામર્થ્ય પ્રભુનું છે.

ષષ્ઠ-સ્કન્ધ, કુલ પ્રકરણ-૩, કુલ અધ્યાય-૧૯

શ્રીગોવર્ધનનાથજીનો ડાબો-ઊરુ

પોષણ-લીલા


(ભગવાનનો અનુગ્રહ)
નામ
પ્રકરણ (૧)
(અ-૧ થી ૩)
શ્રવણ
(અ-૧)
કીર્તન
(અ-૨)
સ્મરણ
(અ-૩)
ધ્યાન
પ્રકરણ (૨)
(અ-૪ થી ૧૭)
* રૂપના ચૌદ ગુણો
(અ-૪ થી ૧૭)
અર્ચન
પ્રકરણ (૩)
(અ-૧૮-૧૯)
બાહ્ય
(અ-૧૮)
આભ્યન્તર (આન્તર)
(અ-૧૯)

* (૧) રૂપથી-મોક્ષદાતા, (૨) રસ વડે-આનન્દદાયક, (૩) ગન્ધ દ્વારા-ભક્તિપ્રદ, (૪) સ્પર્શથી-સર્વસંતાપશામક, (૫) નાદથી-મનોહર, (૬) યોગ વડે-સ્વરૂપમાં પ્રવેશપ્રદ, (૭) દ્વેષથી-મૃત્યુ પછી મોક્ષદાતા, (૮) સ્વામિરૂપે-સર્વસુખપ્રદ, (૯) હીનભાવે-દુઃખદ, (૧૦) કેવલ (સત્ય)-રૂપે-સકલ પુરુષાર્થપ્રદ, (૧૧) જ્ઞાનથી-યોગદાતા, (૧૨) ભિન્નરૂપે (જાણવાથી)-મૃત્યુપ્રદ, (૧૩) જેવા છે તે જ્ઞાનથી-જ્ઞાનદ, (૧૪) સ્નેહથી-વશ થનારા.

પુષ્ટિ (કર્મ-કાલ-સ્વભાવ-બાધક ભગવત્સામર્થ્ય)


કર્મ
અધિષ્ઠાન
(અ-૧)
કર્તા
(અ-૨)
કરણ
(અ-૩)
ચેષ્ટા
(અ-૪)
દૈવ
(અ-૫)
કાલ
બાર માસ
(કુલ)
(અ-૧૨)
સ્વભાવ
દૈવ
(અ-૧)
આસુર
(અ-૧)

સપ્તમ-સ્કન્ધ, કુલ પ્રકરણ-૩, કુલ અધ્યાય-૧૫

શ્રીગોવર્ધનનાથજીનો જમણો-કરકમલ


ઊતિ-લીલા
(કર્મ-વાસના)
અસદ્વાસના
પ્રકરણ (૧)
(અ-૫)
(અવિદ્યાનાં પાંચ પર્વ)
અથવા
(અધિષ્ઠાન, કર્તા, કરણ, ચેષ્ટા, દૈવ)
(અ-૧ થી ૫)
સદ્વાસના
પ્રકરણ (૨)
(અ-૫)
(અવિદ્યાનાં પાંચ પર્વ)
અથવા
(અધિષ્ઠાનાદિ પાંચ)
(અ-૬ થી ૧૦)
મિશ્રવાસના
પ્રકરણ (૩)
(અ-૫)
(અવિદ્યાનાં પાંચ પર્વ)
અથવા
(અધિષ્ઠાનાદિ પાંચ)
(અ-૧૧ થી ૧૫)
કર્મ
આધ્યાત્મિક
(અ-૫)
(અવિદ્યાનાં પાંચ પર્વ)
અથવા
(અધિષ્ઠાનાદિ પાંચ)
આધિદૈવિક
(અ-૫)
(અવિદ્યાનાં પાંચ પર્વ)
અથવા
(અધિષ્ઠાનાદિ પાંચ)
આધિભૌતિક
(અ-૫)
(અવિદ્યાનાં પાંચ પર્વ)
અથવા
(અધિષ્ઠાનાદિ પાંચ)

અષ્ટમ-સ્કન્ધ, કુલ પ્રકરણ-૪, કુલ અધ્યાય-૨૪

શ્રીગોવર્ધનનાથજીનો જમણો-સ્તન

મન્વન્તર-લીલા

(પ્રાકૃત-વાસના-નાશક-સદ્ધર્મ)


હરિસંસ્મરણ
પ્રકરણ (૧)
(અ-૧ થી ૪)
ધર્મ
(અ-૧)
અર્થ
(અ-૨)
કામ
(અ-૩)
મોક્ષ
(અ-૪)
દાન
પ્રકરણ (૨)
(અ-૫ થી ૧૪)
સ્વોક્ત-નિર્વાહ
પ્રકરણ (૩)
(અ-૧૫ થી ૨૩)
સાધન પ્ર.
(અ-૧૫ થી ૧૭)
દાન પ્ર.
(અ-૧૮ થી ૨૦)
દાનફલ પ્ર.
(અ-૨૧ થી ૨૩)
મત્સ્યચરિત
પ્રકરણ (૪)
(અ-૨૪)
સત્વસત્વ
સત્ત્વરજ
સત્વતમ
રજસત્વ
રજોરજ
રજસ્તમ
તમસત્વ
તમોરજ
તમસ્તમ
નિર્ગુણ

નવમ-સ્કન્ધ, કુલ પ્રકરણ-૨, કુલ અધ્યાય-૨૪

શ્રીગોવર્ધનનાથજીનો ડાબો-સ્તન

ઈશાનુકથા-લીલા

(હરિના અવતાર અને તે (ઈશ)ને અનુસરનારાઓની કથા)


હરિના અવતાર
તે (ઈશ) ને અનુસરનારાઓ
ઈશાનુકથાનું ફલ
(અ-૨૪)
દુઃખ-નિવારણ
(મર્યાદા-ભક્તિ-કથા)
(અ-૧ થી ૧૩)
સુખ-પ્રાપણ
(પુષ્ટિ-ભક્તિ-કથા)
(અ-૧૪ થી ૨૪)
(ત્રિગુણ-મિશ્રણથી)
(સગુણ, હરિને અનુસરનારાઓ દ્વારા)
(અ-૧ થી ૯)
ભગવચ્ચરિત્ર દ્વારા
(અ-૧૦ થી ૧૨)
(હરિને અનુસરનારા)
(જ્ઞાની દ્વારા)
(અ-૧૩)
જ્ઞાનનિષ્ઠ ભક્તકથા


સુખ - પ્રાપણ
હરિને અનુસરનારાઓ દ્વારા
(અ-૧૪ થી ૨૩)
ભગવાનથી
(અ-૨૪)
(હરિને અનુસરનારા)
કર્મ
(અ-૧)
શ્રીરામ-ચરિત
ક્રિયાશક્તિ
(અ-૧૦)
ભક્તિ
(અ-૧)
શ્રીરામ-ચરિત
ભક્તિનિષ્ઠ
(અ-૧૧)
જ્ઞાન
(અ-૧)
શ્રીરામ-પુત્રવંશ
જ્ઞાનશક્તિ
(અ-૧૨)
દેવકૃપાયુક્ત ભક્તકથા
(અ-૧)
દેવરૂપ ભક્તકથા
(અ-૨)
દેવપોષક ભક્તકથા
(અ-૩)
સર્વાત્મભાવ યુક્ત ભક્તકથા
(અ-૪)
ભક્તમહિમા, બ્રહ્મભાવ કરતાં ભક્તિની શ્રેષ્ઠતા
(અ-૫)
બ્રહ્મસમ ભક્તકથા
(અ-૬)
ધૈર્યયુક્ત લોકોદ્ધાર પરાયણ ભક્તકથા
(અ-૭)
સ્થિરકાર્ય કર્તા લોકોદ્ધાર સ્વભક્ત કથા
(અ-૮)
પરમલોકોપકારક ઉદ્ધારક ભક્તકથા
(અ-૯)
સ્વાનુભવ-પુષ્ટભક્તકથા
(અ-૧૪)
શ્રીપરશુરામ ચરિત
(અ-૧૫)
શ્રીપરશુરામ ચરિત
(અ-૧૬)
ભોગયુક્ત વૈદિક ભક્તકથા
(અ-૧૭)
શુદ્ધાન્તઃકરણ યુક્ત ભક્તકથા
(અ-૧૮)
ભોગરત ભક્તકથા
(અ-૧૯)
અતિસમર્થ ભક્તકથા
(અ-૨૦)
અતિધૈર્યયુક્ત ભક્તકથા
(અ-૨૧)
સમર્થધીર ભક્તકથા
(અ-૨૨)
પરમ ભક્તિયુક્ત ભક્તકથા
(અ-૨૩)
ભક્તિના ફલરૂપ ભગવત્પ્રાદુર્ભાવ
(અ-૨૪)
ઈશાનુકથા લીલા
(અ-૨૪)
સૂર્યવંશ
પ્રકરણ (૧)
(અ-૧ થી ૧૨) અથવા (અ-૧ થી ૧૩)
ચન્દ્રવંશ
પ્રકરણ (૨)
(અ-૧૩ થી ૨૪) અથવા (૧૪ થી ૨૪)

* અથવા

૧. સૂર્યવંશમાં-ચન્દ્રવંશ-ઉપક્રમ-પ્ર. - અ. ૧

૨. સૂર્યવંશ પ્ર. ____________ અ-૨ થી ૧૩

૩. ચન્દ્રવંશ પ્ર ____________ અ-૧૪ થી ૨૪

દશમ-સ્કન્ધ, કુલ પ્રકરણ-૫, કુલ અધ્યાય-૮૭+પ્રક્ષિપ્ત અ-૩

શ્રીગોવર્ધનનાથજીનું-હૃદય

નિરોધ-લીલા

(૧. વિશ્વમાં પોતાની શક્તિયો સાથે ભગવાનની લીલા, પોતાની શક્તિયો સહિત ભગવાનનું અનુશયન;)
(૨. ભક્તોની પ્રપંચ-વિસ્મૃતિ-પૂર્વક ભગવદાસક્તિ), (૩. ભક્તોના પ્રપંચનો અભાવ, અલૌકિક-દેહની પ્રાપ્તિ).



જન્મ-પ્રકરણ
પ્રકરણ (૧)
(અ-૪)
તામસ-પ્રકરણ
પ્રકરણ (૨)
(અ-૨૮)
રાજસ-પ્રકરણ
પ્રકરણ (૩)
(અ-૨૮)
સાત્ત્વિક-પ્રકરણ
પ્રકરણ (૪)
(અ-૨૧)
ગુણ-પ્રકરણ
પ્રકરણ (૫)
(અ-૬)
(સાત્ત્વિકોમાં (પ્રમાણ) જ્ઞાન સ્વાભાવિક
હોવાથી અહીં પ્રમાણ-પ્રકરણ નથી.)
પ્રમાણ પ્ર.
* (અ-૭)
(અ-૫ થી ૧૧)
પ્રમેય પ્ર.
* (અ-૭)
(અ-૧૨ થી ૧૮)
સાધન પ્ર.
* (અ-૭)
(અ-૧૯ થી ૨૫)
ફલ પ્ર.
* (અ-૭)
(અ-૨૬ થી ૩૨)
પ્રમેય પ્ર.
* (અ-૭)
(અ-૬૧ થી ૬૭)
સાધન પ્ર.
* (અ-૭)
(અ-૬૮ થી ૭૪)
ફલ પ્ર.
* (અ-૭)
(અ-૭૫ થી ૮૧)
પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય
(કૌતુકલીલા)
(પ્રચલિત અ. ૧૨-૧૩-૧૪)


જન્મ-પ્રકરણ
રાજસ-પ્રકરણ
ગુણ-પ્રકરણ
પ્રમાણ પ્ર.
પ્રમેય પ્ર.
સાધન પ્ર.
ફ્લ પ્ર.
* (અ-૭)
* (અ-૭)
* (અ-૭)
* (અ-૭)
(અ-૩૩ થી ૩૯)
(અ-૪૦ થી ૪૬)
(અ-૪૭ થી ૫૩)
(અ-૫૪ થી ૬૦)
વ્યૂહ પ્રાકટ્ય-વાસુદેવ
વિષય - શ્રીકૃષ્ણાવતારનો હેતુ
(અ-૧)
સંકર્ષણ
ભગવાનનો પ્રાકટ્યનો ઉદ્યમ
(અ-૨)
પ્રદ્યુમ્ન
રૂપાન્તર સ્વીકાર
(અ-૩)
અનિરુદ્ધ
માયાથી નાટ્ય
(અ-૪)
ઐશ્વર્ય
(અ-૮૨)
વીર્ય
(અ-૮૩)
યશઃ
(અ-૮૪)
શ્રી
(અ-૮૫)
જ્ઞાન
(અ-૮૬)
વૈરાગ્ય
(અ-૮૭)

* પ્રમાણ-પ્રમેય-સાધન-ફ્લ-પ્રકરણોના સાતે અધ્યાયોમાં સામાન્યતઃ ક્રમશઃ, ૧. ઐશ્વર્ય, ૨. વીર્ય, ૩. યશઃ, ૪. શ્રી, ૫. જ્ઞાન, ૬. વૈરાગ્ય (ભગવાનના આ છ ધર્મ) તથા ૭. ધર્મી (ભગવાન્)નું વર્ણન છે. તામસ-ફ્લ-પ્રકરણમાં, સર્વત્ર સાતે રૂપે લીલા હોવા છતાં, ક્રમશઃ મુખ્ય છે, - ૧. ઐશ્વર્ય, ૨. વીર્ય, ૩. યશઃ, ૪. શ્રી, ૫ ધર્મી, ૬. વૈરાગ્ય, ૭. જ્ઞાન.

વિશેષ-વિચાર : ૧. લોકમાં તથા ગીતાજી-વગેરેમાં સાત્ત્વિકને ઉત્તમ, રાજસને મધ્યમ અને તામસને હીન ગણેલા સામાન્યતઃ દેખાય છે. આ સ્વભાવક્રમ છે. અહીં ભગવત્-સ્વરૂપ-સન્નિષ્ઠ (દૃઢાગ્રહવાળા) ભક્તોને તેમના ભાવાનુસાર તામસ-ભાવવાળા (ઉત્તમ) ગણેલા છે, પછી રાજસભાવાળા ભક્તો, પછી સાત્ત્વિક-ભાવવાળા ભક્તો છે. ભક્તોના આ ભાવાનુરૂપ ભગવાનની લીલાઓ તામસ-રાજસ-સાત્ત્વિક છે. અહીં લોક-વેદથી ક્રમની વિપરીતતા પુષ્ટિ છે. ૨. દશમસ્કન્ધના પૂર્વાર્ધમાં (અ. ૧ થી ૪૬) અઢી પ્રકરણો છે,- જન્મ પ્ર. + તામસ પ્ર. + અર્ધું (પ્રમાણ-પ્રમેય) રાજસ પ્ર.; ઉત્તરાર્ધમાં (અ. ૪૭ થી ૮૭) પણ અઢી પ્રકરણો છે,- અર્ધું (સાધન-ફ્લ) રાજસ પ્ર. + સાત્ત્વિક પ્ર. + ગુણ પ્ર. આમ, પ્રકરણ-વિચારે વિભાગ છે, અધ્યાયસંખ્યા (૪૬ + ૪૧)ના વિચારથી નહિ. ૩. ગુણ પ્રકરણના છ અધ્યાયો,- ભગવાનના તે ગુણો (ભગ) સ્વતઃ સિદ્ધ છે, નિત્ય છે, કૃષ્ણ "સ્વયં ભગવાન" છે,- તેમ દર્શાવનારા છે. અન્યમાં તેમાંના કોઈ ગુણો ભગવદિચ્છાકાર્ય - પૂરતા જ, અનિત્ય, હોય છે.

એકાદશ-સ્કન્ધ, કુલ પ્રકરણ-૨, કુલ અધ્યાય-૩૧

શ્રીગોવર્ધનનાથજીનું-મસ્તક

મુક્તિ-લીલા

(અન્યથા-રૂપના ત્યાગ-પૂર્વક સ્વરૂપમાં સ્થિતિ)



જીવમુક્તિ
પ્રકરણ (૧)
(અ-૧ થી ૨૯)
બ્રહ્મભાવ (મુક્તિ) પ્ર.
(જ્ઞાનથી)
(અવિદ્યાનાશથી)
(વિદ્યાપ્રાપ્તિથી)
(અધિકારી-શ્રોતા-(નિમિ) જનક)
(વક્તા - નવ યોગેશ્વરો)
(અ-૧ થી ૫)
વૈરાગ્ય
(અ-૧)
સાંખ્ય
(અ-૨)
યોગ
(અ-૩)
તપઃ
(અ-૪)
ભક્તિ
(અ-૫)
સાયુજ્ય મુક્તિ પ્ર.
(ભક્તિથી)
(તત્ત્વાતિક્રમણથી)
(અધિકારી-શ્રોતા-ઉદ્ધવ)
(વક્તા - શ્રીકૃષ્ણ)
(અ-૬ થી ૨૯)
બ્રહ્મમુક્તિ
પ્રકરણ (૨)
(આસુર-વ્યામોહ-લીલા)
(મનુષ્ય-નાટ્ય-ત્યાગ)
(અ-૩૦-૩૧)
(અહંતા-ત્યાગ)
(અ-૩૦)
(મમતા-ત્યાગ)
(અ-૩૧)

દ્વાદશ-સ્કન્ધ, કુલ પ્રકરણ-૫, કુલ અધ્યાય-૧૩

શ્રીગોવર્ધનનાથજીનો ડાબો-કરકમલ

આશ્રય-લીલા

(સર્વનાં ઉત્પત્તિ-સ્થિતિ-લય જેનાથી થાય છે તે બ્રહ્મમાં સ્થિર થવું)

આશ્રય

(હરિ) શ્રીકૃષ્ણાશ્રય પ્રકરણ (૧)	જગદાશ્રય પ્રકરણ (૨)	વેદાશ્રય પ્રકરણ (૩)	ભક્તિયોગાશ્રય પ્રકરણ (૪)	શ્રીભાગવતાશ્રય પ્રકરણ (૫)
(અ-૩)	(અ-૨ાા)	(અ-૧ાા)	(અ-૩)	(અ-૩)
(અ-૧ થી ૩)	(અ-૪ થી ૫ાા)	(અ-૫ાા થી ૭)	(અ-૮ થી ૧૦)	(અ-૧૧ થી ૧૩)

ઈતિ શ્રીતત્ત્વાર્થદીપ-નિબન્ધાનુસારી પ્રકરણાધ્યાયાર્થ-વિભાગઃ સમાપ્તઃ ાા

વિશેષ-વિચાર : પ્રભુને પ્રસન્ન-પ્રાપ્ત-કરવા માટે પ્રેમ સિવાય કોઈ મુખ્ય સાધન નથી. તે પ્રેમનું નિશ્ચિત સાધન છે,- શ્રીમદ્-ભાગવત ! સંસારમાં વૈરાગ્ય-પૂર્વક, શ્રીભાગવતના યથાર્થ તાત્પર્યને સમજીને, ભક્તમુખે એક વખત શ્રવણ-માત્રથી કૃષ્ણમાં નિશ્ચિત પ્રેમ થાય છે. શ્રીભાગવતાર્થના અજ્ઞાન કે અન્યથાજ્ઞાનથી ભક્તિ સંભવતી નથી. શ્રીભાગવત દ્વારા ભક્તિ તો વેલની જેમ વધતી રહે છે, શીઘ્ર કૃષ્ણ-ફ્લને પ્રાપ્ત કરાવે છે. આનંદ-રૂપ હરિની આનંદ-રૂપા લીલા સર્વદુઃખ હરનારી, સુખરૂપા, સ્વતઃ પુરુષાર્થ-રૂપા છે. શ્રીભાગવત શબ્દતઃ અને અર્થતઃ શ્રીકૃષ્ણનું (નામાત્મક) સ્વરૂપ છે. તેના પાઠથી નિશ્ચિતરીતે કૃષ્ણ ધારણ થાય છે. અર્થતઃ જાણેલા આ ભગવાન્ ભક્તિનું પ્રદાન કરે છે.

શ્રીભાગવતમાહાત્મ્ય પદ્મપુરાણમાં

સ્કંદપુરાણની જેમ પદ્મપુરાણમાં પણ શ્રીભાગવતજીનું માહાત્મ્ય વિસ્તારથી કહેવામાં આવ્યું છે. તે છ અધ્યાયમાં છે. તેમાં શ્રીભાગવતજીની શ્રેષ્ઠતા અને મહિમા બતાવતા કેટલાક પ્રસંગો છે. તેના પ્રારંભમાં વેદવ્યાસજી બે શ્લોકથી મંગલાચરણ કરે છે. પહેલાં શ્લોકમાં તેઓ શ્રીભાગવતમાં જેમની દિવ્યલીલાઓનું નિરૂપણ છે, તેવા ભગવાન શ્રીકૃષ્ણને વંદન કરે છે. બીજા શ્લોકમાં તેમણે શ્રીભાગવતજીની કથા રાજા પરીક્ષિતને સંભળાવી, તેવા શ્રીશુકદેવજીને વંદન કરે છે. શ્રીશુકદેવજી વેદવ્યાસજીના પુત્ર છે. છતાં વેદવ્યાસજી તેમને વંદન કરે છે. આપણી ભારતીય સંસ્કૃતિમાં માણસની મોટાઈ ઉમરથી મપાતી નથી. તેના ગુણોથી મપાય છે. તેથી કહેવાયું કે **''ગુણાઃ ગુણસ્થાનં ગુણીષુ ન ચ વયમ્ ન લિંગઃ''** એટલે કે ગુણીજનો વય કે જાતિને મોટી માનતા નથી, ગુણોને જ મોટા માને છે.

વેદવ્યાસજી સૌ પ્રથમ ભગવાન શ્રીકૃષ્ણને વંદન કરે છે.

સંસ્કૃતમાં કોઈપણ ગ્રંથની શરૂઆતમાં મંગલાચરણ કરવાની પદ્ધતિ જોવા મળે છે. પ્રાચીન સમયથી આપણા ભારતીય સમાજમાં એવી પરંપરા હતી કે કોઈપણ નવું કામ શરૂ કરતા પોતાના ઈષ્ટદેવ ગુરુદેવ વગેરેને વંદન કરી, તેમનું સ્મરણ કરી, કામ શરૂ કરવામાં આવતું. તેથી જ સવારે ઊઠતાં પણ નવા દિવસની શરુઆત ઈષ્ટદેવ વગેરેના દર્શન-વંદનથી થાય છે.

મંગલાચરણનો પ્રથક શ્લોક :

વ્યાસજીએ શ્રીકૃષ્ણએ નીચેના શ્લોકથી વંદન કર્યું છે.

સચ્ચિદાનંદરૂપાય વિશ્વોત્પત્ત્યાદિ હેતવે ।
તાપત્રયવિનાશાય શ્રીકૃષ્ણાય વયં નુમઃ ।।

અર્થાત્ સત્, ચિત્ અને આનંદ સ્વરૂપવાળા વિશ્વની ઉત્પત્તિ વગેરેના હેતુરૂપ અને ત્રણેય પ્રકારના તાપનો વિનાશ કરનારા શ્રીકૃષ્ણને અમે નમન કરીએ છીએ.

પ્રાચીન શાસ્ત્રોમાં એવી પદ્ધતિ હતી કે કોઈપણ વ્યક્તિ, દેવ કે ભગવાનનું વર્ણન કરવાનું હોય, ત્યારે તેમના બે લક્ષણ તેમાં બતાવવામાં આવે. (૧) સ્વરૂપલક્ષણ (૨) કાર્યલક્ષણ. બીજા શબ્દોમાં કહીએ તો ભગવાનનું વર્ણન ચાર પ્રકારે કરવામાં આવે. (૧) નામ (૨) રૂપ (૩) ગુણ (૪) લીલા. નામ અને રૂપથી સ્વરૂપલક્ષણ સમજાય, લીલા અને ગુણથી કાર્યલક્ષણ સમજાય.

વેદવ્યાસજીએ આ જ પરંપરા મુજબ તેમના ઈષ્ટદેવ અને શ્રીભાગવતના મૂળ ચરિત્રનાયક પૂર્ણપુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણને વંદન કરતાં તેમનો પરિચય આપ્યો. **'સચ્ચિદાનંદરુપાય... '** એ પદથી તેમણે ભગવાન શ્રીકૃષ્ણનું સ્વરૂપ બતાવ્યું. તે સ્વરૂપલક્ષણ છે. ભગવાન શ્રીકૃષ્ણ ભલે મનુષ્ય દેહ ધારણ કરીને પૃથ્વી ઉપર પ્રગટ થયા, પણ છે તો સાક્ષાત્ પરબ્રહ્મ પરમાત્મા. શાસ્ત્રોએ સમજાવ્યું છે **'આનંદકરપાદમુખોદરાદિ'** અર્થાત્ તેમના કર (હસ્ત), પાદ (ચરણ), મુખ(મોં), ઉદર (પેટ) વગેરે સર્વ આનંદમય છે. ભગવાનના આ આનંદસ્વરૂપને સમજાવવા માટે શાસ્ત્રોએ ખાંડની પૂતળીનું ઉદાહરણ પણ આપ્યું. ખાંડની પૂતળીમાં ખાંડ જ હોય છે. તેનું કોઈ પણ અંગ ચાખીએ તો ખાંડનો જ સ્વાદ આવે. તે પૂતળી ખાંડનું ઘન સ્વરૂપ છે. તેવી રીતે ભગવાન શ્રીકૃષ્ણ આનંદરસનું ઘનસ્વરૂપ છે. સત્ એટલે સાકાર, ચિત્ એટલે ચૈતન્ય. પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ સાકાર છે અને ચૈતન્યસ્વરૂપ પણ છે. તેઓ ભગવાન શ્રીકૃષ્ણ સ્વરૂપે ભકતોને પોતાના અલૌકિક સ્વરૂપનો અનુભવ કરાવે છે. સારસ્વતકલ્પમાં અને પછી શ્વેતવારાહકલ્પમાં આ પરબ્રહ્મ પરમાત્મા જ ભગવાન શ્રીકૃષ્ણ સ્વરૂપે વ્રજમાં પ્રકટ થયા હતા. માટે વેદવ્યાસજીએ સૌથી પહેલાં તેમના સ્વરૂપનું દર્શન કરાવ્યું.

શ્રીમહાપ્રભુજીએ ભગવાનના આનંદ સ્વરૂપને સમજાવતાં 'કૃષ્ણાશ્રય' ગ્રંથમાં વિશેષ સ્પષ્ટતા કરી છે. પરબ્રહ્મ પૂર્ણપુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણ જ પૂર્ણાનંદ અને સદાનંદ છે. ઈશાવાસ્ય ઉપનિષદે પૂર્ણાનંદને સમજાવતાં કહ્યું કે, જેમાંથી પૂર્ણ લઈ લઈએ અથવા બીજું પૂર્ણ ઉમેરીએ, તો પણ જે પૂર્ણ જ રહે,

અર્થાત્ જેમાં જરાય વધઘટ ન થાય, તે જ સાચું પૂર્ણ કહેવાય. પરબ્રહ્મ પરમાત્માનો આવો આનંદ પૂર્ણાનંદ છે. તેને સમજાવવા સમુદ્રનો દાખલો અપાય છે. સમુદ્રમાં ગમે તેટલું પાણી નદીઓ ઠાલવે, છતાં, સમુદ્રમાં પુર આવતું નથી. ઉનાળામાં સમુદ્રના ગમે તેટલા પાણીનું બાષ્પીભવન થાય, છતાં સમુદ્ર સુકાતો નથી. સમુદ્રનું જળ હંમેશા એકસરખું જ ભરેલું રહે છે. ભગવાન શ્રીકૃષ્ણનો આનંદ આવો જ છે. તે બધો આનંદ આપે છે, તો પણ તેમના આનંદ ઘટતો નથી.

તેમના નિજધામ - અક્ષરબ્રહ્મનો આનંદ મર્યાદિત છે, પૂર્ણ નથી. અન્ય દેવ દેવીઓનો આનંદ પણ મર્યાદિત છે, પૂર્ણ નથી. જગતમાં તો આનંદનો આભાસ જ છે. સાચો આનંદ જ નથી. સાચો અને પૂર્ણઆનંદ તો કેવળ ભગવાન શ્રીકૃષ્ણ પાસે છે અને તેઓ જ આપી શકે છે. આવા સર્વસામર્થ્યવાન શ્રીકૃષ્ણ છે, એમ **'સચ્ચિદાનંદ'** શબ્દથી સમજાય છે. આવા સચ્ચિદાનંદ શ્રીકૃષ્ણને સૌ કોઈ સહજ રીતે શ્રદ્ધાથી અને સ્નેહથી વંદન કરે એમાં આશ્ચર્ય નથી.

હવે બીજા પદથી તેમની લીલાનું વર્ણન કરે છે. **'વિશ્વોત્પત્યાદિહેતવે'** અર્થાત્ આ આખાયે વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ અને લયના તેઓ કારણરૂપ છે. વેદ વગેરે શાસ્ત્રોએ સમજાવ્યું કે પરબ્રહ્મ પરમાત્માએ પોતાના આનંદને માણવા માટે, વિવિધ ક્રીડા કરવા એકમાંથી અનેક થવાનું વિચાર્યું. તેથી ભગવાનની ઈચ્છા માત્રથી ભગવાનમાંથી આખું જગત પ્રકટ થયું. જેમ માટીમાંથી ઘડો બને, સોનામાંથી આભૂષણ બને, તેમ પરમાત્મામાંથી જગત બન્યું. ઘડો બનાવનાર જુદો હોય, દાગીના બનાવનાર જુદો હોય, પરંતુ અહીં તો ભગવાન પોતે જ જગતને બનાવનાર પણ છે, એટલે એમ કહેવાય કે ભગવાન પોતે કાર્ય છે, કારણ છે અને કર્તા પણ છે. આથી જગત ભગવાનનું જ સ્વરૂપ છે. એ જગતમાં ભગવાન સ્વયં જુદા જુદા નામ-રૂપો ધારણ કરીને સ્થિતિ કરે છે (રહે છે). આથી નરસિંહ મહેતાએ ગાયું કે 'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ, ઝૂઝવે રૂપે અનંત ભાસે' કવિ કલાપીએ પણ કહ્યું છે કે, 'જ્યાં જ્યાં નજર મારી

ઠરે, યાદી ભરે ત્યાં આપની'. જેમ નાનું બાળક રમકડાથી રમે અને તે રમકડું તોડી પણ નાખે, તેમ ભગવાને જગત બનાવ્યું, તેમાં તેઓ રમ્યા અને ઈચ્છા થઈ ત્યારે તેમણે જગતનો પ્રલય પણ કર્યો, ત્યારે તે જગત પાછું ભગવાનમાં જ સમાઈ ગયું. આવી અદ્‌ભુત સૃષ્ટિલીલા ભગવાન સિવાય અન્ય કોઈ કરી શકતું નથી. આવા સર્વશક્તિમાન ભગવાન શ્રીકૃષ્ણને કોણ વંદન ન કરે ?

ત્રીજા પદમાં ભગવાન શ્રીકૃષ્ણનો ગુણ બતાવ્યો છે. **'તાપત્રયવિનાશાય'** આ ત્રણેય પ્રકારના તાપોનો તેઓ વિનાશ કરનારા છે. અર્થાત, સર્વ પીડાઓ દૂર કરનારા છે. આ તેમનો કૃપા ગુણ છે. જેવું અસાધારણ તેમનું સ્વરૂપ છે, અસાધારણ તેમની લીલા છે, તેવો જ અસાધારણ તેમનો કૃપાગુણ છે. આવા પરમ કૃપાસાગર ભગવાન શ્રીકૃષ્ણને સૌ વંદન કરે, એમાં આશ્ચર્ય શું ?

આ બંને પદાવલીઓથી તેમનું કાર્યલક્ષણ બતાવ્યું.

હવે ચોથી પદાવલીમાં તેમનું નામ બતાવે છે. **'શ્રીકૃષ્ણાય'** તેઓ શ્રીકૃષ્ણ છે. ઉપનિષદોએ 'કૃષ્ણ' શબ્દની વ્યાખ્યા આપી છે. ત્યાં કહેવાયું કે 'કૃષ' એટલે સર્વ શક્તિમાન, 'ણ' એટલે પૂર્ણાનંદ. જેઓ સર્વશક્તિમાન પૂર્ણાનંદ છે, તેઓ કૃષ્ણ છે. અર્થાત્ પરબ્રહ્મ પરમાત્મા જ કૃષ્ણ છે. આથી શ્રીભાગવતજીમાં પણ વ્યાસજી કહે છે **'કૃષ્ણસ્તુ ભગવાન સ્વયં'** શ્રીકૃષ્ણ એટલે શ્રી અર્થાત્ શોભા, સૌંદર્ય, સંપત્તિ, ઐશ્વર્ય, અર્થાત્ શ્રીરાધાજી સહિત શ્રીકૃષ્ણ.

વેદવ્યાસજી એમ કહી રહ્યા છે કે માત્ર હું જ નહિં, વેદને જાણનારા, સમજનારા સૌ દેવર્ષિઓ, બ્રહ્મર્ષિઓ, મહર્ષિઓ, રાજર્ષિઓ, ભકતો, સંતો તેમનું ભજન કરે છે.

આપણે એવો પ્રશ્ન કરીએ કે તમે શ્રીકૃષ્ણને ભગવાન સમજતા હોવ, તમને શ્રીકૃષ્ણ મહાન લાગતા હોય તો તમે તેમને નમન કરો, પરંતુ અમને એવી ભલામણ શા માટે કરો છો ?

એના જવાબમાં વેદવ્યાસજી પરોક્ષરૂપે કહે છે કે જગતમાં એવો કોઈ

માણસ જન્મ્યો નથી જે આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક પીડાઓ રૂપી તાપથી ન પીડાતો હોય ! જગતમાં અનુભવાતા આ ત્રણે પ્રકારના તાપ-પીડાઓનો નાશ કરવાનું સામર્થ્ય કેવળ ભગવાન શ્રીકૃષ્ણમાં જ છે. એનો અનુભવ શ્રીભાગવતજીના શ્લોકે શ્લોકે વ્યકત થયો છે. અહીં માહાત્મ્યના પ્રસંગોમાં પણ તે વ્યકત થયો છે. માટે, સૌ શ્રીકૃષ્ણને વંદન કરો.

આ શ્લોકમાં 'પદ્મપુરાણ' ના છ અધ્યાયોની માહાત્મ્ય કથાનું બીજ છે. બીજમાંથી વૃક્ષ થાય. આ શ્લોકમાંથી છ અધ્યાયની કથાનું સુંદર વૃક્ષ બનવાનું છે.

મંગલાચરણનો બીજો શ્લોક :

વેદવ્યાસજીને નારદજીએ સમાધિસ્થ થવાની આજ્ઞા કરી. વેદવ્યાસજીએ સમાધિ સાધી. સમાધિમાં વેદવ્યાસ ભગવત્સ્વરૂપ અને ભગવલ્લીલામાં તદ્રૂપ-તન્મય થઈ ગયા. જ્યારે આત્મા તેના અહમ્‌ને મીટાવી, ભગવાનનો શરણાગત થાય, ત્યારે શરણાગત આત્માની સાથે પરમાત્મા ખેલે છે. **'આત્મા યાવન્દ્રપન્નઽભૂત્ તાવદ્ વૈ રમતે હરિઃ'** આ રહસ્ય વેદવ્યાસજીને સમજાયું. એ રહસ્ય તેમના મુખથી પ્રકટ થયેલ શ્રીભાગવતજીની સમાધિભાષાનો કેન્દ્રવિચાર છે. જેને જેને આ રહસ્ય સમજાય છે, તેના મનમાં ભગવાન પ્રત્યે સદા દૈન્યનો ભાવ બન્યો રહે છે. હે પ્રભુ ! જેમ સૂર્યના અનેક કિરણો છે, તેમ, હું તમારૂં એક કિરણ છું. આ ભગવાન પ્રત્યેની દીનતાનો ભાવ છે. શ્રીભાગવતજીના માર્ગે ચાલવાથી આ ભાવ આત્મસાત્ થાય છે. આ ભાવ ભક્તિ વિના, આત્મસમર્પણ વિના, અહમ્‌ને ઓગાળ્યા વિના અને દાસ બન્યા વિના સિદ્ધ થતો નથી. જ્ઞાન અહંકાર લાવે છે, દીનતા દાસભાવ લાવે છે. વેદવ્યાસજીને તેમની સમાધિમાં આ રહસ્યનું દર્શન થયું. તે દર્શન તેમણે શબ્દસ્થ કર્યું. તે જ શ્રીમદ્ ભાગવત. તેના અઢાર હજાર શ્લોક. એના કર્તા તરીકે વેદવ્યાસજી પ્રસિદ્ધ થયા. છતાં પદ્મપુરાણકાર મંગલાચરણના બીજા શ્લોકનાં શ્રીભાગવતના રચયિતા વેદવ્યાસજીને વંદન કરતા નથી. તેઓ વેદવ્યાસજીના પુત્ર શ્રીશુકદેવજીને વંદન કરે છે. વેદવ્યાસજી ભગવાનના જ્ઞાનાવતાર છે,

શ્રીશુકદેવજી શ્રીમહાદેવજીનો અવતાર છે. પદ્મપુરાણકારે વેદવ્યાસજીને બદલે શ્રીશુકદેવજીને વંદન કર્યા. એનું રહસ્ય મહાનુભાવોએ બતાવ્યું છે.

વેદવ્યાસજીને સમાધિમાં શ્રીભાગવત મળ્યું, પરંતુ શ્રીભાગવત પચ્યું શ્રીશુકદેવજીને. રસોઈયો રસોઈ બનાવે, તે રસોઈ પચે જમનારને. વ્યાસજીએ સમાધિમાં દર્શન કર્યું. પરંતુ ભગવલ્લીલાનો દિવ્ય રસ પીધો શ્રીશુકદેવજીએ. વેદવ્યાસજીને જ્ઞાન થયું, એ જ્ઞાનને અનુભવ બનાવ્યો શ્રીશુકદેવજીએ. આથી પદ્મપુરાણકાર શ્રીશુકદેવજીને વંદન કરે છે. શ્રીશુકદેવજીએ જગતને શ્રીભાગવતજીનું રસપાન કરાવ્યું.

મંગલાચરણનો બીજો શ્લોક નીચે પ્રમાણે છે :

યં પ્રવ્રજન્તમનુપેતમપેતકૃત્યં દ્વૈપાયનો વિરહકાતર આજુહાવ ।
પુત્રેતિ તન્મયતયા તરવોઽભિનેદુસ્તં સર્વભૂતહૃદયં મુનિ માનતોઽસ્મિ ।।

એટલે કે, યજ્ઞોપવીત સંસ્કાર થાય, તે પહેલાં જ સંસારને અસાર જાણીને, વેદમાં બતાવેલ પ્રવૃત્તિમાર્ગથી વિરકત થઈ, વન તરફ જઈ રહેલા પોતાના પુત્ર શ્રીશુકદેવજીની પાછળ વેદવ્યાસજી ‘પુત્ર પુત્ર’ એમ પોકારતા ગયા, કારણકે તેમને પુત્રના વિરહનું દુઃખ સહન ન થયું. ત્યારે શ્રીશુકદેવજીને બદલે વૃક્ષોએ વેદવ્યાસજીને ઉત્તર આપ્યો. આવા યોગબળથી સર્વ પ્રાણીઓના હૃદયમાં બિરાજનાર મુની શ્રીશુકદેવજીને હું પ્રણામ કરું છું.

આ શ્લોકની ઘટના હિમાલયમાં ઘટી. હિમાલયમાં સરસ્વતી નદી છે. તેના તટે વેદવ્યાસજીનો આશ્રમ હતો. ત્યાં રહીને વેદવ્યાસજીએ વેદના વિભાગ કર્યાં. બ્રહ્મસૂત્ર, પુરાણો અને મહાભારતની રચના કરી. છતાં તેમના મનને આનંદ મળ્યો નહિં. તેઓ વિષાદ મગ્ન બન્યા, ત્યારે તેમના આશ્રમે નારદજી પધાર્યા. ભગવદ્‌ભકતો હંમેશા અન્યનો વિષાદ દૂર કરી, આનંદની અનુભૂતિ કરાવવા તત્પર હોય છે. નારદજીએ પણ વ્યાસજીનો વિષાદ દૂર કરવા અને આનંદનો અનુભવ કરાવવા સમાધિ સાધવાની આજ્ઞા કરી. સમાધિમાં વ્યાસજીએ શ્રીહરિની દશ પ્રકારની દિવ્ય લીલાઓનું અદ્‌ભુત દર્શન કર્યું. તે દર્શન શ્રીભાગવતજી સ્વરૂપે અઢાર હજાર શ્લોકોના રસસાગર રૂપે પ્રકટ થયું. તેનું

દાન કોને કરવું ? તેનો અધિકારી કોણ ?

વ્યાસજી તેના અધિકારીને શોધવા નિકળ્યા. તેમને તેમના પુત્ર શ્રીશુકદેવજી શ્રીભાગવતજીના યોગ્ય અધિકારી જણાયા, પરંતુ શ્રીશુકદેવજી સોળ વર્ષ સુધી તેમની માતાના ગર્ભમાં જ રહેલાં તેઓ ગર્ભમાંથી બહાર ઓળ સહિત પધાર્યા, ત્યારે સોળ વર્ષનું સ્વરૂપ ધારણ કરીને પધાર્યા હતા. ગર્ભમાંથી બહાર પધારતાની સાથે જ તેઓ સીધા વન તરફ ચાલવા લાગ્યા. પિતા તેમનો યજ્ઞોપવિત સંસ્કાર કરે, તેની રાહ જોવા પણ રોકાયા નહિં. કારણ, શ્રીશુકદેવજી નિર્ગ્રંથી છે. તેમને સંસારની કોઈ ગ્રંથિનું બંધન નથી. તેઓ જ્ઞાનની ગ્રંથિથી પણ બંધાયા નથી.

વેદમાં મનુષ્યના સોળ સંસ્કાર બતાવ્યા છે. આ સોળ સંસ્કાર મનુષ્યને ધર્મમય પ્રવૃત્તિમાર્ગે લઈ જનારા છે. શ્રીશુકદેવજી એ સોળ સંસ્કારને પણ સ્વીકારવા ઉભા રહ્યા નહિં.

માણસ સંસારની, પરિવારની, સમાજની ગ્રંથિ છોડી શકે છે, ત્યારે તે જ્ઞાનની ગ્રંથિથી બંધાય છે. હું આટલું બધું જાણું છું, મને શાસ્ત્રોનું પૂર્ણ જ્ઞાન છે, એવો ભાવ તેનામાં જાગે ત્યારે તે જ્ઞાનની ગ્રંથિ તેને બાંધે છે. આથી ભગવાન શ્રીકૃષ્ણે ગીતાજીમાં કહ્યું કે, જ્ઞાન પણ એક ગ્રંથિ છે.

માણસમાં જ્યારે સત્ત્વગુણનો ઉદય થાય ત્યારે તેના મસ્તકમાં જ્ઞાન વિકસે છે. સત્ત્વગુણ પ્રવૃત્તિની એક શક્તિ છે. જ્ઞાન બુદ્ધિનો વિલાસ છે. અનેક તર્કો અને સંશયો પછી જ્ઞાન બુદ્ધિને પ્રાપ્ત થતો એક નિશ્ચય છે. ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું, ‘‘હે અર્જુન ! જ્યારે તારી બુદ્ધિ મોહને તરી જશે, તે જેટલું જાણ્યું છે અને બીજું જેટલું જે કાંઈ જાણવા જેવું છે, તે બધું તું ભૂલી જઈશ અને તેનાથી પર ચાલ્યો જઈશ, જ્યારે તારામાંથી જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાનની ત્રિપુટી નષ્ટ થશે, ત્યારે તું મને પરમતત્ત્વને પામીશ !

યદા તે મોહકલિલં બુદ્ધિર્વ્યતિતરિષ્યતિ ।
તદા ગંતાસિ નિર્વેદં શ્રોતવ્યસ્ય શ્રુતવ્યસ્ય ।।

આથી શ્રીશુકદેવજી જ્ઞાનગ્રંથિથી બંધાવવા પણ તૈયાર ન હતા. વેદશાસ્ત્ર

મુજબ જ્ઞાનસાધના પૂર્વે બ્રાહ્મણપુત્રને યજ્ઞોપવિત સંસ્કાર જરૂરી ગણાયા છે. જ્ઞાનની ગ્રંથિથી બંધાવું ન હતું, તેથી શ્રીશુકદેવજી પિતાના આશ્રમે યજ્ઞોપવિત સંસ્કાર માટે થોભ્યા નહિં.

શ્રીશુકદેવજી પિતાનો આશ્રમ છોડી, માતાપિતાની મમતા છોડી, પાછળ નજર પણ કર્યા વિના, સડસડાટ વનમાં આગળ અને આગળ જઈ રહ્યા હતા. તેમને રોકવા વ્યાસજી વ્યાકુળ બની, પાછળ દોડતા હતા. સાથે સાથે આર્તસ્વરે 'પુત્ર...પુત્ર' એમ બૂમો પાડતા હતા.

શ્રીશુકદેવજીનો આત્મા વિશ્વના કણ-કણમાં પરમાત્માના દર્શન કરતો હતો. એ દર્શનમાં તેઓ તદ્રુપ અને તન્મય બની ગયા હતા. તેથી તેમણે પિતાના પોકારનો જવાબ ન આપ્યો, પિતા તરફ પાછુ વળીને જોયું પણ નહિં. એ સંજોગોમાં તેઓ જે રસ્તેથી જતા હતા, તે રસ્તા પરના વૃક્ષોએ શ્રીશુકદેવજીને બદલે ઉત્તર આપ્યો. વૃક્ષોએ આપેલા ઉત્તરના પડઘા ધરતીના રજકણોએ પાડયા. આકાશના તારાઓ, વનના ડાળ ડાળ અને પાને પાને પણ પાડયા. વૃક્ષોએ આપેલો ઉત્તર એટલે ભગવાનનું નામ. શ્રીશુકદેવજીના મનમાં ભગવન્નામ રમી રહ્યું હતું. ભગવન્નામના એ શબ્દો જ વૃક્ષોએ પ્રગટ કર્યા. ઉચ્ચ સ્વરે ભગવન્નામના શબ્દો ઉચ્ચારવાની શક્તિ વૃક્ષોમાં આવી. તેઓ રટવા લાગ્યા. 'હરિનારાયણ... નારાયણ... નારાયણ...'' પદ્મપુરાણકારે કહ્યું, **''તરવઃ અભિનેદુઃ''.**

આપણને પ્રશ્ન થાય કે વૃક્ષોમાં આવી શક્તિ કયાંથી આવી ? વૃક્ષો કેવી રીતે ભગવાન્નામ મોટેથી ઉચ્ચારવા લાગ્યા ? એનો જવાબ એ છે કે **'વનસ્પતયઃ વૈ વૈષ્ણવઃ'**. શ્રીમહાપ્રભુજીએ વૃક્ષોને વૈષ્ણવો માન્યા છે. વૈષ્ણવ કોણ ? જેનું હૃદય શુદ્ધ હોય, તે વૈષ્ણવ. જેના હૃદયમાં વિષ નવ-નથી, તે વૈષ્ણવ. જેના હૃદયમાં અહંકાર અને મમકાર, રાગ અને દ્વેષ, વેર અને ઝેર નથી તે વૈષ્ણવ. જેનું હૃદય સ્વચ્છ સરોવર જેવું બની ગયું છે, તે વૈષ્ણવ. જે વિષ્ણુ એટલે ભગવાનનો શરણાગત અને સમર્પિત બની ગયો છે, તે વૈષ્ણવ. જેના હૃદયમાં વિશ્વાસપૂર્વક પ્રભુ પ્રત્યે સર્વાત્મભાવ જાગ્યો છે, તે વૈષ્ણવ. વૈષ્ણવ

કોઈ જાતિ વિશેષ કે વ્યક્તિ વિશેષ નથી. વૈષ્ણવતાનો ભાવ મનુષ્યોમાં જાગે, તેમ વૃક્ષોમાં પણ જાગે. પશુ અને પક્ષીઓમાં પણ જાગે. શ્રીશુકદેવજીના હૃદયમાં ઊગેલા ભગવન્નામના શબ્દો વૈષ્ણવસ્વરૂપ વૃક્ષોના મુખમાંથી પ્રકટ થયા. વૃક્ષોમાં જેટલા પાન હતાં, એ સર્વ એમની જીભ બની ગયા. એ સર્વ જીભમાંથી વૃક્ષો ભગવન્નામ ઉચ્ચ સ્વરે રટતાં હતા, 'હરિનારાયણ.. નારાયણ ... નારાયણ...'.

વૃક્ષો પાસેથી વ્યાસજીને આ ભગવન્નામનું શ્રવણ પ્રાપ્ત થયું.

શ્રીશુકદેવજીમાં જ્ઞાન જન્મજાત હતું. પણ હજી તેમનામાં ભક્તિનો ઉદય થયો ન હતો. વેદવ્યાસજી તે જાણતા હતા. વેદવ્યાસજીને જ્ઞાન અને ભક્તિ બંનેનો અનુભવ થઈ ચૂકયો છે. તેઓ જાણતા હતા કે ભક્તિ વિનાનું જ્ઞાન ઉદ્વેગ કરનારૂં છે. ભક્તિ પ્રાપ્ત થયા પછી જ્ઞાનની જરૂર રહેતી નથી. તેથી ભક્તિરસના મહાસાગર જેવા અઢારહજાર શ્લોકોનો શ્રીભાગવતજીનો ખજાનો વેદવ્યાસજી પોતાના અધિકારી પુત્ર શ્રીશુકદેવજીને આપવા માટે તેમને બોલાવી રહ્યા હતા, તેમની પાછળ પાછળ દોડયા હતા.

શ્રીશુકદેવજી તો ચાલ્યા ગયા, પણ વેદવ્યાસજી નિરાશ ન થયા. તેમણે તેમના બે શિષ્યોને હિમાલયની ગૂફાઓમાં, જ્યાં શ્રીશુકદેવજી સમાધિસ્થ થયા હતા, ત્યાં મોકલ્યા. તે શિષ્યોએ શ્રીભાગવતના બે શ્લોકોનું ઉચ્ચ સ્વરે ગાન કર્યું. શ્રીશુકદેવજીની સમાધી છુટી. તે બે શ્લોકોએ તેમનામાં ભક્તિનો ઉદય કર્યો. ભક્તિરસનો રંચક આસ્વાદ ચાખ્યા પછી સમગ્ર ભક્તિરસના સાગરનું પાન કરવા તેઓ વેદવ્યાસજી પાસે આવ્યા. વેદવ્યાસજી પાસેથી શ્રીશુકદેવજીએ શ્રીભાગવતજીના અઢાર હજાર શ્લોકોનું શ્રવણ કર્યું. જ્ઞાન અને વૈરાગ્યવાળા શ્રીશુકદેવજીના હૃદયમાંથી ભક્તિનું વિશુદ્ધ ઝરણું ફુટયું. જ્ઞાન-વૈરાગ્યને લીધે શ્રીશુકદેવજી સંસારમાં વિરકત હતા, સારાસારનો વિવેક સમજતા હતા, પરંતુ ભક્તિ વિના શ્રીશુકદેવજીનું હૃદય અધૂરું હતું, તે શ્રીભાગવતજીથી પૂર્ણ થયું. તે શાસ્ત્ર વ્યાસજીને શબ્દરૂપે મળ્યું એ જ શાસ્ત્ર શ્રીશુકદેવજીને જીવનરૂપે મળ્યું. શ્રીશુકદેવજી ભાગવતમય બની ગયા.

શ્રીભાગવતના અઢાર હજાર શ્લોકોની સંહિતાનો જીવતો જાગતો રસભંડાર એટલે શ્રીશુકદેવજી.

પદ્મપુરાણકાર આ શ્લોકમાં શ્રીશુકદેવજીને **'મુનિ'** કહે છે. **'મુનિમાનતોઽસ્તિ'**. કોઈ ભાવતી વસ્તુ આપણા મોંમા આવે તો આપણે તેને લાંબા સમય સુધી મમળાવ્યા કરીએ છીએ, તેમ શ્રીશુકદેવજી શ્રીભાગવતના શ્લોકોને મનમાં મમળાવ્યાં કરે છે. તેનું સતત મનન કરે છે. સાકરને જેમ જેમ ચુસીએ તેમ તેમ તેનો સ્વાદ વધે. એવી રીતે શ્રીભાગવતના શબ્દોને જેમ જેમ વિચારીએ અને આત્મસાત્ કરીએ, તેમ તેમ તેમાં અધિક રસ આવે.

શાસ્ત્રોમાં મુનિની એક વ્યાખ્યા મળે છે, **'મનનશીલા વૈ મુનયઃ'** અર્થાત્ મુનિઓ ખરેખર મનનશીલ હોય છે. જે મનન કરે છે તે મુનિ. ગીતાજીએ મુનિની બીજી વ્યાખ્યા આપી છે. **'વીતરાગભયક્રોધઃ સ્થિતધીર્મુનિરુચ્યતે'** અર્થાત્ જેણે રાગ, ભય અને ક્રોધમાંથી સંપૂર્ણ મુક્તિ મેળવી છે. અને જેની બદ્ધિ ભગવાનમાં સ્થિર થઈ, ઓતપ્રોત બની છે, તેથી જે સતત ભગવદ્‌રસનો આસ્વાદ લેવા લાગ્યો છે, તે મુનિ.

આવા મુનિ માટે ભગવદ્ રસ પામ્યા પછી બોલવાનું મુશ્કેલ બની જાય છે. પરિણામે તે મૌન ધારણ કરી, મનમાં ભગવત્સ્વરૂપનું અને લીલાઓનું મનન કર્યા કરે છે. આવી ભાવસ્થિતિને શ્રીમહાપ્રભુજીએ 'માનસી' કહી છે. આવા મુનિ સ્વરૂપ શ્રીશુકદેવજીને પદ્મપુરાણકાર વંદન કરે છે. આપણે પણ વંદન કરીએ.

આમ, પહેલાં શ્લોકમાં ભગવાનની સાથે શ્રીભાગવત શાસ્ત્રનો પરિચય અપાયો. બીજા શ્લોકમાં એ શાસ્ત્રના અધિકારી ભકતનો પરિચય આપવામાં આવ્યો. ત્યારપછી પદ્મપુરાણકાર કથાનો આરંભ કરે છે.

માહાત્મ્યની કથા શા માટે ?

શ્રીમદ્ ભાગવતને સમજવા, શ્રદ્ધાથી સ્વીકારવા, સ્નેહથી જીવનમાં

ઉતારવા માટે જુદાં જુદાં પુરાણોમાં શ્રીભાગવતજીના માહાત્મ્યની કથાઓ કહેવામાં આવી છે. શ્રીભાગવતજીનું તત્ત્વ અને માહાત્મ્ય, બંનેને સમજવા માટે આ માહાત્મ્ય કથાઓ છે. કોઈપણ વસ્તુનું મહત્ત્વ-મહિમા એની ઊંચાઈ અને ઊંડાઈથી મપાય છે. શ્રીભાગવતજીની ઊંચાઈ અને ઊંડાઈ બતાવવા 'પદ્મપુરાણ'માં છ અધ્યાયથી અને 'સ્કંદપુરાણ' માં ચાર અધ્યાયની માહાત્મ્યકથા કહેવામાં આવી છે. માહાત્મ્ય કથા પરિચય કથા છે. પરિચય વગર પ્રવૃત્તિ નહિ અને પ્રવૃત્તિ વગર પ્રાપ્તિ નહિં.

શ્રીભાગવતજી ભક્તિશાસ્ત્ર છે. ભક્તરાજ નારદજીએ 'નારદ પંચરાત્ર' ગ્રંથમાં ભક્તિ જાણવા માટેની બે શરતો કહી છે.

માહાત્મ્યજ્ઞાનપૂર્વસ્તુ સુદઢઃ સર્વતોધિકઃ ।
સ્નેહોરિતિ ભક્તિઃ પ્રોકતસ્તયા મુક્તિર્ન ચાન્યથા ।।

અર્થાત્ ભગવાનના માહાત્મ્ય જ્ઞાનને જાણવાથી, ભગવાનમાં સુદઢ અને સર્વથી અધિક એવો સ્નેહ થાય, તેને ભક્તિ કહે છે. તેનાથી જ (જીવનો) મોક્ષ થાય છે. અન્ય કોઈ રીતે થતો નથી.

ભગવાન કેવા છે, શું કરે છે, એમનામાં કેવા ગુણો છે, એ બધું જાણવું, ભગવાનના નામ, રૂપ, ગુણ અને લીલાને સમજવા એ ભગવાનનું માહાત્મ્ય જ્ઞાન છે. આવું માહાત્મ્ય જ્ઞાન ભક્તિ જાણવાની પહેલી શરત-જરૂરિયાત છે.

ભગવાન આત્મરૂપ છે, આપણો આત્મા ભગવાનનો અંશ છે, ભગવાનમાંથી છૂટો પડયો છે, ભગવાનની પ્રાપ્તિ આત્માનું લક્ષ્ય છે એ વાત આપણને સમજાય, ત્યારે ભગવાનમાં સ્નેહ અને ભગવાનમાં સ્નેહ જાગવો એ ભક્તિની બીજી શરત - જરૂરિયાત છે.

આમ માહાત્મ્યજ્ઞાન અને સ્નેહ બંને ભેગા મળે, ત્યારે ભગવાનમાં સુદઢ પ્રીતિ થાય. આવી પ્રીતિ ભક્તિ છે.

શ્રીભાગવતની કથા ભગવાનની અને ભક્તિની કથા છે. તેનું શ્રવણ કરનારમાં ભક્તિ જગાડનારી કથા છે. શ્રીભાગવતની કથાનુ આવું માહાત્મ્યજ્ઞાન થાય તો તે શ્રદ્ધાથી અને સ્નેહથી સાંભળવામાં રુચિ જાગે. તેના

શ્રવણ-ચિંતનમાં મનની વૃત્તિઓ એકાગ્ર બને. માટે આ માહાત્મ્યકથાઓ કહેવામાં આવી છે. પ્રથમ 'પદ્મપુરાણ'ની માહાત્મ્યકથા વિચારીએ.

કથાના પ્રારંભે મંગલાચરણ :

કોઈપણ મંગલ કાર્યના પ્રારંભમાં મંગલાચરણ કરવાની આપણા સનાતન ધર્મની અતિ પ્રાચીન પરંપરા છે. મંગલાચરણના શ્લોકોમાં ઈષ્ટદેવ અને ગુરુનું સ્મરણ વંદન કરવામાં આવે છે. એનો હેતુ છે, એમના કૃપાપ્રસાદે ઈચ્છિત કાર્ય નિર્વિઘ્ન સુચારુ રૂપે પરિપૂર્ણ થાય, આનંદમંગલ થાય.

અહીં પણ બે શ્લોકથી મંગલાચરણ છે. પ્રથમ શ્લોકમાં હરિવંદના છે. બીજા શ્લોકમાં ગુરુવંદના છે. તેમાં માત્ર શ્રીહરિ-ગુરુનું સ્મરણ-વંદન જ નથી, તેમાં સમગ્ર કથાનો બીજ નિક્ષેપ છે. જેમ વૃક્ષના બીજ પરથી, વૃક્ષના ફૂલ-ફળનો ખ્યાલ આવી શકે છે, તેમ આ બે શ્લોકો પરથી, શ્રીમદ્ ભાગવતમાં શું શું આવશે, શું ફળ મળશે, તે પરોક્ષ રૂપે સમજાવી દેવામાં આવ્યું છે.

આમ તો શ્રીભાગવતજીના ઘણા વિષયો છે, પરંતુ તે બધામાં ત્રણ વિષયો વિશેષ મહત્ત્વના છે. (૧) ભગવાન (૨) ભકત (૩) ભક્તિ. ભક્તિ એવી સીડી છે, જેના પર ચડીને ભકત ભગવાન સુધી પહોંચે છે. એ સીડી પર ચડવા માટેની શક્તિ, તે ભગવાનની 'પુષ્ટિ' છે. 'પુષ્ટિ' નો અર્થ છે કૃપા. ભગવાન સ્વયં તેમની પુષ્ટિ રૂપી સીડી પર ચડીને ભકત સુધી પહોંચે છે. ભકત ભક્તિરૂપી સીડી પર ચઢીને ભગવાન સુધી પહોંચે છે. આ બંને સીડીઓને એક નામ આપવું હોય તો, તેને પ્રેમ અથવા સ્નેહ કહી શકાય. **ભગવાનનો ભકત પ્રત્યે પ્રેમ એ પુષ્ટિ છે. ભકતનો ભગવાન પ્રત્યેનો પ્રેમ એ ભક્તિ છે.** આવી આ પ્રેમની સીડી ભકત અને ભગવાન વચ્ચે સેતુ-પુલનું કામ કરે છે. આથી મંગલાચરણના બે શ્લોકમાં શ્રીભાગવતજીના મુખ્ય ત્રણ વિષયોનો નિર્દેશ થયો છે. ભગવાન, ભકત અને ભક્તિ.

'પદ્મપુરાણ'કારના પહેલા શ્લોકમાં શ્રીભાગવત શાસ્ત્રના પ્રતિપાદ્ય વિષયોનો પરિચય કરાવે છે. શાસ્ત્રોના મતે કોઈપણ વસ્તુ, વિષયને જાણવા માટે ચાર બાબતો જાણવી જરૂરી છે. (૧) વિષય (૨) સંબંધ (૩) પ્રયોજન

(૪) અધિકાર. આ પહેલાં શ્લોકમાં શ્રીભાગવતજી અંગેની ચારે બાબતો કહેવામાં આવી છે. અર્થાત્ સચ્ચિદાનંદ સ્વરૂપ, વિશ્વની ઉત્પત્તિ (સ્થિતિ, લય) વગેરેના હેતુરૂપ અને ત્રિવિધ તાપ હરનારા શ્રીકૃષ્ણને અમે નમન કરીએ છીએ.

ઉપર કહી તે ચાર બાબતો આ શ્લોકમાંથી કેવી રીતે ફલિત થાય છે તે જોઈએ.

(૧) શાસ્ત્રનો વિષય : શ્રીભાગવત શાસ્ત્રનો વિષય પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણ છે. તેઓ **'સચ્ચિદાનંદરુપાય'** છે. સત્, ચિત્ અને આનંદરૂપ છે. સત્ એટલે અસ્તિત્વ, ચિત્ એટલે જ્ઞાન, આનંદ એટલે પ્રેમ. બીજા શબ્દોમાં કહીએ તો 'અસ્તિ, ભાતિ, પ્રિયમ્'. કણકણમાં અને પ્રાણીમાત્રમાં ભગવાન છે. એવું તેમનું સર્વવ્યાપકપણું 'અસ્તિ' સ્વરૂપ તે 'સત્' ધર્મ. તે ભગવાન આપણા અંતઃકરણમાં બુદ્ધિમાં જ્ઞાન સ્વરૂપે પ્રકાશે છે. તે તેમનું 'ભાતિ' સ્વરૂપ-ચિત્ ધર્મ. આવા ભગવાન પૂર્ણ આનંદનો સાગર છે. તેઓ આનંદના અનંત તરંગોમાં લહેરાય છે. તે તેમનું 'પ્રિયમ્' સ્વરૂપ આનંદ ધર્મ. આવા સચ્ચિદાનંદ શ્રીકૃષ્ણની દશલીલાઓનું નિરૂપણ શ્રીભાગવતજીમાં છે.

(૨) સંબંધ : આવા ભગવાનનો જગત સાથે શો સંબંધ છે, તે બતાવવા કહ્યું, **'વિશ્વોત્પત્યાદિહેતવે'** જેમ કાર્ય સાથે કારણનો સંબંધ છે, તેમ જગત સાથે જગદીશ્વરનો સંબંધ છે. જેમ ઘડાનું કારણ માટી છે, ઘરેણાનું કારણ સોનું છે. તેમ અખિલ બ્રહ્માંડનું કારણ ભગવાન છે. આ બ્રહ્માંડના ત્રણ સ્વરૂપ છે. (૧) આર્વિભાવ (૨) સ્થિતિ (૩) તિરોભાવ. ભગવાનથી જ વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ અને લય થાય છે.

આથી બ્રહ્મવાદી તત્ત્વચિંતકો-શ્રીમહાપ્રભુજી આદિ કહે છે : જગત સત્ય છે, ભગવાનનું જ આધિભૌતિક સ્વરૂપ છે, તેને મિથ્યા ન કહો. પરંતુ કેટલાક તત્ત્વવેતાઓ કહે છે, 'જગત મિથ્યા છે' આ તત્ત્વવેતાઓની નજર માયાપતિ ભગવાન પર ન રહેતાં, માયા પર રહી, જ્યારે બ્રહ્મવાદીઓની નજર

માયાપતિ ભગવાન પર છે, તેથી તેમને જગત મિથ્યા જણાતું નથી.

દૂધ ચુલા ઉપર ગરમ થતાં તેના પર મલાઈની તર બાજે છે. તેને જો કોઈ દૂધ માને તો તે મિથ્યા છે. કારણ તેણે ઉપર રહેલી મલાઈ જ જોઈ છે. તેની ભીતર રહેલાં ઉજ્જવળ, સુંદર, વહેતું દૂધ જોયું નથી. આપણી નજર જે વસ્તુના જે રૂપને ગ્રહણ કરે છે, તેવું તેનું સ્વરૂપ માનીએ છીએ. માયાવાદીઓ માયાને ગ્રહણ કરે છે, તેથી તેમને જગત માયાવી મિથ્યા લાગે છે. બ્રહ્મવાદીઓ માયાના પડદા પાછળ છૂપાયેલા ભગવાનને જૂએ છે, તેથી તેમને જગત પણ સત્ય લાગે છે.

બ્રહ્માંડ અને બ્રહ્મ-જગત અને જગદીશનો સંબંધ માટીના પાત્ર અને માટીના જેવો છે. ઘરેણાં અને સોના જેવો છે. જેમ માટીમાંથી અનેક પાત્રો બને, સોનામાંથી અનેક ઘરેણાં બને, તેમ બ્રહ્મ-ભગવાન જ અનંત રૂપોથી સમગ્ર બ્રહ્માંડમાં વિલસે છે. **'તત્સૃષ્ટ્વા તદેવ અનુપ્રાવિશદ્'** 'જૂજવે રૂપ અનંત ભાસે' છે.

આવા ભગવન્મય સત્ય સ્વરૂપ બ્રહ્માંડનું દર્શન ત્યારે થાય, જ્યારે આપણા અંતઃકરણ ઉપર છવાયેલુ અવિદ્યાનું આવરણ દૂર થાય. ભક્તિ એવી દિવ્ય શક્તિ છે, જે અંતઃકરણ ઉપર છવાયેલા અવિદ્યાના આવરણને દૂર કરી, ભગવન્મય સત્યસ્વરૂપ સમગ્ર બ્રહ્માંડનું દર્શન કરાવે છે.

આવો ભગવાન, ભક્તિ અને ભકત વચ્ચેનો સંબંધ શ્રીભાગવતજી બતાવે છે, એનું સૂચન કરવા કહ્યું, **'વિશ્વોત્પત્યાદિહેતવે'**.

(૩) શાસ્ત્રનું પ્રયોજન (હેતુ) : આવા ભગવાનને આપણે શા માટે યાદ કરીએ છીએ ? તે ભગવાન આપણું શું કલ્યાણ કરે ? તો કહે છે **'તાપત્રયવિનાશાય'** આપણે ત્રિવિધ તાપ, આધિ, વ્યાધિ અને ઉપાધિ ભરેલા જીવો છીએ. આપણામાં આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક દુઃખો રહેલા છે. વળી આપણું મન અહંકાર અને મમકારથી ભરેલું છે.

સગડી ઉપર દૂધ ગરમ થાય ત્યારે દૂધની સાથે તપેલી પણ ગરમ થઈને બળે, તેમ આપણે અનંત જન્મોની વાસનાના અગ્નિમાં બળ્યા કરીએ છીએ.

આ અનંત જન્મોની અનંત વાસનાઓ ત્રિવિધ તાપ લાવે છે. એનું શમન કેવલ શ્રીહરિ ભગવાનની ભક્તિથી જ થાય છે. એ ભક્તિની વૃદ્ધિ કરવાનું શ્રીભાગવતશાસ્ત્રનું પ્રયોજન (હેતુ) છે.

(૪) અધિકાર : આ શાસ્ત્રનો અધિકારી કોણ ? આ ભક્તિ તત્ત્વ કોને પચે ? શ્લોકના છેલ્લા ચરણમાં અધિકાર કહ્યો **'શ્રીકૃષ્ણાય વયં નુમઃ'** જેને ભગવાન શ્રીકૃષ્ણના ચરણકમલોમાં શ્રદ્ધાથી, સ્નેહથી અને દીનતાથી નમતા આવડ્યું, તે આ શાસ્ત્રનો અધિકારી છે, તેને જ આ શાસ્ત્રનું તત્ત્વ પ્રાપ્ત થાય છે અને પચે પણ છે.

ભગવાનને વંદન અહમ્‌નું સમર્પણ થયું હોય તો જલ્દી થાય. જ્યાં સુધી અહમ્ રહે ત્યાં સુધી શ્રીહરિની યાદ ન આવે, ભક્તિ ન જાગે. આપણે જ્યાં જ્યાં જઈએ, જે જે કરીએ ત્યાં ત્યાં આપણા અહમ્‌નો ભાર ઉપાડીને ફરીએ. ત્યાં સુધી શ્રીભાગવત શ્રવણ ચિંતનનો અધિકાર ન મળે.

ગો.શ્રીશરદબાવાનો લેખ (શ્રીભાગવત મહાપુરાણ ભાગ-૧)
શ્રીભાગવત મહાપુરાણનું પ્રાકટ્ય

શ્રીભાગવત મહાપુરાણનું પ્રાકટ્ય સર્વવિલક્ષણ છે. લોકહિતાર્થે વેદોનો વિભાગ અનેક પુરાણોને પ્રકટ કરવા છતાં તે બધું ત્રિવર્ણાધિકારક છે. ત્યારે સ્ત્રી, શૂદ્રો તેમજ દ્વિજબંધુ નો ઉદ્ધાર કેમ થશે તેવું વિચારીને વેદવ્યાસજીએ મહાભારત પ્રકટ કર્યું. મહાભારતના માધ્યમથી વ્યાસજીએ વેદાર્થ પ્રકટ કર્યો અને પુરાણોકત ધર્મ-અર્થ-કામ-મોક્ષ પુરુષાર્થોનું નિરૂપણ કર્યું. આટલું-આટલું કરવાં છતાં મહર્ષિ વેદવ્યાસજીના મનમાં કૃતકૃત્યતા અનુભવાતી ન હતી. આનું કારણ આચાર્યચરણ સર્વનિર્ણય નિબંધમાં જણાવે છે કે :

સર્વતત્ત્વં સર્વગૂઢં પ્રસંગાદ્ આહ પાંડવે,
શુકવત્ તદ્ વ્યાસગીતં સત્વેનાસ્યાવતારતઃ
ઈશવાકયન્તુ તસ્યાપિ દુર્બોધઃ ભજનાદૃતે'' (ત.નિ.સર્વનિ. ૫૯.૬૦.)

એટલે કે ''યુદ્ધના અવસર પર ભગવાને અર્જુનને ગૂઢમાં પણ અતિશય ગૂઢ સર્વ તત્ત્વસારભૂત ઉપદેશ આપ્યો હતો. મહાભારતમાં વ્યાસજીએ તે ઉપદેશનું યથાવત્ સંકલન પણ કર્યું હતું. પરન્તુ તે સંકલન 'શુકવત' એટલે કે પોપટીયા રટણ સમાન હતું. વ્યાસજીએ ભગવદ્ યશનું વર્ણન સરખી રીતે કર્યું ન હોવાથી ભગવદ્ગીતા તેમના માટે પણ દુર્બોધ હતી.'' વ્યાસજીની પોતાની જયારે આવી કફોડી સ્થિતિ હોય ત્યારે અન્ય સામાન્ય જીવો ઈશ્વરના વચનોને કેમ સમજી શકશે એ વિચારથી વ્યાસજી વ્યથિત હતાં. પરમ ભાગવત શ્રીનારદજીને પોતાની વ્યથા જણાવતાં તેમણે વ્યાસજીની વ્યથાનું કારણ જાણીને તેના સમાધાન રૂપે ભગવાનની મહિમાનું સમ્યક્ વર્ણન કરવાની સલાહ આપી.

ભગવત્કૃપાથી શ્રીવ્યાસજીને સમાધિભાષામાં ભગવત્સ્વરૂપ-લીલાદિનો સાક્ષાત્કાર થયો. તે સ્વાનુભાવને તેમણે શ્રીભાગવત સ્વરૂપે પ્રકટ કર્યો. આચાર્યચરણ આજ્ઞા કરે છે :

વિદ્યમાને સમુદ્ધારઃ તત્રતયાનાં સ્વયં કૃતઃ,
સ્વાભાવે તુ કથૈવ સ્યાદ્ ઈત્યનન્તર ઉકતવાન્ ।। ૮૯ ।। (પ્ર.સ્કન્ધ)

પ્રકાશઃ ભાગવતાદેવ સર્વોદ્ધારઃ અવતીર્ણઃ કૃષ્ણો યાવદ્ ભૂમંડલે સ્થિતઃ તાવદ્ રૂપેણૈવ સર્વાન્ મોચિતવાન્ તદનન્તરં ભગવતમેવ મોચકમ્ નતુ અન્યઃ ઉપાયઃ (ત.નિ.ભાગ.પ્ર.)

અર્થાત્ ''અવતરેલાં ભગવાન જ્યાં સુધી ભૂતલ પર બિરાજયા ત્યાં સુધી પોતાના સ્વરૂપબલથી જ સર્વનો ઉદ્ધાર કર્યો. ભગવાનના સ્વધામ પધાર્યા પછી તો ભાગવત જ ઉદ્ધારક છે. તે સિવાય બીજો કોઈ ઉપાય નથી.''

આચાર્યચરણના મતે ભાગવતનાં નિરૂપિત વિષય તે જ છે કે જે વેદ-ગીતાદિશાસ્ત્રોમાં નિરૂપિત છે. આ દૃષ્ટિથી વિચારતાં ભાગવતમાં કંઈ અપૂર્વતા નથી. જે તત્ત્વ વેદ-ગીતામાં સૂત્ર સ્વરૂપે છે તે અહીં ભાષ્ય સ્વરૂપે છે. જે તત્ત્વ ત્યાં ગૂઢ છે તે અહીં પ્રકટ છે.

'ભાગવત' નો અર્થ સમજાવતાં ''**ઈદં ભાગવતં નામ**'' ની સુબોધિનીમાં

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય લખે છે : **''ભગવતા પ્રોક્તં, ભગવત્પ્રતિપાદકં, ભગવત્ફલકં ચ ઈતિ''** અર્થાત્ ભાગવત એ ભગવાનની વાણી છે, ભગવાન જ તેનો પ્રતિપાદ્ય વિષય છે અને ભગવાન જ તેનું ફળ છે. તેથી જ તત્ત્વાર્થદીપનિબન્ધના ભાગવતાર્થ પ્રકરણમાં આપ લખે છે :

એતદ્ધારણમાત્રેણ કૃષ્ણોભવતિ વૈ ધૃતઃ,
અર્થતસ્તુ પરિજ્ઞાતે જ્ઞાતો ભક્તિં પ્રયચ્છતિ.

ધારણં પાઠતઃ તસ્ય ભગવદ્રૂપત્વાત્ તેન રૂપેણ ભગવાનેવ ધૃતઃ. હૃદિ સ્થિતો ભગવાન્ યત્ કાર્યં કરિષ્યતિ તદ્ અનેનાપિ કરિષ્યતિ. અર્થતઃ ચેત્ પરિતો જ્ઞાતઃ તદા ઈદમિત્થતયા જ્ઞાનં ભક્ત્યેંગમ્ ઈતિ જ્ઞાતઃ સન્ ભક્તિં પ્રયચ્છતિ.

અર્થાત્ ભાગવત ભગવદ્રૂપ છે તેથી તેના પાઠ રૂપે તેને ધારણ કરવાથી ભાગવત સ્વરૂપે ભગવાન જ ધારણ થાય છે. હૃદયમાં સ્થિત ભગવાન્ ભક્તના ચિત્તને પોતાનામાં આસક્ત બનાવીને અન્ય સ્થળેથી વિરક્ત કરી દે છે. તે જ કાર્ય ભાગવત સ્વરૂપે ધારણ કરેલાં ભગવાન્ પણ કરે છે. અને ભાગવતનો પાઠ પણ જો તેના ખરેખરા અર્થ-તાત્પર્યને જાણીને કરવામાં આવે તો તેવું જ્ઞાન ભક્તિના અંગરૂપ હોવાથી તેનાથી ભગવાનનું જ્ઞાન થાય જ છે અને તેથી ભગવાન્ ભક્તિ આપે છે.

ભાગવતના આ સ્વરૂપને પ્રકટ કરતાં સ્વયં ભાગવતમાં જ કહેવાયું છે.

શ્રીમદ્ ભાગવતં પુરાણમમલં યદ્ વૈષ્ણવાનાં પ્રિયં,
યસ્મિન્ પારમહંસ્યમેકમમલં જ્ઞાનં પરં ગીયતે ।
તત્ર જ્ઞાનવિરાગભક્તિસહિતં નૈષ્કર્મ્યમાવિષ્કૃતં,
તચ્છૃણ્વન્ વિપઠન્ વિચારણપરો ભક્ત્યા વિમુચ્યેન્ નરઃ ।।

અર્થાત્ શ્રીભાગવત પુરાણ સર્વદોષોથી રહિત અને વૈષ્ણવોને પ્રિય. આમાં પરમહંસ અવસ્થાએ પહોંચેલા સિદ્ધોના શ્રેષ્ઠ નિર્દોષ જ્ઞાનનું નિરૂપણ કરવામાં આવ્યું છે. આમાં જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિ સહિત નૈષ્કર્મ્યનું પ્રતિપાદન થયું છે. આવા આ પુરાણને સાંભળનાર, વાંચનાર તેમજ વિચારનાર ભક્તિને

પ્રાપ્ત કરીને મુકત થઈ જાય છે.

વેદકર્તા ભગવાનના સાક્ષાત્ શ્રીમુખથી ભાગવતનું પ્રાકટ્ય થયું છે તેથી અર્થગામ્ભીર્ય તેમજ પ્રામાણ્યની દૃષ્ટિમાં ભાગવતનું મહત્વ વેદની તુલનામાં કિંચિન્માત્ર પણ ન્યૂન નથી. આથી જ ગીતા-ભાગવતને સમ્પ્રદાયમાં સમાનકોટિક માનવામાં આવે છે. ભાગવત વેદતુલ્ય હોવાથી જો તેને શ્રુતિકોટિમાં મૂકવામાં આવે તે વેદ ત્રૈવર્ણિકાધિકારક હોવાથી ભાગવતધર્મ પણ ત્રિવર્ણમાત્રાધિકારક રહી જાય. આમ જો થાય તો ભગવાનની ભાગવત દ્વારા સર્વોદ્ધારની ઈચ્છા સિદ્ધ ન થાય. ભાગવતને 'વેદ' ન કહેવા પાછળ આ જ મુખ્ય કારણ છે. વસ્તુતઃ તો ભાગવત વેદ કરતાં પણ ઉત્કૃષ્ટ છે. કારણ કે વેદો તો દેશકાલદ્રવ્યાદિ સાપેક્ષ છે. અને કલિકાલમાં દેશકાલાદિ ધર્મના સાધનો શુદ્ધ રહ્યાં નથી. મલિનાચરણને કારણે લોકોનો અધિકાર વેદમાં રહ્યો નથી. વળી, વૈદિક ધર્માચરણના ઉપકારક સ્મૃતિ-પુરાણોના અર્થો પણ દૂષિત થઈ ગયા છે. આવી સ્થિતિમાં વેદો પોતાનો જ નિર્વાહ કરવા સમર્થ નથી રહ્યા ત્યારે પોતાના આશ્રિત લોકોનો નિર્વાહ કયાંથી કરી શકે ? આની સામે ભાગવતોકત ભક્તિ કાલાદિસાધનોથી નિરપેક્ષ, સર્વશ્રેષ્ઠ અને ફલ-સાધનની દૃષ્ટિમાં પણ સુગમ છે.

પ્રમાણ-પ્રમેય-સાધન-ફલરૂપ ભાગવત :

ઉપર્યુકત આચાર્યવચનોનું અવલોકન કરવામાં આવે તો **''પુષ્ટિમાર્ગે હરેર્ દાસ્યં ધર્મોઽર્થો હરિરેવ હિ, કામો હરિદિદક્ષૈવ મોક્ષઃ કૃષ્ણસ્ય ચેત્ ધ્રુવમ્''** માં જેમ આચાર્યચરણને પુષ્ટિભક્તિમાર્ગની દૃષ્ટિથી ચતુર્વિધ ધર્માર્થ-કામ-મોક્ષ પુરુષાર્થોનો સાક્ષાત્ તેમજ પરમ્પરયા સમન્વય શ્રીકૃષ્ણમાં બતાવ્યો છે તેવો જ સમન્વય પ્રમાણ-પ્રમેય-સાધન-ફલની દૃષ્ટિથી ભાગવતમાં પણ દેખાઈ આવે છે. શ્રીભાગવત પુરાણ અને ભગવાન શ્રીકૃષ્ણમાં આચાર્યચરણોની અનન્ય દૃષ્ટિ જ આનું કારણ છે. **''યાદશો ભગવાન્ ભાગવતરૂપો જાતઃ તાદશોકયં વર્ણિતઃ''** ભગવાન સ્વયં ભાગવત રૂપે પ્રકટ થયા હોવાથી આચાર્યચરણોને ભાગવતમાં ભગવાન્ સિવાય કંઈ જડતું જ નથી. આપ નિબન્ધનાં ભાગવતાર્થ પ્રકરણમાં લખે છે : **''સર્વત્ર ભાગવતે ભગવાનેવ પ્રતિપાદ્યઃ''**

ભાગવતની પ્રમાણરૂપતા :

શબ્દપ્રમાણવાદિઓ પ્રામાણ્યની દષ્ટિથી શાસ્ત્રોનું બે કોટિઓમાં વર્ગીકરણ કરે છે. શ્રુતિકોટિ અને સ્મૃતિકોટિ. શ્રુતિકોટિમાં વેદ-ઉપનિષદ્‌ની ગણના થાય છે. જ્યારે કે સ્મૃતિકોટિમાં મનુ આદિ સ્મૃતિ, પુરાણ-ઉપપુરાણ, મહાભારતાદિ ઈતિહાસ, પંચરાત્ર આદિ આગમ વગેરેની ગણના થાય છે. આ દષ્ટિથી વિચારતા ભાગવતનું પુરાણત્વેન પ્રામાણ્ય તો સર્વત્ર પ્રસિદ્ધ છે જ. પરન્તુ શ્રીઆચાર્યચરણોને જો શ્રીભાગવતના પ્રામાણ્યની બાબતમાં પૂછવામાં આવે તો શ્રીભાગવતનો સ્મૃતિકોટિમાં સમાવેશ થતો હોવા છતાં શ્રીભાગવતનું પ્રામાણ્ય આપને તેથી પણ અધિક માન્ય છે. આનું કારણ જણાવતાં આચાર્યચરણ સર્વનિર્ણયનિબન્ધમાં લખે છે : **''સર્વમુક્તિનિવૃત્ત્યર્થં વેદત્વ તસ્ય નોકતવાન્''**. સાક્ષાત્ ભગવદ્દુકત હોવાથી વ્યાસજીની દષ્ટિમાં પણ ભાગવત વેદ તુલ્ય છે. આમ છતાં ભાગવતને જો 'વેદ' કહેવામાં આવે તો વેદમાં બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્યનો જ અધિકાર હોવાથી જેમ તેની સર્વોદ્ધારકતા નથી તેમ શ્રીભાગવતની પણ સર્વોદ્ધારકતા ન રહે. આમ જો થાય તો કલિકાલના નિઃસાધન જીવોનો તેમજ વૈદિક સાધનોમાં જેમનો અધિકાર નથી તેવા સ્ત્રી-શૂદ્રોનો ઉદ્ધાર કેમ થશે ? ઈત્યાદિ વિચારથી વ્યાસજીએ ભાગવતને 'વેદ' નથી કહ્યું. અન્યથા તો ઉદ્ધારકતાના વિચારથી તો ભાગવતનું મહત્વ વેદ કરતાં પણ અધિક છે. કારણ કે વૈદિક સાધનોનો કાલાદિસાપેક્ષ છે. જ્યારે કે ભાગવતમાર્ગ તો કાલાદિનિરપેક્ષ, સુગમ તથા સર્વફલસાધક છે.

મત્સ્યપુરાણ, સ્કન્દપુરાણ, પદ્મપુરાણ આદિમાં નિરૂપિત ભાગવત માહાત્મ્ય પ્રસિદ્ધ જ છે. સ્વયં ભાગવતમાં પણ તેના પ્રામાણ્યનું નિરૂપણ થયું છે.

''નિગમકલ્પતરોર્ ગલિતં ફલમ્''
''ઈદં ભાગવતં નામ પુરાણં વેદસમ્મિતમ્''
''સર્વવેદતિહાસાનાં સારં સારં સમુદ્ધતમ્'' ઈત્યાદિ.

આચાર્યચરણોએ પણ અનેકત્ર ભાગવતની પ્રામાણ્યમૂર્ધન્યતાનું

નિરૂપણ કર્યું છે.

''ભક્ત્યંશે ફલતા પ્રમાણસુબલે વેદત્વમર્થે પુનઃ''
''શ્રીમદ્ભાગવતં સમસ્તનિગમન્યાયૈકતત્ત્વાત્કમ્''
''ગીતાસંક્ષેપતસ્ તસ્યા વકતા સ્વયમભૂદ્ હરિઃ
તદ્વિસ્તારો ભાગવતં સર્વનિર્ણયપૂર્વકમ્,
વ્યાસઃ સમાધિના સર્વમ્ આહ કૃષ્ણોકતમાદિતઃ''

ભાગવતની પ્રમેયરૂપતા :

ભાગવતની પ્રમેયરૂપતા તેની ભગવદ્રૂપતામાં છે. આચાર્યચરણ ''**યઃ સ્વાનુભાવમ્ અખિલશ્રુતિસારમ્ એકમ્ અધ્યાત્મદીપમ્**'' (ભાગ.પુરા.૧/૨/૧) ની સુબોધિનીમાં તેનું વિવરણ કરતાં લખે છે.

ભાગવતસ્ય સર્વરૂપોત્કર્ષાય ચત્વારિ વિશેષણાનિઃ પ્રમેયરૂપતાં, પ્રમાણરૂપતાં અસાધારણ્યં સાધનોત્તમરૂપતાં પ્રતિપાદયન્તિ ક્રમેણ... ભાગવતસ્ય ભગવદ્રૂપત્વાદ્ યથા ભગવતઃ સ્વસાધારણો અનુભવઃ સર્વભકતેષુ તથા ભાગવતસ્યાઽપિ તચ્ચિન્તકેષુ.

અર્થાત્ ભાગવતનો ઉત્કર્ષ અહીં ચાર વિશેષણોથી આપવામાં આવ્યો છે. '**સ્વાનુભાવમ્**' થી શ્રીભાગવતની પ્રમેયરૂપતા, '**અખિલશ્રુતિસારમ્**' તેની પ્રમાણરૂપતા, '**એકમ્**'થી તેની અસાધારણતા અને '**અધ્યાત્મદીપમ્**' થી તેની ઉત્તમ સાધનરૂપતાનું ક્રમશઃ પ્રતિપાદન કરવામાં આવ્યું છે...ભાગવત ભગવદ્રૂપ હોવાથી ભગવાનનો અસાધારણ અનુભવ જેમ બધા ભકતોને થતો હોય છે તેમ શ્રીભાગવતનું શ્રદ્ધા-ભક્તિપૂર્વક નિષ્કામ ચિન્તન કરનારાઓને ભાગવતનો પણ અસાધારણ અનુભવ થાય જ છે.

અહીં ભાગવતની પ્રમાણ-પ્રમેય-સાધનરૂપતા કંઠોકત છે. અન્યત્ર પણ ભાગવતની ભગવદ્રૂપતાનું નિરૂપણ કરતાં આચાર્યચરણ લખે છે : ''**સર્વત્ર ભાગવતે ભગવાનેવ પ્રતિપાદ્યઃ**'', ''**તસ્ય ભગવદ્રૂપત્વાત્ તેન રૂપેણ ભગવાનેવ ધૃતઃ**''

સર્વનિર્ણય નિબન્ધમાં પણ વેદમાં ગુપ્ત રીતે નિરૂપિત ધર્મ જ ભાગવત

દ્વારા ભગવાને પ્રકટ કર્યો છે તેમ આચાર્યચરણ જણાવે છે :

સર્વગોપ્યો હિ ધર્મસ્તુ વેદે મુખ્યતયોદિતઃ,
બ્રહ્મમાત્રપ્રકાશસ્તુ કૃપયા સનકાદિગઃ,
સ ઇદાનીન્તુ ગીતાયાં પ્રકટો ભગવત્કૃતઃ ,
તદ્વ્યાસત્વાદ્ ભાગવતં પૂર્વં ભગવતોદિતમ્.

અતએવ વેદના પૂર્વોત્તરકાંડમાં ભગવાનના સ્વરૂપનું જેમ ક્રિયા-જ્ઞાન રૂપે ખંડશઃ નિરૂપણ કરવામાં આવ્યું છે, તેમ ભગવાનના અખંડ અવતારી કૃષ્ણ સ્વરૂપનું શ્રીભાગવતમાં નિરૂપણ છે. તેથી **''પ્રમેયં હરિરેવૈકઃ''**

નિબન્ધના ભાગવતાર્થ પ્રકરણના આરમ્ભમાં આચાર્યચરણે આધિદૈવિક દષ્ટિથી નિરૂપણ કરતાં ભાગવતના દ્વાદશસ્કન્ધોને ભગવાનના દ્વાદશાંગોની સાથે સરખાવીને ભાગવતની ભગવદ્રુપતાનું દર્શન કરાવ્યું છે.

ભાગવતનું સાધનપણું :

ભાગવતની સાધનરૂપતા બે પ્રકારે છે :

૧. સર્વસાધારણ દષ્ટયા અને ૨. પુષ્ટિભક્તિમાર્ગ દષ્ટયા

(૧) સર્વસાધારણ દષ્ટયા :

સર્વસાધારણ દષ્ટયા ભાગવતની સાધનરૂપતાનો વિચાર કરવામાં આવે તો દેહ-ગૃહ-સ્થાનીય શ્રૌત-સ્માર્તધર્મનું ઉપકરણ પુરાણ છે. તેથી પુરાણત્વેન ભાગવતની સાધનરૂપતા છે. (જુઓ ત.નિ.સ.નિ.૪૭)

પુરાણોમાં અધિકારી ભેદથી ધર્મ, અર્થ, કામ, મોક્ષ તથા ભક્તિનું દેશાદિ અંગ સહિત કામ્ય અને નિત્ય બે પ્રકારે નિરૂપણ કરવામાં આવ્યું છે. વેદો ત્રૈવર્ણાધિકારક છે જ્યારે કે પુરાણો સર્વોપકારક છે. તેથી જ બ્રાહ્મણને અગ્રશ્રોતા બનાવીને સર્વને પુરાણોપદેશનું વિધાન છે. પૌરાણિક પુરુષાર્થોનું જ્ઞાન પ્રાપ્ત કરીને સાત્ત્વિકાદિ જીવો સ્વભાવ-રુચિ અનુસાર ધર્માદિમાં પ્રવૃત્ત થઈને શનૈઃ શનૈઃ પોતાના તામસાદિ હીન ભાવોથી મુકત થાય છે. અન્તે **''મામેવપ્રપદ્યન્તે માયામેતાં તરન્તિતે''** વચનાનુસાર ભગવત્કૃપાલભ્ય નિર્ગુણાવસ્થામાં ભગવત્સમ્બન્ધને પ્રાપ્ત કરીને આમ ક્રમિક પણે મુકત થાય છે.

(જુઓ ત.નિ.સ.નિ. ૫૧-૫૪)

પ્રત્યેક કલ્પાન્તમાં ભગવદિચ્છાથીજ મનુષ્યોના બુદ્ધિ, આયુષ્ય, સામર્થ્ય તેમજ દેશાદિ ધર્માંગોનો ક્ષય થતો હોય છે. આવામાં સૃષ્ટિસ્થ દૈવીજીવોના ઉદ્ધારાર્થ વ્યાસાવતાર દ્વારા ભગવાન્ જેમ વેદ-પુરાણોનો વિભાગ કરતા હોય છે તેમ સર્વોપકારક મહાભારત-ભાગવતાદિને પણ પ્રકટ કરતા હોય છે. કાલક્રમે જ્યારે અગ્નિહોત્રાદિ શ્રૌત તથા ગર્ભાધાનાદિ સંસ્કારાદિ સ્માર્ત ધર્મો શિથિલ થતાં જાય છે. ત્યારે પુરાણોકત ધર્મો જ એકમાત્ર આશ્રય રહી જતાં હોય છે. આથી અગતિકગત્યા પુરાણોકત ધર્મનો આશ્રય યદિ કોઈ કરે છે તો તેને પણ ક્રમિક રીતે મુક્તિ પ્રાપ્ત થાય છે.

આમાં પણ ભક્તિશાસ્ત્ર એવા ભાગવતની મુખ્યતા છે. આનું કારણ સ્પષ્ટ કરતાં શ્રીપુરુષોત્તમચરણ નિબન્ધાવરણભંગના અન્તે લખે છે :

વૈદિકે ચ કાલાદિવૈગુણ્યાત્ કુણ્ઠે તન્નિરપેક્ષા ગીતા શ્રીભાગવતયોઃ ઉકતા ભક્તિરેવ, સાધનમ્ ઈતિ જિજ્ઞાસાશાસ્ત્રાદિ-પ્રણયનોત્તરં શ્રીભાગવતકરણાદ્ અંવસીયતે

અર્થાત્ બ્રહ્મસૂત્રની રચના પછી પણ સન્તોષ ન થતાં વ્યાસજીએ ભક્તિશાસ્ત્ર ભાગવતને પ્રકટ કર્યું. એ જ એ બતાવી આપે છે કે કાલાદિના દોષવશાત્ વૈદિક સાધનો જ્યારે કુંઠિત થઈ ગયા છે ત્યારે સર્વસાધારણ માટે કાલાદિનિરપેક્ષ ગીતા-ભાગવતોકત ભક્તિ-પ્રપત્તિ જ એકમાત્ર સાધન રહે છે.

ભગવન્નિષ્ઠ ભકતો તો કાલાદિની ચિન્તા કર્યા વિના સ્વભાવથી જ ભક્તિમાં રચ્યા-પચ્યા રહેતાં હોય છે. તેથી તેવા ભકતો અગતિકગત્યા નહીં પરંતુ સ્વતન્ત્ર પુરુષાર્થરૂપ જાણીને નિત્યધર્મવદ્ ભગવદ્ ભજન કરતાં હોય છે. જે, પરંતુ, આવા ભાવવાળા નથી તેવા હીનાધિકારીઓને પણ ભાગવતનો ઉત્કર્ષ સમજમાં આવે તે રીતે આચાર્યચરણ ભાગવતાર્થનિબન્ધના અન્તમાં લખે છે : **''શ્રીભાગવતમેવાઽત્ર કેવલં ચેત્ સમાશ્રિતઃ, ગંગાવદ્ હરિવચ્ચૈવ શમ્ભુવચ્ચ ફલિષ્યતિ''.** આવા જ અધિકારીઓ માટે ભગવદ્ધર્મનો આશ્રય લેવાનો ઉપદેશ આચાર્યચરણ કાલાદિની અત્યન્ત વિષમ પરિસ્થિતિનું વર્ણન

કરતા સર્વનિર્ણય નિબંધના સાધન પ્રકરણમાં આપ આજ્ઞા કરે છે :

અથાપિ ધર્મમાર્ગેણ સ્થિત્વા કૃષ્ણં ભજેત્ સદા ।।
શ્રીભાગવતમાર્ગેણ સ કથંચિત તરિષ્યતિ ।। ૨૧૫ ।।

અર્થાત્ આમ છતાં યથાશકિત ધર્મમાર્ગ પર ચાલતાં શ્રીભાગવતમાં દર્શાવેલ પ્રકારે સદા શ્રીકૃષ્ણનું ભજન કરવામાં આવે તો કલિનો જીવ પણ જેમ-તેમ કરીને સંસારસાગરને તરી જશે.

અહીં કોઈકને શંકા થાય કે ત્રૈવર્ણિકોનો ઉદ્ધાર વૈદિકમાર્ગથી જ્યારે અન્યોનો ભાગવતમાર્ગથી એમ વ્યવસ્થિત વિકલ્પ કેમ ન માનવો. આ શંકાનું સમાધાન શ્રીભાગવત પ્રથમ સ્કન્ધમાં **''તસ્માદ્ ભારત સર્વાત્મા...''** ની સુબોધિનીમાં આચાર્યચરણે કર્યું છે. તદ્નુસાર :

> ''જેમ વૈદિકમાર્ગ ત્રિવર્ણનો ઉદ્ધારક છે તેમ બધાથી સ્વતન્ત્ર ભાગવતમાર્ગ પણ ઉદ્ધારક છે જ. અનેક ભગવદીયો ભાગવતમાર્ગથી ભગવત્પદને પ્રાપ્ત થાય છે. ધ્યાતવ્ય છે કે ત્રૈવર્ણિકો માટે વૈદિક માર્ગ અને અન્યો માટે ભાગવતમાર્ગ એવો વ્યવસ્થિત વિકલ્પ નથી. કારણ કે વૈદિકમાર્ગમાં કલેશાધિકતાનું ભગવાન્ દ્વારા કથન અને ''જે માર્ગે સ્ત્રી-શૂદ્રાદિ પણ ભગવત્પદને પામી શકે છે ત્યારે અન્યોની તો શું વાત કરવી !'' એમ કૈમુતિકન્યાયથી ભગવાને ગીતામાં કહ્યું હોવાથી પણ ઉપર્યુકત વ્યવસ્થિત વિકલ્પ નથી જ.''

(૨) પુષ્ટિભક્તિમાર્ગદૃષ્ટ્યા :

પુષ્ટિભક્તિમાર્ગદૃષ્ટ્યા ભાગવતની સાધનરૂપતાનો વિચાર કરતાં આચાર્યચરણ સ.નિ.નિ.માં લખે છે :

> ''વેદના કર્મકાંડમાં પ્રતિપાદ્ય યજ્ઞરૂપ તેમજ વેદના ઉત્તરકાંડમાં પ્રતિપાદ્ય જ્ઞાનરૂપ આમ ક્રિયા-જ્ઞાન ઉભયરૂપથી વિશિષ્ટ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ વેદોનો સાચો અર્થ છે અને તેને જ ભક્તિમાર્ગમાં ફલરૂપ માનવામાં આવે છે. આવા શ્રીકૃષ્ણની

> પ્રસન્નતા પ્રાપ્ત કરવાનું એકમાત્ર સાધન પ્રેમ-ભક્તિ છે. ભગવત્પ્રેમનું સાધન નવધાભક્તિ છે. સાક્ષાત્ ભગવાન દ્વારા કહેલ ગીતા તેનું સંક્ષેપમાં પ્રતિપાદન કરે છે. તે ગીતોક્ત ભક્તિનો જ વિસ્તાર ભાગવત છે.''

પુષ્ટિભક્તિમાર્ગીય સાધનામાં ભગવત્સેવા + ગુણગાન અને ગૃહત્યાગપૂર્વક કેવલ ભગવદ્ ગુણગાન એમ બે મુખ્ય સાધન છે. આચાર્યચરણ આજ્ઞા કરે છે :

''બાહ્યાભ્યન્તરભેદેન રૂપે ભેદદ્વયં મતમ્,
નામ્નિ ચૈકં તતસ્ ત્રેધા ભક્તિમાર્ગો નિરૂપિતઃ''

(ક) ભગવત્સેવારૂપ સાધનનું અનુષ્ઠાન તો મુખ્ય રૂપથી સેવક-સાધનાદિથી સમ્પન્ન ગૃસ્થાદિથી જ સમ્ભવ છે. અતએવ જેને અવ્યાવૃત્ત રહીને ભગવત્સેવા કરી શકવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે તે ભગવત્સેવા સિવાયના સમયમાં નિયમથી ભાગવતાદિ દ્વારા જો ભગવદ્ગુણગાન પણ કરે તો તેની સાધના સાંગોપાંગ સમજવી જોઈએ. તેથી આચાર્યચરણ આજ્ઞા કરે છે :

પઠેચ્ચ નિયમં કૃત્વા શ્રીભાગવતમાદરાત્

અનેન અલ્પબહિર્મુખતાયામપિ શ્રીભાગવતમ્ અનુસન્ધેયમ્ ઈતિ ઉપાયઃ કથિતઃ (સર્વ.નિ.૨૩૨)

''દરેક પુષ્ટિમાર્ગીએ નિયમ લઈને આદરપૂર્વક શ્રીભાગવતનો પાઠ પ્રતિદિન કરવો જોઈએ. બહિર્મુખતા ભક્તિમાર્ગમાં સૌથી મોટો દોષ છે. તેને દૂર કરવાનો શ્રેષ્ઠ ઉપાય ભાગવત છે.''

(ખ) જે, પરન્તુ, પૂર્ણપણે અવ્યાવૃત્ત ન બની શકતો હોય તેણે એક પ્રહર (ત્રણ કલાક) ભગવત્સેવા કરીને શેષ સમયમાં આજીવિકાદિનો ઉપાય કરવો જોઈએ.

(ગ) જેઓથી, પરન્તુ, **''વિક્ષેપાદથવાશક્ત્યા...''** માં જણાવેલ તેમજ તત્સદશ પ્રતિબન્ધોને કારણે સ્વગૃહમાં ભગવત્સેવાનો નિર્વાહ સર્વથા થઈ જ ન શકતો હોય તેવા - જો બીજભાવ દઢ થઈ ગયો હોય અને તેથી

ગૃહદિનો ત્યાગ કર્યા પછી પણ દુઃસંગ, અન્નદોષાદિનો તેમને કોઈ ભય રહી ન ગયો હોય તો - સિદ્ધ ભકતોએ ભક્તિવર્ધિની - સંન્યાસનિર્ણયાદિ ગ્રન્થોકત પ્રકારે તદર્થાર્થૈક માનસ થઈને દેહપાતપર્યન્ત સદા તીર્થપર્યટન કરતા રહેવું જોઈએ. જો, પરન્તુ, બીજભાવ દઢ ન હોય તો એવા ભકત્યર્થીએ ભક્તિવર્ધિન્યુકત પ્રકારે ભગવદ્ ભકતો નિવાસ કરતા હોય તેવા સ્થાનમાં સત્સંગ લાભ મેળવવા માટે વસવું જોઈએ.

(ઘ) જેનાથી એ પણ શકય ન હોય તેના માટે આચાર્યચરણ તૃતીય પક્ષરૂપે પ્રયત્ન અને આદરપૂર્વક કોઈપણ પ્રકારની લૌકિક-પારલૌકિક કામના મનમાં રાખ્યા વિના સર્વદા શ્રીભાગવતનો આશ્રય લેવાનું સૂચવે છે.

આ પ્રમાણે આચાર્યચરણે **''અથ ચિત્તં સમાધાતું ન શકનોષિ મયિ સ્થિરમ્ .. સર્વકર્મફલત્યાગં તતઃ કુરુ યતાત્મવાન્''** (ભ.ગી. ૧૨/૯/૧૧) દ્વાદશાધ્યાયમાં ભગવતોકત રીતિનું અનુસરણ કરતાં મુખ્ય-ગૌણ પ્રકારે પુષ્ટિભક્તિમાર્ગીય સાધનોનું નિરૂપણ ઉત્તમ-મધ્યમ-કનિષ્ઠ અધિકારીઓને લક્ષ્યમાં લઈને કર્યું છે.

અહીં શંકા થાય કે પુષ્ટિભક્તિમાર્ગ સર્વાધિકારક છે, અને તેની સાધનાપ્રણાલીના અન્તર્ગત ભાગવતપાઠનો ઉપદેશ આચાર્યચરણ કરી રહ્યા છે ત્યારે શાસ્ત્રીય મર્યાદા અનુસાર તો પુરાણપાઠનો અધિકાર કેવલ યજ્ઞોપવિતથી દીક્ષિત બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્ય પુરુષોને જ છે તો અદ્વિજ એવા પુષ્ટિભક્તિમાર્ગીઓએ શું કરવું ? આ શંકાના સમાધાન રૂપે ભાગવતનો પાઠ કરવામાં રાખવાની કેટલીક સાવધાનીઓની બાબતમાં શ્રીપુરુષોત્તમચરણ લખે છે :

> *''ભાગવત એ પુરાણ કોટિનું શાસ્ત્ર છે. પુરાણ હોવાથી તેનો પાઠ કરવામાં શાસ્ત્રીય મર્યાદાઓનું પાલન આવશ્યક છે. અન્યથા* ***''શ્રુતિ-સ્મૃતિ મમૈવાજ્ઞા યસ્તે ઉલ્લંઘય વર્તતે, આજ્ઞોચ્છેદી મમ દ્રોહી મદ્ભકતોઽપિ ન મે પ્રિયઃ''*** *વચનાનુસાર તેને ભગવદાજ્ઞાનો ઉલ્લંઘનનો મહાઅપરાધ લાગે છે. આથી*

જેનો પુરાણપાઠમાં અધિકાર નથી તેવા સ્ત્રી, શૂદ્ર, અનુપનીત, આદિએ ***ચતુઃશ્લોકી ભાગવત, વેદસ્તુતિ*** *જેવા બ્રહ્મજ્ઞાનનું નિરૂપણ કરનારા શ્રીભાગવતના અંશોને છોડીને તેનો પાઠ કરવો જોઈએ. વળી આચાર્યચરણે તો મહતી કૃપા કરીને શ્રીભાગવતના સારભૂત ''શ્રીપુરુષોત્તમનામસહસ્ર'' સ્તોત્રની રચના કરી છે. તેના માટે આપ સ્વમુખે આજ્ઞા કરે છે* ***''સહસ્રં યૈસ્તુ પઠિતં સ્યાચ્છુકામૃતમ્''*** *આથી, તેના પાઠને ભાગવતના પાઠ બરાબર જ સમજવો જોઈએ.*

આટલા વિકલ્પ-અનુકલ્પો આચાર્યચરણે કૃપા કરીને આપ્યા હોવાં છતાં ભગવદાજ્ઞા અને આચાર્યાજ્ઞા નો અનાદર કરીને ભાગવતના પાઠમાં અધિકાર ન હોવા છતાં જો કોઈ પોતાનો અધિકાર માની બેસે છે અને પાઠાદિ કરે તો તે ભાગવતમાં કહેલ ભગવદ્ભક્ત્યાદિ રૂપ ધર્મોનું આચરણ કરવા માટે પણ યોગ્ય નથી રહી જતાં ત્યારે ભાગવતના પાઠમાં તેઓનો અધિકાર કયાંથી હોય !'' (નિબન્ધાવરણભંગ)

જે ભક્ત્યાર્થી કે કૃષ્ણાર્થી છે તેને તો ભાગવતપાઠનો ઉપદેશ આપતી વખતે **''નિર્હેતુકમ્' 'અદમ્ભતઃ' 'સર્વહેતુવિવર્જિતમ્'** જેવા નિષેધવચનો કહેવાની આવશ્યકતા જ રહેતી નથી. અને જે લોકાર્થી કે અર્થાર્થી છે તેને ગમે તેટલા નિષેધ વચનો કહેવા છતાં કંઈ પણ ફરક પડવાનો નથી. આમ છતાં વૃત્ત્યર્થ પુરાણપાઠની લોકપ્રસિદ્ધ પરંપરાને જોઈને કે કુલપરમ્પરાથી પુરાણપાઠ દ્વારા આજીવિકા કમાનારી વ્યક્તિ પુષ્ટિભક્તિમાર્ગમાં દીક્ષિત થઈ હોય તેના હિતાર્થે, અથવા વિષમ પરિસ્થિતિવશ કે અજ્ઞાનાદિને કારણે કોઈ પુષ્ટિભક્તિમાર્ગી કયાંક આજીવિકાર્થ ભાગવત પાઠ-સપ્તાહાદિ કરવા લાગી ન જાય તે માટે આચાર્યચરણે શ્રીભાગવતજીનો આજીવિકા માટે ઉપયોગ ન કરવાની સ્પષ્ટ શબ્દોમાં આજ્ઞા કરી છે. અહીં એ ઉલ્લેખનીય છે કે જ્યારે-જ્યારે પણ ભાગવતપાઠ સમ્બન્ધિ નિરૂપણનો પ્રસંગ આવ્યો છે ત્યારે-ત્યારે ભૂલ્યા

વિના આપે તેનો આજીવિકાર્થ ઉપયોગ ન કરવાની આજ્ઞા કરી જ છે.

ભાગવતને આજીવિકા અર્થે ન કરવાની આચાર્યચરણોએ નગારાં વગાડીને ઘોષણા કરવાં છતાં જો કોઈ દ્વિતીયસ્કન્ધ સુબોધિનીના :

''એવં ધનસ્યાપિ ભગવદભકતેષુ આનત્યર્થ શ્રવણાદિસિદ્ધયર્થમ્ ઉપદેશદાનાર્થં વા દેયમ્ અપેક્ષ્યતે, સાધનરૂપશ્રવણાદિકં તાદશૈરેવ ભવતિ''

– વચનનો આશ્રય લઈને વૃત્યર્થ ભાગવતપાઠની છૂટ લેવાનું દુઃસાહસ કરતો હોય તો તેનું પણ નિરાકરણ જલભેદના **''ક્ષેત્રપ્રવિષ્ટાસ્તે ચાપિ સંસારોત્પત્તિહેતવઃ''** શ્લોકની વ્યાખ્યામાં શ્રીપુરુષોત્તમજીએ કરી રાખ્યું છે.

''એવં ધનસ્યાપિ ... ભવતિ'' ઈતિ. તત્રાપિ ધનદાતુઃ સત્ફલં પ્રતિગૃહીતસ્તુ સંસારોત્પત્તિઃ, ''ભિક્ષાશયા'' ઈતિ વાકયાત્. યદિ તુ તત્ત્વવિચારાર્થમ્ ઉદરભરણોપયોગ્યન્નમાત્રં ગૃહણાતિ તદાતુ તીર્થપર્યટિતૃવન્ ન દોષઃ ઈતિ બોધ્યમ્. એતદપિ તદા યદા પૌરાણિકાનાં પારમ્પર્યયુતત્વં ભવતિ. તદભાવે તુ વકતૃ-ત્રોઃ ઉભયોરપિ સંસારએવ''

વસ્તુતઃ તો દ્વિતીયસ્કન્ધના તૃતીયાધ્યાયના તે અંશની બાબતમાં આચાર્યચરણે ભાગવતાર્થ નિબન્ધમાં નિર્ણય આપ્યો જ છે.

''કામેન ત્વન્યભજનમ્ અસ્મિન્ કામોઽપિ સિદ્ધયતિ,
સર્વેન્દ્રિયાણાં વૈફલ્યમ્ અસેવાયાં ભવિષ્યતિ,
નિષિદ્ધાર્થત્વસામ્યેન દ્વયમેકત્ર ચોદિતમ્''

પ્રકાશ : *''આવશ્યકત્વાભાવાદ્ બાધાભાવાચ્ચ ન અન્યભજનં પ્રાપ્નોતિ, કિન્તુ કામે વિદ્યમાને તત્તદ્વિષયાધિકારિણાં ભજનં ભવતિ. તન્ મહાપ્રભોરપિ ભજને ભવતિ ઈતિ જ્ઞાપયતિ પ્રત્યુત અભજને સર્વેન્દ્રિયાણાં વૈફલ્યં ચ. અતો ભજનાવશ્યકત્વાય તૃતીયાધ્યાયઃ''*

આનું અવલોકન કરતાં માર્ગાન્તરીય રીતિનું અનુસરણ કરીને જ તે વ્યાખ્યાન કરવામાં આવ્યું છે તે સ્પષ્ટ છે. સ્વમાર્ગીય ભગવદ્ભજનમાં વકતા-શ્રોતાના અધિકારાદિનો નિર્ણય માટે તો આચાર્યચરણે જલભેદ-પંચપદ્યાનિ નામના સ્વતન્ત્ર ગ્રન્થોની રચના કરી જ છે. આ ગ્રન્થોમાં તત્રોકત પ્રકારનું

અનુમોદન તો નથી જ, તેવું કરતાં અનિષ્ટફલ જ બતાવ્યું છે. તેથી ભક્ત્યર્થી તેમજ ભગવદર્થીએ તેવું ન જ કરવું.

ભક્તિમાર્ગીના જીવનમાં ગુરુ, મોટી ઉંમરના વૈષ્ણવ, ભણેલા વૈષ્ણવ, ઘરનાં વડીલ, સંગી વૈષ્ણવ આદિ પાસે ભગવન્નામ - લીલાદિનું શ્રવણ કરવાનો અવસર અનેક વખત ઉપસ્થિત થતો જ હોય છે. તે જ પ્રમાણે અનેક વખત કોઈકની સન્મુખ ભગવન્નામ-લીલાદિનું કીર્તન કરવાનો પણ પ્રસંગ પણ આવતો જ હોય છે. નિરન્તર ભેગા મળીને ભગવન્નામાદિનું શ્રવણાદિ કરનારા ભક્તોમાં જે વક્તા હોય છે તે ક્યારેક શ્રોતા બની જતાં હોય છે. અને જે શ્રોતા હોય છે તેઓ ક્યારેક વક્તા પણ બની જતાં હોય છે. આમ શ્રોતૃ-વક્તૃભાવમાં ઉલટા-સુલટું થયા કરતું હોય છે. ભગવન્નામ-લીલાદિનાં શ્રવણ-કીર્તન કરનારા વક્તા-શ્રોતાઓએ એકબીજાની બાબતમાં તેમજ પોતાની પણ બાબતમાં અધિકારાદિનો વિચાર આવશ્યક છે. આ વિષયનું સવિસ્તાર નિરૂપણ આચાર્યચરણ વિરચિત પંચશ્લોકી, ભક્તિવર્ધિની, જલભેદ, પંચપદ્યાનિ સ.નિ.નું સાધનપ્રકરણ તથા ભાગવત સુબોધિની આદિ ગ્રન્થોમાં જોઈ શકાય છે.

ભાગવત એ ભક્તિશાસ્ત્ર હોવાની સાથોસાથ પુરાણકોટિક શાસ્ત્ર પણ છે. તેથી તેના કથન-શ્રવણની બાબતમાં જલભેદ-પંચપદ્યાનિમાં જે સર્વસાધારણદૃષ્ટ્યા ભાગવતાનુસારી ભગવન્નામાદિના શ્રવણ-કીર્તનની બાબતમાં અધિકારનો વિચાર કરવામાં આવ્યો છે તેના કરતાં વિશેષ વિચાર અપેક્ષિત હોય છે. શ્રીશુકદેવજી પણ તે બાબતમાં કહે છે :

> *''મેં શ્રીભાગવતનું અધ્યયન આગળ-પાછળનો વિચાર કર્યા વિના અબુધ બાળકની માફક નથી કર્યું. સૌ પ્રથમ તો મેં મારા અધિકારનો વિચાર કર્યો કે મારે ભાગવતનું અધ્યયન કરવું કે ન કરવું. ત્યારે મનમાં વિચાર આવ્યો કે શ્રુતિ તો બધા અધ્યયનનું ફલ આત્મલાભ કહે છે કે જે તો મને ગુણાતીતાવસ્થારૂપે સિદ્ધ જ છે. આમ છતાં મને ભાગવતમાં*

> *રસ જાગ્યો. તેનું અધ્યયન કરતાં મને તેની અપ્રાકૃતતા સમજાઈ. તેથી બ્રહ્મમાં લીન થયેલો જેમ સમાધિ સાધવા બેસતો નથી તેમ મેં પણ ભગવદ્રસની ઉત્તમતા જાણીને ભગવદ્‌ગુણોથી આકર્ષાઈને ભાગવતનું અધ્યયન કર્યું... ભગવાન્ જ્યારે લીલારૂપે પ્રકટ થાય છે ત્યારે તેમની પ્રકટ લીલામાં જે રસ હોય તે જ રસ બ્રહ્મમાં પણ છે. પરન્તુ બ્રહ્મમાં તે અપ્રકટ હોય છે એવું વિચારીને અપ્રકટ રસની આશાએ બેસી રહેવા કરતાં હાથવગા રસનું પાન શા માટે ન કરવું, આવા વિચારથી લીલામાં મારૂં ચિત્ત લાગ્યું એટલે મેં ભાગવતનું અધ્યયન કર્યું.’’*

અતએવ આચાર્યચરણ પણ આજ્ઞા કરે છે, ‘‘**અધિકારમ્ અભિપ્રાયં જ્ઞાત્વા ભકતમુખેન હિ**’’ ભાગવતનું શ્રવણ વકતાનો અધિકાર જાણ્યા પછી જ કરવું જોઈએ. વકતા ભગવદ્‌ભકત હોવો જોઈએ. ભાગવતના તાત્પર્યનું જ્ઞાન થાય તે રીતે શ્રવણ કરવું જોઈએ. શ્રોતા વૈરાગ્યવાળો હોવો જોઈએ.

ભાગવતાર્થ નિબન્ધમાં પણ આચાર્યચરણ આજ્ઞા કરે છે :

> *‘‘ભાગવતી ચર્ચા જેમ-તેમ જ્યાં-ત્યાં કરવી ન જોઈએ. તીર્થવાસનિરત શુદ્ધભાવવાળા શ્રોતાઓ **‘‘તદ્વિદ્ધિપ્રણિપાતેન પરિપ્રશ્નેન સેવયા’’ ‘‘નાપૃષ્ટઃ કસ્યચિદ્ બ્રૂયાત્’’** વચનાનુસાર જિજ્ઞાસા-પ્રાર્થના કરે ત્યારે ભાગવતનો ઉપદેશ કરવો જોઈએ. શ્રોતાની પ્રાર્થના પણ યદિ શુદ્ધ ભાવે ન હોય તો **‘‘ન ચાન્યાયેન પૃચ્છતઃ, જાનન્નપિ હિ મેધાવી જડવલ્લોક આચરેત્’’** ન્યાયે વકતાએ તેની સામે પોતાના જ્ઞાનનું પ્રદર્શન ન કરતાં ચુપ રહેવું જોઈએ. કારણ કે જિજ્ઞાસા વિના આપેલું જ્ઞાન ફલિત થતું નથી.’’*

ભાગવત એ ભક્તિશાસ્ત્ર છે, ભગવચ્છાસ્ત્ર છે. તેથી તેનો પાઠ, અધ્યયન આદિ ભક્તિની દઢતા માટે, ભક્તિની વૃદ્ધિ માટે કે ભગવત્પ્રીત્યર્થ જ થવો જોઈએ. આ દષ્ટિથી જોતાં તેમજ **ભાગવતના પાઠાદિ લૌકિક કે પારલૌકિક હેતુથી ન કરવાની મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યની નિષેધ આજ્ઞાનો વિચાર કરતાં સ્વજનના મૃત્યુ પાછળ તેમના ઉદ્ધારાર્થે બેસાડવામાં આવતી ભાગવત સપ્તાહ સદન્તર સિદ્ધાન્તવિરુદ્ધ સિદ્ધ થાય છે.** આવું કરનાર સમ્પ્રદાયના સિદ્ધાન્તમાં પોતાની અશ્રદ્ધા પ્રકટ કરે છે. તેને ગુરુઆજ્ઞાના ઉલ્લંઘનનું પાપ લાગે છે. ભગવદ્‌ભજન સકામ ભાવે કરવાને કારણે તેનો પુષ્ટિભક્તિમાર્ગ પરથી અધ:પાત થાય છે.

મોટાભાગનો અનુયાયી વર્ગ તો અજ્ઞાનાન્ધ હોવાથી સર્વત્ર ગતાનુગતિક જ હોય છે. સમ્પ્રદાયનું, પરન્તુ, એ ઘોર દુર્ભાગ્ય છે કે મૃતકોદ્ધારાર્થ બેસાડવામાં આવતી ભાગવતસપ્તાહની સિદ્ધાન્ત વિપરીત દુષ્ટપરમ્પરાનું પોષણ ખુદ શ્રીવલ્લભાચાર્યના વંશજો દ્વારા થતું આવ્યું છે.

ભાગવતની ફલરૂપતા :

આટલા નિરૂપણ પછી ભાગવતની ફલરૂપતામાં કદાચ જ સન્દેહ બાકી રહી શકે છે. ભાગવતની ફલરૂપતા તેની ભક્તિપ્રાપકતામાં રહેલી છે. આચાર્યચરણ સુબોધિનીના મંગલાચરણમાં લખે છે, **''ભકત્યંશે ફલતા પ્રમાણસુબલે વેદત્વમર્થે પુન:''**, **''ભાગવતસ્ય ફલં સાક્ષાદ્ ભગવત્પ્રવેશ:, સર્વસન્દેહરાહિત્યં, ભગવત્કૃપા, સર્વત્ર નિર્ભયત્વં, પરમપ્રેમ ચ''** (ભા.નિ.)

સાધનામાં નિરૂપધિભાવ :

પુષ્ટિભક્તિ તેમજ પુષ્ટિપ્રપત્તિ માર્ગીય સાધનાના ઉપરોકત કોઈપણ પ્રકારોની બાબતમાં એક વાત બહુ સ્પષ્ટપણે સમજી લેવી જોઈએ કે, મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યના મતે, પુષ્ટિભક્તિમાર્ગના અનુયાયી દ્વારા પ્રારમ્ભિક અવસ્થામાં કરાતી શરણાગતિ, ભગવત્સેવા કે ગુણગાનમાં કદાચ સ્નેહ ન હોય અને કેવળ આદરપૂર્વકની રૂચિ હોય તો પણ, તેથી પણ આગળ વધીને આચાર્યચરણોની આજ્ઞાના પાલન માત્રની ભાવના હોય તો પણ તેને

પુષ્ટિભક્તિ સમ્પ્રદાયની સાધના તરીકે માન્ય કરી શકાય છે. પરન્તુ કોઈપણ સ્થિતિમાં, પ્રભુભક્તિના બદલામાં ધર્માર્થ-કામ-મોક્ષાદિ સમ્બન્ધિ ફલપ્રાપ્તિની કામનાઓજ તેમજ ક્રોધ-લોભ-મોહ-મદ-માત્સર્ય આદિ મનોવિકારોથી જો પ્રભુસેવા-ગુણગાન કે શરણાગતિ વગેરે કરવામાં આવતા હોય તો તેવા કોઈપણ પ્રકારોને પુષ્ટિભક્તિ સમ્પ્રદાયની સાધના તરીકે, અત્યન્ત પ્રારમ્ભિક અવસ્થામાં પણ, માન્ય કરી શકાતા નથી. તેથી જ આવા મનોવિકારોને જો કોઈ પુષ્ટિમાર્ગીય છોડી શકતો ન હોય તે તેણે સમજી લેવું જોઈએ કે સામાજિક કે સામ્પ્રદાયિક દષ્ટિએ ભલે તેને કોઈ પુષ્ટિમાર્ગીય સમજતું હોય કે તે પોતાની જાતને પુષ્ટિમાર્ગી તરીકે ઓળખાવતો હોય પરન્તુ પુષ્ટિપ્રભુ તેમજ શ્રીમહાપ્રભુજીની દષ્ટિમાં તો તે ક્યારનોય પુષ્ટિમાર્ગથી બહાર ફેંકાઈ ચુકયો છે. આ સ્થિતિમાં **''સર્વથા ચેદ્ હરિકૃપા ન ભવિષ્યતિ તસ્ય હિ, તસ્ય સર્વમ્ અશકયં સ્યાત્ માર્ગેડસ્મિન્ સુતરામપિ''** તેમજ **''ભકત્યભાવે તુ તીરસ્થો યથા દુષ્ટૈઃ સ્વકર્મભિઃ, અન્યથાભાવમાપન્નઃ તસ્માત્ સ્થાનાચ્ચ નશ્યતિ''** ન્યાયે માર્ગીય સિદ્ધાન્તથી વિરૂદ્ધ આચરણ કરવાના ઘોર પાપથી બચવા માટે તેની પાસે પુષ્ટિભક્તિમાર્ગનો પરિત્યાગ જ એક ઉપાય છે. આ વાત જેટલી પુષ્ટિમાર્ગી શિષ્ય તથા શાસ્ત્રીને લાગુ પડે છે તેટલી જ શ્રીવલ્લભના વંશજ સ્વયં ગુરુને પણ લાગુ પડે જ છે.

વર્તમાન સમયમાં નિર્ગુણ પુષ્ટિભક્તિ સમ્પ્રદાયમાં દીક્ષિત હોય તેવા પણ અધિકાંશ લોકોમાં (ગુરુઓમાં પણ !!!) નિરૂપાધિક શરણાગતિ તેમજ ભકિતના શુદ્ધ પુષ્ટિભાવને હૃદયમાં દઢ કરીને સામ્પ્રદાયિક સાધનાને અનુસરવાની મનોવૃત્તિને ઠેકાણે, તેનાથી સદંતર વિરુદ્ધ, સાંસારિક ક્ષુદ્ર કામનાઓની પૂર્તિની કામનાથી પ્રભુની શરણાગતિ-ભક્તિ કરાતી જોવા મળે છે. આને આરૂઢપાતિત્યનું શ્રેષ્ઠતમ દષ્ટાન્ત કહી શકાય. પાછા કદિ ઉભા જ ન થઈ શકાય તેવી સરખી રીતે નીચે પટકાવું હોય તો ઊંચામાં ઊંચુ ચઢીને પછી જ કેમ ન પડવું !

આ જ દુર્મનોવૃત્તિનું એ પરિણામ છે કે શાસ્ત્રોનો સાર નિષ્કામ ભાવે

ભગવત્પ્રીત્યર્થ કોઈપણ કાર્ય કરવામાં તેમજ **''સકામત્વં ડિમ્બનમ્''** સકામ અનુષ્ઠાનની નિન્દામાં હોવા છતાં ઉત્તમોત્તમ પદાર્થો ઉપલબ્ધ હોવા છતાં સૂવરને ઉકરડામાં જ સાર જણાતો હોય છે તેમ સાંસારિક મનોવૃત્તિવાળા લોકો શાસ્ત્ર નિન્દિત તેમજ નિષિદ્ધ ઉપાયોમાં જ રુચિવાળા થતાં હોય છે.

વર્તમાન સમયમાં લાલચુ ગુરુઓની પોતાના (શ્રીમહાપ્રભુજીના નહીં) ચેલાઓ વધારવાની ઘેલછાને લીધે તથા કિરીટભાઈ જેવા લેભાગુઓ કયાંક પોતાના ચેલાઓ (ઘરાકો) ને મૂંડી ન જાય તેવી દહેશતને કારણે શ્રીમહાપ્રભુપદિષ્ટ પુષ્ટિભક્તિના ભાવને અંશતઃ પણ હૃદયમાં ધારણ ન કરી શકે તેવા સંસારાસકત લોકોને-સરકારી નિશાળની પ્રવેશ પ્રક્રિયાને પણ સારી કહેવડાવે તેવી બેદરકારીથી - સમ્પ્રદાયમાં ઘુસાડવામાં આવી રહ્યા છે. પુષ્ટિમાર્ગ, પરન્તુ, તેવા પ્રવાહી-ચર્ષણી લોકોના અસલ સ્વભાવથી સદંતર વિપરીત સ્વભાવવાળો હોવાને કારણે તેવો શુદ્ધ સમ્પ્રદાય એમને કોઈપણ રીતે માફક ન આવતાં તે ઘુસણખોરો પોતાનું પોત પ્રકાશતાં સામ્પ્રદાયિક નિર્ગુણ નિરૂપધિ નિષ્કામ અલૌકિક ભક્તિ-શરણાગતિની સાધનાના પ્રકારોને પણ પોતાની હીન મનોવૃત્તિઓ પોષાય તેવી વિકૃત રીતે અનુસરતા હોય છે. આટલાથી પણ પોતાની હીન મનોવૃત્તિઓ ન પોષાતાં પોતાની આપરાધિક માનસિકતાનો પરિચય આપતાં સમ્પ્રદાયના નામે તેઓ અનેક નવીન પાખંડપૂર્ણ પ્રકારો પણ ઉપજાવી કાઢતા હોય છે. ગમ્ભીરતાથી વિચારવામાં આવે તો સમ્પ્રદાયમાં પ્રવર્તમાન મોટા ભાગની વિકૃતિઓ આવા જ અધમ ઘૂસણખોરોની ઉપજ છે.

પ્રસંગવશ સમ્પ્રદાયના નામે ઉપજાવી કાઢેલા આવા પાખંડપૂર્ણ કેટલાક પ્રકારોની સૂચિ તેનાથી બચવા માટે શુદ્ધતાના આગ્રહીઓની જાણકારી માટે તેમજ નિત્યપાઠ માટે નીચે આપેલ છે.

:: સમ્પ્રદાયમાં પ્રચલિત વિકૃતિઓ ::

કેવળ માત્ર પુષ્ટિજીવો માટે પ્રવર્તિત થયેલ પુષ્ટિભક્તિમાર્ગનો વિશ્વધર્મ તરીકે દુષ્પ્રચાર - સિદ્ધાન્તરહસ્ય

ગ્રન્થોકત અસમર્પિત ત્યાગપૂર્વક સર્વસમર્પણાત્મક સ્વગૃહમાં પ્રભુસેવાને ઠેકાણે મિશ્રી, નાગરી, અનસખડી વગેરે ભોગ આધારિત પ્રભુસેવાના પ્રકારો --- સર્વાત્મભાવને ઠેકાણે કેવળ ગુરુભાવથી શ્રીકૃષ્ણ સ્વરૂપની સેવા કરવાનો પાખંડપૂર્ણ ઉપદેશ --- શ્રીમહાપ્રભુજીના નિધિ, શ્રીગુસાંઈજીના નિધિ, સાત પુત્રોના નિધિ, ગો.બા.ના સેવ્ય, વૈષ્ણવના સેવ્ય, શ્યામ-ગૌર-ઠાડા-બિરાજેલા-ચિત્ર-વસ્ત્રાદિ સ્વરૂપો વગેરેના આધારે ભગવત્સ્વરૂપોમાં ઊંચ-નીચપણાનો દુર્ભાવ---વૈષ્ણવોને ત્યાં બિરાજતા ઠાકોરજીની આરતી ન થાય, છપ્પન ભોગ ન થાય, આ ન થાય તે ન થાય જેવા ડીંડક --- સેવ્ય ભગવત્સ્વરૂપની સાથે ગુરુના ચિત્ર આદિની સેવા --- શ્રીગુસાંઈજીની આજ્ઞાનુસાર પંચામૃતસ્નાનાદિ પૂર્વક ઓછામાં ઓછા એક સમયની સેવા કરીને ભગવત્સ્વરૂપને પુષ્ટ કરવાને ઠેકાણે માત્ર ચરણસ્પર્શ કરીને પુષ્ટ કરી આપવાનું ઘોર પાખંડ --- સ્વગૃહમાં એકાન્તપણે ભક્તિભાવપૂર્વક પ્રભુસેવાના પ્રકારને ઠેકાણે હવેલી-મન્દિરો વગેરે સ્થળે સાર્વજનિક રીતે ધંધાદારી ધોરણે પ્રભુસેવા, મનોરથોનું પાખંડ --- પોતાના સેવ્યસ્વરૂપની સેવાની જવાબદારી જાણે કે ગામલોકોની ન હોય તેમ ગુરુઓ દ્વારા દુનિયાભરમાં પોતાના સેવ્યસ્વરૂપની સેવા, મનોરથોના નામે ભીખ માગવાની આત્મસંમાનરહિત પાપપૂર્ણ નારકી પરમ્પરા --- મૃતકની અવગતિ ન થાય તેવા વિચારે માળાપહેરામણી --- મૃતકને વૈકુંઠ મળે તે માટે માળાપહેરામણી --- ફંડફાળા માટે કીર્તન, ઢાઢીલીલાનું આયોજન --- શ્રીયમુનાજીના લોટી ઉત્સવો --- શ્રીયમુનાજીની લોટી આદીનું હરરાજીનું ઘોર પાપ --- શ્રીયમુનાજીના લોટીજીની સેવા --- શ્રીયમુનાજીના ચુંદડી મનોરથો --- યમુના યાગ ---

ગ્રહબાધાના નિવારણ માટે મન્ત્રાનુષ્ઠાન --- શ્રીગિરિરાજજી, શ્રીયમુનાજી વગેરેની બાધા, માનતા --- વિશ્વશાન્તિ વગેરે લૌકિક હેતુથી અષ્ટાક્ષર, નવરત્ન વગેરેના જપ --- લેનાર આપનારની પાત્રતાના વિચાર વિના સામ્પ્રદાયિક દીક્ષાઓની આપ-લે --- વિવાહિત તેમજ અવિવાહિત બેટીજી, મુખિયાજી, વ્રજવાસી, કથાકારોનું સામ્પ્રદાયિક દીક્ષા આપવું --- પાલન-પોષણ ન જ કરીને હજારોની સંખ્યામાં માત્ર ઈંડા જણવાનું કામ કરતી બેજવાબદાર રાણી મધમાખીની માફક ગોસ્વામી ગુરુઓ દ્વારા શિષ્યોને ઉપદેશ ન આપીને કેવલ દીક્ષા આપી દઈને તેઓને ભાગ્ય ભરોસે છોડી દેવાનું તરકટ -- ધંધાકીય ધોરણે વ્રજયાત્રા-બેઠકયાત્રાનું આયોજન --- ઐતિહાસિક તેમજ ભૌગોલિક તથ્યોને પૂર્ણપણે અવગણીને શ્રીમહાપ્રભુજી આદિ આચાર્યોની કાલ્પનિક બેઠકો ઉભી કરવી. દા.ત. ચમ્પારણ્યની બેઠક --- ''એકના બે'' કરવાની ગણતરીએ શ્રીમહાપ્રભુજીની બેઠકજીમાં શ્રીગુસાંઈજીના પણ ગાદીજી પધરાવીને બે-બે સ્થળે ધોતી-ઉપરણા, બે-બે સ્થળે ભેટ, બે-બે ઝારીજીની ન્યોછાવર વસૂલવાનો ધંધો --- શ્રીમહાપ્રભુજીની સેવાના નામે ભાવિક પુષ્ટિમાર્ગીઓને ધૂતવા માટે વરસે વરસ મોટી રકમની હરાજી બોલાવીને બેઠકજીઓનો કોન્ટ્રાકટ (ઈજારો-ઠેકો) આપવો (બાપનોય ધંધો !!!) --- શ્રીનાથજીના ધ્વજાજીનો ધંધો --- શ્રીકૃષ્ણ ભક્તિ કરવાની શ્રીમહાપ્રભુજીની આજ્ઞાથી વિપરીત શ્રીકૃષ્ણને ઠેકાણે શ્રીમહાપ્રભુજીની સેવા-ભક્તિના પ્રચારનું ધતિંગ = વલ્લભપંથ, યમુનાપંથ, અલૌકિક ભગવલ્લીલા તેમજ ભાવ-ભાવના ના દૃષ્ટાન્તો દ્વારા નિર્દોષ શ્રદ્ધાળુઓને ભોળવીને ભક્તિભાવના ઓઠા હેઠળ લુકાઈ-છુપાઈને ઐન્દ્રિક સાંસારીક કામનાઓ

સંતોષવી---ભાખરી, ટાઈલ્સ, વગેરે સ્થળે ભગવત્સ્વરૂપોના પ્રાકટયનું તૂત --- જ્યાં ત્યાં શ્રીગિરિરાજજીના પ્રાકટયનું તરકટ --- ભેજથી ભીત ભીની થતાં શ્રીયમુનાજીના પ્રાકટયના પ્રચારનું ધતિંગ --- ઉંદરડાના પગલાની છાપને લાલાના પગલા તરીકે પ્રચારિત કરીને શ્રદ્ધાળુઓને ધુતવાનું ધતિંગ. --- માથામાં તેલ ઘસીને લીલાના દર્શન કરાવવાં --- મૂળમાં કૃષ્ણભક્તિના ભાવાવેશ વશ કૃષ્ણલીલાના અનુકરણ રૂપે મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય તથા શ્રીરૂપગોસ્વામી વગેરે ચૈતન્યભકતો દ્વારા થયેલ નિર્હેતુક લીલાભિનય (રાસલીલા) નું વર્તમાન સમયમાં ધંધાકીય ભવાઈ-નૌટંકીના રૂપમાં થયેલું ઘોર અધ:પતન --- પુરુષત્વના ઠેકાણા ન હોય ત્યાં પોતાને સાક્ષાત્ પ્રકટ પૂર્ણપુરુષોત્તમ શ્રીકૃષ્ણ તરીકે ગુરુઓ દ્વારા (મોટે ભાગે ખાનગીમાં) પ્રચારિત કરવા --- ભગવાન કૃષ્ણની અલૌકિક દાનલીલાના નામે ભાવિક ભકતોના ખિસ્સા ખંખેરવા માટે દાનના દિવસોમાં ગુરુઓનું ભાવિક ભકતો પાસેથી રૂપિયાનું દાન લેવું --- મૂળમાં તો ભગવત્સેવા કરવામાં શ્રદ્ધા ન હોવાને કારણે પરન્તુ લોકોની સામે શ્રીહરિરાય મહાપ્રભુનો વિપ્રયોગ પરમફલવાદનું બહાનું ધરીને પ્રભુસેવા ન કરવી --- બધા ગુરુઓ (આજના હળહળતા કળજુગમાં પણ અને તેમાંય ટીવીમાં બિભત્સ મુવિ જોતી વખતે પણ) સદા-સર્વદા કૃષ્ણપરાયણ જ હોતા હોવાથી તેઓને ભગવત્સમરણ કરાવવાની જરૂરિયાત નથી હોતી એવું હાસ્યાસ્પદ કારણ બતાવીને શિષ્યોએ ગુરુઓને ‘‘જયશ્રીકૃષ્ણ’’ ભગવત્સમરણ ન કરવા જોઈએ. એવો પાખંડપૂર્ણ દુષ્પ્રચાર --- આદિવાસીઓનું મુસ્લિમ, ઈસાઈ ધર્મોમાં ધર્માન્તરણ રોકવા તેઓને પુષ્ટિમાર્ગમાં દીક્ષિત કરવા --- ભગવાને આપેલી હાડ-ચામડાની પીઠ જાણે

આછી પડતી હોય તેમ પોતાના નામની આગળ-પાછળ વચ્ચે અનેક પ્રકારની અર્થહીન પીઠોનું બિરુદ લગાડવાનો દંભ વગેરે વગેરે...

સમ્પ્રદાયમાં આજની તારીખમાં પ્રચલિત મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યના સિદ્ધાન્તોથી સદન્તર વિપરીત ઉપરોકત પ્રકારોની સૂચિને જોતાં સ્પષ્ટપણે જણાઈ આવે છે કે શુદ્ધ સમ્પ્રદાયને ધરમૂળથી ઉખાડી ફેંકવાના સુવિચારીત કાવતરા રૂપે આપરાધિક પાપી મનોવૃત્તિવાળા શિષ્યો, ટ્રસ્ટીઓ, શાસ્ત્રીઓ, મુખિયાઓ તેમજ શ્રીવલ્લભવંશજો એ સમ્પ્રદાયના લગભગ પ્રત્યેક પાસાઓમાં કેન્સર રોગ જેવો સડો ઘુસાડયો છે.

મૂળ વિષય પર આવીએ તો આવા સડાનો શિકાર બનાવવામાં ભગવત્સ્વરૂપ શ્રીભાગવત પણ બાકાત નથી રાખ્યું. મહાપ્રભુની આજ્ઞા તેમજ ભાવનાની ક્રૂર મશ્કરી કરનારી ભાગવત સંબંધી નીચે મુજબની કેટલીક પાપપૂર્ણ પ્રણાલીઓ સમ્પ્રદાયમાં વ્યાપકરૂપે જોવા મળે છે :

ભાગવત સંબંધી વિકૃતિઓ

માયાવાદી શ્રીશંકરાચાર્ય મતાનુસારી શ્રીધરાચાર્ય વિરચિત ભાગવતટીકા ''ભાવાર્થ દીપિકા'' ના વ્રજભાષાના અનુવાદને શ્રીમહાપ્રભુજીના નામે છાપીને અબુધ પુષ્ટિમાર્ગીઓને ગેરમાર્ગે દોરવાનું ભયંકર ષડયન્ત્ર --- મૃતકના ઉદ્ધારાર્થે ભાગવતકથા --- ફંડફાળા માટે ભાગવતકથા --- દાન-દક્ષિણા લઈને આજીવિકા અર્થે કરાતી ભાગવત્કથા --- વકતા-શ્રોતાના શાસ્ત્રીય (દ્વિજપણું) તેમજ સામ્પ્રદાયિક (જલભેદ-પંચપદ્યાનિ ગ્રન્થોકત) અધિકારનો વિચાર કર્યા વિના ગમે તેની સામે ગમે તે વકતા દ્વારા ભગવત્કથા કરવાની કુરીતિ...

એકતરફ અતિ ઉચ્ચ નિરુપધિભાવ અને બીજી તરફ વર્તમાનમાં અત્યન્ત અધમ કક્ષા પર ઉતરી પડેલી સામ્પ્રદાયિક સાધનાપ્રણાલી - આ બે ધ્રુવો તરફ નજર નાંખતા પુષ્ટિભક્તિમાર્ગની દષ્ટિમાં શ્રીભાગવતની સાધનરૂપતાનો વિચાર અત્યન્ત સાવધાની માગી લે તેવો છે.

સંકલન ઉપકારક ગ્રન્થો

(૧) **શ્રીમદ્ભાગવત રસાસ્વાદ, ભાગ-૧** (લે. પ્ર. શ્રીનવનિતપ્રિય શાસ્ત્રીજી, નડીયાદ.) પાના નં. ૭,૮, ૧૩ થી ૧૫, ૨૭ થી ૨૯, ૪૧ થી ૪૨.

(૨) **પુષ્ટિ પુલિન** (લે.પ્ર.શ્રીનવનિતપ્રિય શાસ્ત્રીજી, નડીયાદ), પાના નં. ૩૬ થી ૪૦ તથા ૯૪ થી ૧૧૪.

(૩) **શ્રીભાગવતામૃત ગ્રંથ-૧** (પ્ર. શ્રીહરસાનીજી પબ્લિક ચેરિ.ટ્રસ્ટ, મહેસાણા) પાના નં. ૧૭ થી ૨૫, ૪૦ થી ૪૩, ૪૭ થી ૫૩, ૫૫ થી ૫૭.

(૪) **શ્રીમદ્ ભાગવત મહાપુરાણ ભાગ-૧** (પ્ર.શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી-કચ્છ) પાના નં. ૧૭ થી ૨૪.

(૫) **સાધના પ્રણાલી** (પ્ર.શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી-કચ્છ) પાના નં. ૫૨૪ થી ૫૩૯.

(૬) **શ્રીસર્વોત્તમ સ્તોત્ર** (પ્ર.શ્રીગિરિધર પ્રકાશન, વારાણસી-કાશી) પાના નં. ૬૬ થી ૭૦.

(૭) **શ્રીવલ્લભાષ્ટકમ્ એવં શ્રીસ્ફુરતકૃષ્ણપ્રેમામૃતમ્** (પ્ર.શ્રીગિરિધર પ્રકાશન, વારાણસી કાશી) પાના નં. ૮૭ થી ૮૮, ૧૧૨ થી ૧૧૪.

વિશેષ નોંધ :-

આ ગ્રંથનું સંકલન ઉપરના ગ્રંથોમાંથી કરવામાં આવ્યું છે. તેથી જ્યાં ક્યાંય પણ જે કોઈને પણ સંશય, પ્રશ્ન કે વિવાદ હોય તો તે તે ગ્રંથમાં જોઈને જ સમાધાન મેળવી લેવું. વિશેષ તસ્દી લેવી નહીં તેવી પ્રકાશકની વિનંતી.

★★★